


પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પં. શ્રી કીર્તિવિજયજી મ. શ્રીની શુભ નિશ્રામાં મુંબઈ–ભાયખાલા ખાતે ભવ્યરીતે ઉજવાયેલ શ્રી અષ્ટાપદજીની પૂજાના મહોત્સવ પ્રસંગે થયેલ રંગોલીનું અનુપમ ને આકર્ષક દૃશ્ય.

વર્ષ : ૧૯
અંક : ૧૧
જાન્યુઆરી ૧૯૬૩
પોષ ૨૦૧૯
વી. સંવત ૨૪૮૯

વાર્ષિક લવાજમ રૂા. ૫–૫૦

# કલ્યાણ

માનદ સંપાદક
કીરચંદ જે. શેઠ

સમસ્ત જૈનસમાજનું બહોળો ફેલાવો ધરાવતું એક માત્ર જીવનોપયોગી માસિક

# વિષય દર્શન


| ક્રમ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૮૦૭ |
| ક્યારે સમજાશે ? : | શ્રી મો. ચુ. ધામી | ૮૦૯ |
| બાલ જગત : | શ્રી નવિન | ૮૧૧ |
| સહુ ચાલો કરીએ વંદન : | શ્રી પન્નાલાલ મશાલીયા | ૮૧૪ |
| આરોગ્ય અને ઉપચાર : | વૈદ્ય શ્રી કાંતિલાલ દેવચંદ શાહ | ૮૧૫ |
| પ્રશ્નોત્તર કર્ણિકા : | શ્રી ધર્મરુચિ | ૮૨૧ |
| માનવતાનાં વહેતાં ઝરણાં : | શ્રી રાજેશ | ૮૨૩ |
| ઉન્નતિનો શ્રેષ્ઠ માર્ગ ગુણાનુરાગ : | શ્રી કેશવલાલ મો. શાહ | ૮૨૬ |
| શ્રી હાજરા હજુર દેવ : | શ્રી રમણલાલ ભોગીલાલ પારેખ | ૮૨૯ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૮૩૧ |
| ધર્મસારથિ શ્રી વીર વિભુ : | પૂ. પં. શ્રી રંજનવિજયજી ગ. | ૮૩૮ |
| ભવસાગરને શી રીતે તરાય ? : | પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી મ. | ૮૪૦ |
| સાભાર સ્વીકાર : | શ્રી અભ્યાસી | ૮૪૩ |
| તવારીખની તેજછાયા : | શ્રી સુમંગલ | ૮૪૬ |
| મંત્ર પ્રભાવ : | શ્રી મો. ચુ. ધામી | ૮૪૭ |
| જ્યારે ભારત ચીનના આક્રમણથી ઘેરાઈ રહ્યું છે : | પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૮૫૨ |
| મહાભાગ્યશાલી મૃગાપુત્ર મહાત્મા : | પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગ. | ૮૫૫ |
| આયુર્વેદ દૃષ્ટિયે માંસાહાર મીમાંસા : | વૈદ્યરાજ શ્રી માહેશ્વર નંદલાલ | ૮૫૮ |
| ખુલ્લી વાત : | શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા | ૮૬૧ |
| દેશ અને દુનિયા : | શ્રી સંજય | ૮૬૩ |
| શંકા સમાધાન : | પૂ. પં. શ્રી ચરણવિજયજી ગ. | ૮૬૮ |
| સમાચાર સાર : | સંકલિત | ૮૭૦ |


## આ ધ્યાનપૂર્વક વાંચો !

# પાલીતાણા ખાતે

## નવું સીરનામું નોંધી લો.

⊙

પાલીતાણા ખાતે પહેલાં 'કલ્યાણ' માસિકનું કાર્યાલય હતું, પણ તેના વિશેષ વિકાસ તથા વ્યવસ્થિત વહિવટ ને વ્યવસ્થાની દૃષ્ટિયે તેનું કાર્યાલય વઢવાણ શહેરમાં રાખેલ છે. છતાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિવરની યાત્રાયે જનાર સર્વ કોઇ શુભેચ્છકો 'કલ્યાણ' માસિક અંગેનો સંપર્ક રાખી શકે, તેમજ 'કલ્યાણ' ના ગ્રાહકો અને સભ્યો 'કલ્યાણ' નું લવાજમ ભરી શકે, અને 'કલ્યાણ' ના વિકાસમાં અમને દરેકરીતે સહાયક બની શકે

— તે માટે —

**પાલીતાણા ખાતે 'કલ્યાણ' અંગે રૂબરૂમાં બધો વ્યવહાર નીચેના ઠેકાણે કરવા સર્વ કોઈ 'કલ્યાણ' પ્રેમી શુભેચ્છકોને નમ્ર વિનંતિ છે.**

⊙

**પાલીતાણાના માનદ પ્રચારક :—**

## શ્રી દલીચંદ મગનલાલ શાહ

ઠે. આયંબિલ ભુવન

**પાલીતાણા (સૌરાષ્ટ્ર)**

# ઉઘડતે પાને

ઇસુનું જૂનું વર્ષ પસાર થયું; ૧૯૬૨ની સાલ પૂર્ણ થઇ, કાલની અનંતતામાં એક વર્ષ સમાઈ ગયું. ભૂતકાલ અનંત છે; ભાવિ અનંત છે; જ્યારે વર્તમાન કાલ ખૂબ જ સાંકડો છે, એક સમય પ્રમાણનો વર્તમાનકાલ શાસ્ત્રીય દૃષ્ટિયે નિશ્ચિત છે; આંખના પલકારામાં એવા અસંખ્યાતા સમય ચાલ્યા જાય છે. ઘડિ, મુહૂર્ત, દિવસ-રાત, માસ, વર્ષ આ બધું કાલનું સ્થૂલ સ્વરૂપ છે. એક વર્ષ એ તો અનંતકાલરૂપ સ્વયંભૂરમણ સમુદ્રમાં એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ-સૂક્ષ્મતર બિંદુસમાન છે.

વીતેલા વર્ષનું વિહંગાવલોકન કરતાં એ સ્પષ્ટપણે સમજી શકાય છે કે, આજના વૈજ્ઞાનિક યાંત્રિક માનવે દુનિયામાં વિજ્ઞાનના બળે, યંત્રના સહારે બધું ઉભું કર્યું; છતાં શાંતિ, પરસ્પરનો વિશ્વાસ, ખેલદિલી, તેમજ પૃથ્વી પર માનવતા, ક્ષમા, સ્વાર્થત્યાગ, સહનશીલતા, અને અહિંસા, ને ઔદાર્યનું મંગલ વાતાવરણ આજનું વિકસતું વિજ્ઞાન નથી સર્જી શક્યું, એ ખરેખર કમનશીબ ઘટના કહી શકાય. એ દુ:ખદ હકીકત છે. વિજ્ઞાન આજે શ્રાપરૂપ બન્યું છે, માનવને દાનવતા તરફ દોરી રહ્યું છે.

આજે વિશ્વશાંતિ ભયંકર ખતરામાં પડી ચૂકી છે. છેલ્લા લગભગ પંદર-પંદર વર્ષથી શાંતિ-શાંતિની ઘોષણા કરનારા રાષ્ટ્રો, શસ્ત્રાસ્ત્રોની ખરીદી ને ઉત્પાદન પાછળ અબજો રૂપીયાના ધૂમાડા કરી રહ્યા છે. યૂરોપના એ માંધાતા દેશો આજે શાંતિપ્રિય ભારતદેશને પણ યુધ્ધના ખપ્પરે ચઢવાની પરિસ્થિતિમાં મૂકી રહ્યા છે. આ કારણે એ હકીકત સિધ્ધ થાય છે કે, સામ્રાજ્યવાદી સત્તાલોલુપ માનસ જ્યાં સુધી જીવંત હશે, ત્યાં સુધી અશાંતિનો દાવાનલ ધીકતો જ રહેવાનો છે. માટે જ સત્તા, સંપત્તિ, માન, મત્સર તથા મહત્વાકાંક્ષાનાં દુષ્ટ તત્વોને ડામવા સર્વ કોઇએ આજે સજાગ રહેવાની જરૂર છે!

ભારતના આંગણે આજે યુદ્ધનો ભય ઝઝુમી રહ્યો છે. ભારત શાંતિપ્રિય દેશ છે, તેને યુદ્ધ જોઇતું નથી, યુદ્ધની વૃત્તિ પણ તેને ખપતી નથી. કોઇ પણ દેશનું-પાડોશી દેશનું વણ-અધિકારનું તેને કાંઇ જ ખપતું નથી. સ્વપ્ને પણ ભારતે લડાયક વાતાવરણની તરફદારી કરી નથી, છતાં આજે ભારતના પાડોશી રાજ્યો તેને ધમકી આપી રહ્યા છે, તેની શાંતિપ્રિય તટસ્થ નીતિને પડકારી રહ્યા છે; આ કારણે ભારતમાં યુધ્ધનું વાતાવરણ ગાજતું થયું છે, દેશના સંરક્ષકોને દેશનું, દેશના પ્રજાજનનું રક્ષણ કરવાની ફરજ છે, એ હકીકત છે. છતાં ભારતની પ્રજાને ભારતના દેશનાયકોને આજે એ કહેવાની અમારી ફરજ છે કે, ભારત જેવા અહિંસાપ્રધાન દેશમાં હિંસક વૃત્તિ તથા હિંસાવાદને ઉત્તેજન મલે; કે જડવાદને જ-આધિભૌતિકતાને જ પ્રાધાન્યપદ આપવું કોઈ રીતે ઉચિત નથી.

આ ભારત દેશનું વાતાવરણ આધ્યાત્મિકતાનાં મંગલ તત્ત્વોથી જ ભર્યું ભર્યું રહ્યું છે. ઠેઠ જુગ જૂના એના એ સંસ્કારો છે, એની સંસ્કૃતિમાં નિરપરાધી જીવોની રક્ષા માટે સર્વસ્વ ફના થવાનું કૌવત રહેલું છે, ને અપરાધીને શક્તિ પ્રમાણે પ્રતિકાર કરવા અનિવાર્યપણે તાકાત ફોરવવાનો સંસારી જીવોને નિષેધ નથી. છતાં ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ ભારતની પ્રજાએ કદિયે આધ્યાત્મિકતાને છેહ દીધો નથી. માટે જ આજના ગૂંગળાતાં વાતાવરણમાં ભારતની પ્રજાએ તપ, ત્યાગ, ક્ષમા, સ્વાર્થત્યાગ, નૈતિક પવિત્રતા, સંયમ, અને ખેલદિલીના મંગલ તત્ત્વોને સજીવ રાખવા પડશે. કોઇપણ નિરપરાધી જીવની હિંસાના પાપ વિચારોથી દૂર રહેવું પડશે. દુશ્મન માનેલા દેશોની સાથે દુશ્મનાવટ નહિ રાખતાં, તેને પણ સદ્‌બુદ્ધિ તથા સૌજન્ય પ્રાપ્ત થાય તે ભાવનાને સદાયે રાખવી પડશે.

દેવનારના કતલખાનાની યોજનાનો વિચાર કરવા માત્રથી, નિરપરાધી જીવોના વિનાશના વિચારમાત્રથી ભારત પર યુદ્ધની આફત ભયંકરરીતે અચાનક ઉતરી આવી અને હજારો ભારતીય પ્રજાજનો મૃત્યુના મુખમાં ધકેલાયા, તેમજ લાખો-ક્રોડો ભારતીય પ્રજાજનો પર યુધ્ધનો ભય ઝઝૂમી રહ્યો; આ પરિસ્થિતિમાં ભારતના સત્તાધીશોએ, તેમજ પ્રત્યેક પ્રજાજને હિંસકભાવના તથા સત્તા, સંપત્તિ ને સામ્રાજ્યવાદના વિનાશક નશાથી દૂર-સુદૂર રહી, જગત માત્રના જીવોના શિવની, કલ્યાણની તથા મંગલની ભાવના રાખી, સર્વત્ર નિર્ભયતાનું વાતાવરણ પ્રગટો, ને સર્વ કોઈ અન્ય સર્વ કોઈને નિર્ભયતા આપી નિર્ભય બનો! એ ભાવના રાખવી જરૂરી છે.

ઇસુના નૂતન વર્ષના નવીન પ્રભાતે પરમકૃપાળુ દેવાધિદેવ પ્રત્યે એ મંગલ પ્રાર્થના છે કે, વિશ્વના સમસ્ત આત્માઓ યુદ્ધના ભયથી તથા યુધ્ધની વૃત્તિથી અને યુદ્ધના પાપથી પાછા વળો!

---

સહ સંપાદકો : મહેન્દ્ર એફ. શાહ ⊙ નવીનચંદ્ર ર. શાહ


જો તમને સંસ્કૃતિ તથા સંસ્કારના પ્રચાર માટે

## પ્રેમ તથા લાગણી છે?

હા, તો ધર્મ, શિક્ષણ, સંસ્કૃતિ તથા સંસ્કારના પ્રચાર કાજે નિઃસ્વાર્થભાવે એક પાઇની પણ કમાણીના ઉદ્દેશ વિના પ્રસિદ્ધ થતાં 'કલ્યાણ' માસિકને, તમે તમારો અમૂલ્ય સહકાર આપો!

દર મહિને વિવિધ વિષયસ્પર્શી મનનીય સાહિત્યનો રસથાળ પીરસતા 'કલ્યાણ'ના ગ્રાહક તમે બનો ને બીજાને ગ્રાહક કરવા જરૂર પ્રેરણા કરો!

વર્ષ દરમ્યાન ૧૧૦૦ પેજનું સંગીન વાંચન આપતા 'કલ્યાણ'નું લવાજમ (પોષ્ટેજ સાથે) ફક્ત રૂા. ૫-૫૦ ન. પૈ. છે. તો આજેજ ગ્રાહક બનો!

— અમને આત્મીયભાવે તમારો મહામૂલ્ય સહકાર આપો! —

**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર : વઢવાણ શહેર : સૌરાષ્ટ્ર**

વર્ષ : ૧૯ ⊙ અંક : ૧૧

# કલ્યાણ

પોશ ⊙ ૨૦૧૯

## ક્યારે સમજાશે?

વૈદરાજ શ્રી મોહનલાલ ચુ. ધામી

ચતુર, બુધ્ધિશાળી અને સજાગ માણસો પોતાની આસપાસની પ્રત્યેક દિશાઓનું, પરિસ્થિતિનું અને સંયોગોનું ધ્યાન રાખતા જ હોય છે.

જે લોકો આ રીતે ધ્યાન નથી રાખતા, બુદ્ધિ, દ્દષ્ટિ અને જ્ઞાનનો ઉપયોગ નથી કરતા તે લોકો જ બેખબર અથવા અજ્ઞાનરૂપી અંધકારના પ્રીતિપાત્રો ગણાતા હોય છે.

જીવન પ્રત્યે અને જીવનના લક્ષ્ય પ્રત્યે બેદરકાર રહેનારાઓ નથી પોતાનું મંગળ કરી શકતા કે નથી પ્રજાનું હિત સાધી શકતા.

આ વાકય લખતી વખતે એક સમયના જૈનોની જાહોજલાલી યાદ આવે છે. કેવળ પચાસ વર્ષ પહેલાના કાળને આપણે યાદ કરીએ તો સ્પષ્ટ સમજાશે કે તે કાળે જૈનો ધન કરતાં યે ગુણ અને ઉદારતામાં વધારે સમૃદ્ધ હતા. નાનામાં નાના એક ગામડામાં એકાદ જૈન પરિવાર રહેતો હોય તો તેના જીવનની નૈતિક પ્રતિજ્ઞા સમગ્ર ગામ પર પડતી.

વેપાર જૈનોના હાથમાં જ હતો અને એનું કારણ કોઇ કૂટનીતિ નહોતી પરંતુ પ્રમાણિકતા હતી....નફાના ધોરણથી નક્કી કરેલી મર્યાદા હતી....અને લોકો પ્રત્યેની ઉદારતા પણ હતી.

સહુ ચાલાકી કરે અથવા દગો કરે પણ જૈન કદી ન કરે. એવી એક છાપ સર્વત્ર ઉપસી આવી હતી.

આનું મુખ્ય કારણ એક જ હતું કે જૈન પરિવારોમાં ધર્મ પ્રત્યેની શ્રધ્ધા હતી.... અનીતિનું ધન કોઇ પણ સંયોગોમાં ન મેળવવાની વૃત્તિ હતી અને કોઇને ન છેતરવાની ભાવના હતી.

છેલ્લા પચ્ચાસ વર્ષથી જૈનોના સાચા અને વિશુદ્ધ જીવન સમી આ ભાવના નષ્ટ થવા માંડી છે. અતિ ખાનદાન ગણાતાં અને સુખી ગણાતા જૈન પરિવારોની ઉગતી પ્રજામાં ધર્મ ભાવનાના સંસ્કારનાં કોઇ બીજ રહ્યાં હોય એવું દેખાતું નથી. પશ્ચિમની

રંગભરી અને ભૌતિક સુખને સમૃદ્ધિ માનનારી સંસ્કૃતિ પ્રત્યેની લગની આજ ઠેરઠેર વ્યાપક બની રહી છે.

સીનેમા જોવા માટે જો આજના જૈન પરિવારને જવું હશે તો બાળકોને ઉત્તમ વસ્ત્રો પહેરાવવામાં આવશે. નવ જવાન કન્યાઓ પણ આંખને ઉડીને વળગે એવાં વસ્ત્રો ધારણ કરશે અને ટાપ ટીપમાં એટલો સમય બરબાદ કરશે કે જેની કોઈ સીમા નહિં. આટલી તૈયારી પછી આજના સડેલા અને વિકૃતિનાં સર્જક એવાં ચિત્રો જોવા જશે. પરંતુ દરેકે ઉપાશ્રયે જવાનું હશે તો બાળકોનો અભ્યાસ બગડશે અથવા સમયનો અભાવ જણાશે.

આ તો એક આજનું નાનું સરખું દૃષ્ટાંત છે. નગરમાં જો કોઇ સીનેમાનાં નટનટીનું આગમન થયું હશે તો લોકો ટોળાબંધ તેને નિરખવા જશે. જેના જીવતરમાં કોઇ દર્શન નથી. જે કેવળ અભિનય પર જીવે છે. અને જેના જીવનની બીજી દિશા ભારે ઘૃણાસ્પદ હોય છે એવા નટનટીઓને નિહાળવામાં જાણ્યે કોઈ મોટું કામ કર્યું હોય એટલે સંતોષ પામ્યાનો આનંદ મળે છે. પરંતુ નગરીમાં કોઈ સત્વશિલ સંત મહાત્મા કે મુનિ પધાર્યા હોય તો ત્યાં જવા માટે કોઇ તૈયાર નહિ થાય.

જ્યાંથી મળવાનું છે ત્યાં જવાની કોઇને ભાવના થતી નથી. જ્યાં લૂંટાવાનું છે ત્યાં પડાપડી થાય છે.

આ કોઇ ચમત્કાર નથી કે કાળની કોઇ રમત પણ નથી. આ છે કેવળ આપણા જ અજ્ઞાનનું પરિણામ, આપણી જ દૃષ્ટિના બેરંગી સ્વભાવનું ફળ !

આ માત્ર જૈન પરિવારોમાં જ દેખાય છે એવું નથી. આ વિષ તો આજ વ્યાપક બની રહ્યું છે અને તે એટલી હદ સુધી કે આપણા લોકનેતાઓ પણ ભાવિ પેઢીના કલ્યાણની કોઈ પણ ગણત્રી કર્યા વગર સાંસ્કૃતિક સમારોહના નામે કે કલાના નામે આવી વૃત્તિને જ પોષતા-પંપાળતા હોય છે.

જો આપણે આ દૃષ્ટિએ આપણા જીવતરને ફેલી રહેલાં અનેકવિધ દુષણોનો આજ વિચાર નહિ કરીએ તો આવતી કાલ આપણા માટે કેટલી ભયંકર હશે તે કલ્પવું ભારે દુઃખદ છે.

આજ ચારિત્ર, સંયમ, અપરિગ્રહ, સાદાઇ કે સત્વશિલ ગુણો પ્રત્યે મમતા જળવાતી નથી. જો આની રોકથાપ કરવામાં નહિં આવે અથવા દીર્ઘદૃષ્ટિનો આવો અભાવ ચાલુ જ રહેશે તો જૈનદર્શન એ કેવળ ઇતિહાસના પૃષ્ટોનો એક વિષય બની જશે અથવા સંગ્રહસ્થાનની એક નિર્જીવ વસ્તુ બની જશે.

આપણા હાથની વાત બીજાઓ કદી કરી શકતા નથી. આ સત્ય કયારે સમજાશે ?

# બાલજગત

સંપાદક : શ્રી 'નવિન'


## આવકાર

તાજેતરમાં 'કલ્યાણ' માં શરૂ થયેલ નવો વિભાગ 'બાલજગત' એટલે બાળકો માટે સોનામાં સુગંધ.

**શ્રી હરેશબબુ દોલતલાલ—મુંબઈ**

આપના તરફથી રજુ થતા 'બાલજગત' માં પીરસાતી રસ સામગ્રીએ મને ખૂબજ આનંદિત બનાવ્યો છે.

**શ્રી શશીકાન્ત પી. શાહ—સાબરમતી.**

'બાલજગત' ની સંપૂર્ણ સફળતા ઈચ્છું છું અને શક્ય સહકાર આપવા પ્રયત્ન કરીશ.

**શ્રી નાનાલાલ કે. શા—મુંદ્રા**

'કલ્યાણ' માં શરૂ થયેલ બાળકો માટેનો 'બાલજગત' વિભાગ ખૂબ ગમ્યો.

**શ્રી અશ્વિનકુમાર શાંતિલાલ – સુરત**

બાળકોને ધાર્મિક સંસ્કારોની આવશ્યકતા છે 'બાલજગત' આ હેતુ પાર પાડે એમ ઈચ્છું છું.

**શ્રી હિરાલાલ જી. પારેખ – માટુંગા**

'બાલજગત' માં રજુ થતુ લખાણ પ્રેમથી વાંચુ છું, બનતો સહકાર આપીશ, જરૂર આપીશ.

**શ્રી હસમુખ ઉપાધ્યાય – દાવડ**

મને 'બાલજગત' ખૂબજ ગમે છે. હું તેને નિયમિત વાંચું છું.

**શ્રી શામજી શંકરજી – ભુજ**

*

સૂચના : 'બાલજગત' માટે લેખો મોકલવાનું તેમજ પત્ર વ્યવહાર કરવાનું સીરનામું.

સંપાદક **'બાલજગત'** (કલ્યાણ)

**નવિનચંદ્ર મગનલાલ શાહ**

ઠે. બીપીનચંદ્ર યોગેશકુમારની કું.

કાપડ બજાર, **ભુજ** (કચ્છ)

## વાણી અને વર્તન

ઉનાળાના દિવસોમાં એક વખત 'અહિંસા' ઉપર પ્રવચન હતું. સદ્‌ગત્ સયાજીરાવ ગાયકવાડ આ સભાના અધ્યક્ષપદે હતા. વક્તાએ દોઢથી બે કલાક સુધી 'અહિંસા' ઉપર એવું સુંદર દલીલપૂર્વક ને પ્રભાવશાળી પ્રવચન કર્યું કે સભા આખી દિગમૂઢ બની ગઇ. વક્તા પણ પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા. પરસેવાને લૂછવા વક્તાએ કોટનાં ખીસ્સામાંથી જેવો રૂમાલ કાઢયો તેવુંજ એક ઈંડું ખીસ્સામાંથી નીકળી જમીન પર પડયું !

ભાષણનો ઉપસંહાર કરતાં ચતુર વિચક્ષણ સદ્‌ગત્ સયાજીરાવ ગાયકવાડે કહ્યું: 'આજના વક્તા અહિંસા ઉપર ઘણું સારૂં ને ઉત્તમ પ્રવચન કરી ગયા છે, બોલવાની એમની શક્તિ ને છટા કોઇને પણ મુગ્ધ કરે એવાં છે, પણ ભારતની બરબાદી કરનાર કોઇ હોય તો તે આવા વક્તાઓ જ છે, એમના મુખના શબ્દોથી તદ્દન વિરૂદ્ધ દિશાનું એમનું વર્તન હોય છે !'

વક્તા શું બોલે ! !

⊙

## ભગવાનના નામ

સંસ્કૃત... ... દેવ

ગુજરાતી... ... પ્રભુ

અંગ્રેજી... ... ગોડ

ફ્રેન્ચ... ... ડ્યુ

ઉર્દૂ... ... હક

જર્મન... ... ગોટ

સ્વીડીશ... ... ગોથ

વાઈકીંગ... ... પોર

જાપાની... ... શાન

**શ્રી ભરત ગાંધી—બોરસદ**

## કોનું શું ?

કુતરો.........વફાદારી
કીડી.........સંપ
બળદ.........શ્રમ
ભેંસ.........આળસ
પાડો.........ઈર્ષ્યા
શિયાળ.........લુચ્ચાઈ
કરોળિયો.........ખંત
મોર.........કલા
ગાય.........નમ્રતા
સસલું.........ચપળતા

**શ્રી ચંદુલાલ અંબાલાલ.**

## બેઘડી મોજ

રમેશ-બાપા, હું અંગ્રેજીમાં પહેલો નંબર છું.
ઉમેશ-બાપા, હું સંસ્કૃતમાં પહેલો નંબર છું.
બાપા-જયેશ ! તું શામાં પહેલો નંબર છે ?
જયેશ-બાપાજી ! હું તો સ્કૂલનો ઘંટ વાગે ત્યારે સૌથી પહેલો બહાર નીકળવામાં મારો જ નંબર હોય !!!

⊙

શિક્ષક-મંગેશ ! તું આજે કલાસમાં કેમ ગયો નથી ?
મંગેશ-સાહેબ ! આ પાટિયું તો વાંચો 'રજા સિવાય અંદર જવું નહિં,' તો પછી જ્યારે બેલ વાગશે ને રજા પડશે ત્યારે આવીશ.

⊙

એક ડોકટરે દર્દીને તપાસતા પૂછયું કે, ગઈ કાલે રાતે તમે સૂતા હતા ત્યારે તમારા દાંત કકડતા હતા કે ?

દર્દીએ જવાબ આપ્યો, સાહેબ ! એ તો હું કેવી રીતે કહી શકું ! કારણ મારા દાંતનું ચોકઠું (બત્રીસી) ટેબલ ઉપર મૂકીને સૂતો હતો.

⊙

## નવી વ્યાખ્યાઓ

ચૂંટણી-હથિયાર વગર ખેલાતો જંગ.
નિંદ્રા- માનવીને બેભાન કરનાર દેવી.
કલ્યાણ-ધર્મનો ફેલાવો કરતું માસિક.
શાસ્ત્ર-સાચા જ્ઞાનનો કિંમતી ભંડાર.

**શ્રી ચંદ્રકાંત રતિલાલ-ભાવનગર.**

⊙

## નકામી

ચારિત્ર વિનાની વિદ્યા.
નમ્રતા વિનાની સેવા.
સંયમ વિનાની શકિત.
ભાવના વિનાની ભકિત.
વિશ્વાસ વિનાની મૈત્રી.

**શ્રી મુલચંદ ઘેલાભાઈ.**

⊙

## જાણવા જેવું

ભારતના પહેલા હિંદી ગવર્નર જનરલ શ્રી રાજાજી (ચક્રવર્તી રાજગોપાલાચારી) હતા.

કૃત્રિમ બરફ સૌ પ્રથમ અમેરિકાથી ભારતમાં ઇ. સ. ૧૮૮૩ માં આવ્યો હતો.

ક્રોધ કરવાથી ૪૦ સ્નાયુઓને શ્રમ પડે છે.

જયપુરનાં સંગ્રહસ્થાનમાં રાજા માનસિંહની ૬૦ રતલની તલવાર આજે પણ મોજુદ છે.

બ્રિટનમાં સરાસરી દર ૯૫ મિનિટે વાહન અકસ્માતમાં એક શખ્સ માર્યો જાય છે.

જાપાનમાં દર વરસે સાડા પાંચ લાખ લગ્ન થાય છે. (આશરે)

હોલાન્ડમાં ગાયો દરરોજ સરેરાશ સત્તર રતલ દૂધ આપે છે.

ભારતમાં અંગ્રેજી કેળવણી દાખલ કરનાર વિલિયમ બેન્ટિક હતા.

વોટરપ્રુફ કાગળની શોધ સને ૧૮૫૭ માં થઈ.

**શ્રી નાનાલાલ કે. શા.-સુંદરા**

## ના ચાલે

નયનને કાજલ વિના.
વાસણને કલાઈ વિના.
પ્રતિમાને મંદિર વિના.
નોકરને પગાર વિના.
વિદ્યાર્થીને ભણ્યા વિના.

**શ્રી 'ચંદ્રક' બોટાદ**

⊙

## કહેવત જુની અને નવી

| | |
|---|---|
| હાથી દરબારે શોભે | ( જુની ) |
| પ્રધાન દિલ્હીમાં શોભે | ( નવી ) |
| હાથના કર્યાં હૈયે વાગે | ( જુની ) |
| નેતાના કર્યાં પ્રજા ભોગવે | ( નવી ) |
| મેઘ સમાન જળ નહિ | ( જુની ) |
| ચૂંટણી સમાન જંગ નહિ | ( નવી ) |
| અક્કલ બડી કે ભેંસ | ( જુની ) |
| સાહેબ બડા કે પટાવાલા | ( નવી ) |
| અન્ન તેવો ઓડકાર | ( જુની ) |
| પક્ષ તેવાજ ઉમેદવાર | ( નવી ) |

**રંગતરંગ**

⊙

## ગણિતગમ્મત

૧ × ૮૧ + ૧૮ = ૯૯
૧૨ × ૮૧ + ૨૭ = ૯૯૯
૧૨૩ × ૮૧ + ૩૬ = ૯૯૯૯
૧૨૩૪ × ૮૧ + ૪૫ = ૯૯૯૯૯
૧૨૩૪૫ × ૮૧ + ૫૪ = ૯૯૯૯૯૯
૧૨૩૪૫૬ × ૮૧ + ૬૩ = ૯૯૯૯૯૯૯
૧૨૩૪૫૬૭ × ૮૧ + ૭૨ = ૯૯૯૯૯૯૯૯

**શ્રી ચંદ્રકાંત અંધારિયા-ભાવનગર**


⊙



ટારમિગનન નામનું એક પંખી રાતે હવામાંથી સીધું ડૂબકી મારીને બરફની અંદર ઊંડે ઉતરી જાય છે જેથી-એનાં દુશ્મનોને એનાં કશા સગડ મળે નહિ.



કોઈ અજ્ઞાત પ્રતિભાશાળી માણસે પૂર્વે મૂળાક્ષરોની કલ્પના કરી હતી. મૂળાક્ષરોની તમામ પદ્ધતિઓ ગ્રીક, લેટિન, હિબ્રુ, અરબી, સિરીલીક, સ્લાવિક, બ્રાહ્મી, કોરીયન, ઇત્યાદિમાંથી ઉતરી આવી છે.



અમેરિકામાં ૫,૬૦,૦૦.૦૦૦ મોટર, ગાડીઓ છે. દરેક ગાડી વર્ષે સરેરાશ ૧૦,૦૦૦ માઇલ દોડે છે.

# સહુ ચાલો કરીએ વંદન

દ્વારિકાં રે, તારે આવી લાખેણી ક્ષણ.
આવ્યો મલપતો આંગણે કોઈ બળિયો ક્ષમાક્ષમણ. દ્વારિકાં રે૦

રાજકુમાર ઢંઢણ, બની અણગાર ઝૂમે,
નાંખી ઝોળી ખભા પરે ને લેવા ગોચરી ઘૂમે;
આવે અતિથિ આંગણુ ત્યારે થઇએ ખૂબ પ્રસન્ન. દ્વારિકાં રે૦

ઉડે ત્યાગની સેરો, ઋષિવર તપ પ્રચુર,
કાયા છે દુબળી તોયે રે, નવલું એનું નૂર;
આપણું ખાધું એળે ગયું ને દીધું એટલું ધન્ય. દ્વારિકાં રે૦

આજ જોવા મળિયા દેવો, કેવો તે સાધુજન,
ભાતભાતના ભોજન ત્યાગી, માંગે લુખું અન્ન;
એને તે આપો ગોચરી રે, આપો મોંઘેરાં ભોજન. દ્વારિકાં રે૦

નિત નિત મુનિ નિસરે રે, લાગી ક્ષુધાની હોળી,
માસ ગયા કંઇ વીતી તોયે ખાલી એના ઝોળી;
અવસર આવ્યો અમૂલખ જાણી દીજેરે મોકળે મન. દ્વારિકાં રે૦

વણમાગેરે દે બીજાંને અમૃત જેવાં અન્ન,
ક્ષણ ચૂકયાનું કામ નહિ, આ તો છે સ્વજન;
આમ તો ખૂબ ઉદાર છે તો યે આજે કયમ કૃપણ? દ્વારિકાં રે૦

પાપ પૂર્વનાં જાગી ઉઠયાં, ઋષિ રે તું સાંભળ,
નેમજી જેવા ગુરુ મળ્યા, ત્યાં જ્ઞાન થયું નિર્મળ;
એ તો ભાઇ બળિયો રે સાધુ, સહુ ચાલો કરીએ વંદન.. દ્વારિકાં રે૦

પન્નાલાલ જ. મશાલીઆ

'કલ્યાણ'ના લોકપ્રિય વિભાગ 'આરોગ્ય અને ઉપચાર'ના સુપ્રસિદ્ધ લેખક વૈદરાજ અહિં સર્વ રોગોના મૂલરૂપ જઠરાગ્નિની મંદતા અને તેના કારણોની વિસ્તૃત વિચારણા આયુર્વેદ શાસ્ત્રાનુસારે રસમય શૈલીયે કરતાં જઠરાગ્નિ તથા તેની સાચવણી માટે શું શું કરવું જોઇએ? તે જણાવે છે. અને આજે જીભની ભૂખને વશ થઇને આહારમાં સ્વાદની લોલુપતાના કારણે મર્યાદા મૂકાઇ જવાથી ને ઉપવાસ આદિ તપોને ચૂકી જવાથી આજે જે રોગો થઇ રહ્યા છે, તેને અંગે મનનીય વિચારણા વૈદરાજ રસમય શૈલીયે અહિં કરી રહ્યા છે. સર્વકોઇને આ લેખ જરૂર અનેકરીતે ઉપયોગી માર્ગદર્શન આપશે તે નિઃશંક છે 'આરોગ્ય અને ઉપચાર' લેખ શ્રેણીનો આ ૧૯ મો લેખાંક છે. 'કલ્યાણ' પ્રત્યે આત્મીયભાવથી વૈદરાજ લેખમાળા લખી રહ્યા છે. 'કલ્યાણ'માં તેમની લેખમાળ ચાલુ છે. સર્વકોઇ વાચકોને જે અવશ્ય નવું જાણવા જેવું મલશે!

# સર્વ રોગોનું મૂલ જઠરાગ્નિની મંદતા

**વૈદરાજ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ**
**ઝીંઝુવાડા**

પેટની પોલમાં પાચન ક્રિયાને પરિપુર્ણતાએ પહોંચાડનારા.

(૧) અન્ન નળીનો છેડો (૨) જઠર (૩) પિત્તાશય (૪) યકૃત (૫) પકવાશય (૬) સ્વાદુપિંડ (૭) મોટુ આંતરડું. (૮) નાનુ આંતરડું (૯) આંતર પૃચ્છ (૧૦) અને ગુદા આવેલા છે. ઉપરાંત વીર્યાશય-મૂત્રાશય અને નારી વર્ગને ગર્ભાશય છે.

પાચન કાર્યની શરૂઆત તો મુખ, દાંત, જીભ અને થુંકથી થાય છે. પણ આ વિષયોનું વર્ણન વિગતવાર વિસ્તારથી પૂર્વના લેખોમાં વર્ણવાઇ ગયું છે. એટલે જઠરથી શરૂઆત થાય છે.

**જઠર**-હોજરી, અન્નાશય, પકવાશય, ઉદર પટલની નીચે પેટની પોલાણમાં ડાબી બાજુએ સ્નાયુઓની બનેલી પોલી કોથળી છે. આકાર મસકને મળતો લંબાઈ દસ ઈંચ પહોળાઈ સાડા ચાર ઈંચ આશરે છે. પાચન ક્રિયાના સર્વ અવયવોમાં હોજરી મોટું અવયવ છે. તેને બે દ્વાર છે. (૧) ઉપલું દ્વાર અન્નનળી સાથે (૨) નીચલું દ્વાર નાના આંતરડા સાથે જોડાએલું છે. બન્ને દ્વાર આગળ વર્તુળાકાર સંકોચક સ્નાયુઓની રચના છે.

અન્નનળી ગોળ કડીઓની બનેલી છે. ગળામાંથી કોળીઓ ગયો કે તુરત જ હોજરીમાં પડતો નથી. કારણ અન્નનળી એ પોલી ભુંગળી નથી. જેથી કોળીઓ જ્યારે પેલી કડી પાસે આવે છે, ત્યારે કડી સંકોચાય છે અને કોળીઓ આગળ જાય છે આ પ્રમાણે ક્રમે ક્રમે આગળ વધી હોજરીમાં જાય છે. આવી અદ્‌ભુત રચના ન હોય તો વાંકા વળતાં, મસ્તક જમીનને અડાડતા કે ઉંધા મસ્તકે લટકતાં ખોરાક પાછો મુખમાં આવી જાય. પણ અન્નનળીની કડીઓ, ગએલા ખોરાક પાછો વળવા દેતી નથી.

જઠરની દિવાલો ચાર પડવાળી છે (૧) સૌથી અંદરના પડને અંતર ત્વચાનું આવરણ કહેવાય છે. જઠર ખાલી હોય છે ત્યારે આ પડની કરચલીઓ વળી જાય છે (૨) અંતર ત્વચાના પડની સાથે જ જોડાએલું પડ છે જેને સંયોજન આવરણ કહેવાય છે. આ પડમાં ગ્રંથીઓ રહેલી છે જેમાં મીઠાના તેજાબ જેવો (પિત્ત) જઠર રસ ઉત્પન્ન થાય છે. આ રસ નાની નાની નસો દ્વારા પોલાણમાં પ્રસરી પાચન ક્રિયાને મદદ કરે છે (૩) સ્નાયુઓનું બનેલું પડ છે. સ્નાયુઓના આડા ત્રાંસા ઉભા એમ થર છે આડા વર્તુળાકાર સ્નાયુઓ જઠરના ઉપર નીચેના માર્ગોને બંધ રાખે છે અને જરૂરિયાતે ઢીલા થઇ ખોરાકને આગળ ધકેલે છે. આ સ્નાયુઓ કફ મિશ્રિત હોય છે (૪) છેલ્લા ચોથા પડને ઉદરાંત આવરણ કહેવાય છે આ પડ મજબુત લીસું અને ચળકાટ વાળું છે. બધા પડોનું રક્ષણ કરચોળીનું મધપૂડાની માફક અનર્ગળ ગ્રંથીઓ નાની નાની નળીઓ આ બધાનું રક્ષણ આ પડથી રક્ષાએલું છે.

હોજરીની જમણી તરફ કલેજું છે. આગળ પેટની દિવાલ છે નીચે આંતરડા અને બરોળ છે. પાછળ કરોડ છે. હોજરીનો ડાબો છેડો પહોળો અને ગોળાકાર છે. જમણો સાંકડો અને પાતળો છે.

જ્યારે ખોરક જઠરમાં આવે ત્યારે સ્નાયુઓના સંકોચન અને પ્રસારણથી વલોવાય છે. આ વલોણું ચાલતું હોય છે ત્યારે વલોણું કરતાં (દહિંમાંથી છાસ બનાવવાની ક્રિયા) જેમ પાણિ ઉમેરવામાં આવે છે તેમ બીજા પડમાંથી અસંખ્ય ગ્રંથીઓમાંથી જઠર રસ ઝરી નળીઓ દ્વારા વલોવાતાં ખોરાકમાં ભળતો જાય છે. અને દહિંનો સાર માખણ ઉત્પન્ન થાય છે તેમ ખોરાકનો સાર 'શુદ્ધ રસ' પહેલી ધાતુ ઉત્પન્ન થાય છે જેમાંથી ક્રમે ક્રમે લોહિ, માંસ, મેદ, હાડ, મજ્જા અને શુક્ર ધાતુઓ તૈયાર થાય છે શરીરનું બંધારણ અહિંથી શરૂ થાય છે પ્રાણવાયુ પુરતી પ્રેરણા પાઈ, પાચક પિત્ત ખોરાકને પચ્યમાનાભિમુખ કરી, કફના સંયોજનથી ફીણ ભાવે ક્રિયામાં ભળી માધુર્યતા લાવે છે. આવી રીતે અમૃત સમાન રસ ધાતુ તૈયાર થાય છે જે પાણી જેવો પાતળો અને ખટાસયુક્ત હોય છે.

**आहारस्य रसः सार सारहीनो मलद्रव**
**शिराभिस्त ज्जलनीत वस्तौ मूत्रत्व माप्नुयात**

(સારંગધર)

જે આહારનો રસ તેને સાર કહેવાય છે અને જે નિઃસાર પદાર્થ એને મળ કહેવાય છે આ મળ દ્રવ મૂત્રવાહિની નસો માર્ગે મૂત્રપિંડમાં જાય છે બાકી રહેલો જે કચરો તે મળ તરીકે અપાનવાયુની મદદથી ગુદા માર્ગેથી બહાર નીકળે છે.

જીવંત શરીરના ભાગોના રજકણો નિરંતર નાશ પામતા હોય છે અને નવા રજકણો ઉત્પન્ન થતા હોય છે. નખ અને વાળ શરીર ઉપરથી ઉતરતાં દ્રષ્યમાન બને છે. પણ નજરે નહિ નિહાળાતાં એવા શુક્ષ્મ રજકણો મળ, મૂત્ર, સ્વેદ, ઉશ્વાસ દ્વારા બહાર નીકળતા હોય છે. આ ફેરફાર શરીરને આવશ્યક છે. જે ભાગ જુનો જીર્ણ થાય છે તે જગાએ બીજા નવા તાજા ભાગ મૂકવાની શરીરમાં જે કુદરતિ શક્તિ રહેલી છે. તે શક્તિને પોષણ દાતા આહાર છે. આહારનું પાચન જઠરાગ્નિને આભારી છે. સાચી ભૂખને આભારી સાત્વિક અને પોષણ દાતા આહારને આભારી છે અને તેમાંથી ઉત્પન્ન થએલ શુદ્ધ રસને આભારી છે.

પ્રદિપ્ત જઠરાગ્નિ ચેતવણી આપે છે. શરીરનો ઘસારો પુરવા નવી પુરવણીની જરૂરિયાત છે. આ આ પુરવણી જેટલી ઉત્તમ તેટલી તંદુરસ્તી ઉત્તમ. ખોરાક પોષણ દાતા છે સાથે જ શરીરને જોઈતી ગરમી પણ ઉત્પન્ન કરે છે. એટલે પોષણ કર્તા અને ઉષ્ણતા દાતા છે. અગ્નિ ચાલુ રાખવા નવા ઇંધણ નાંખવા પડે છે. ઈંધણ ન મળે તો અગ્નિ મંદ પડી બુઝાઈ જાય છે આજ પ્રમાણે હોજરીની પણ કાર્યવાહિ ચાલે છે.

વીશ પચીશ વર્ષ પહેલાં ઘરે ઘરમાં સવારનું ખાણું દુધ, દહિં, કે છાસથી શરૂ થતું અને સાંજનું વાળુ દૂધથી પૂર્ણ થતું. 'દૂધે વાળુ જે કરે તસ ઘર વૈદ ન જાય' આ પ્રથા પ્રચલિત હતી. ત્યારે જઠરાગ્નિ સતેજ હતી. પેટના દરદો અલ્પ હતા. મળાવરોધની ફરિયાદ ન હતી. મરદાનગીભર્યું માનવ જીવન મ્હેકતું હતું,

પણ જ્યારથી આંખને પ્રિય લાગે, રસનાને પ્રિય લાગે, અને મનગમતું કૃત્રિમતાથી નિઃસત્વ બનેલા ખાણા–પીણા શરૂ થયાં છે ત્યારથી પાચન અવયવોના દરદો પરાકાષ્ટાએ પહોંચ્યા છે.

અનાજમાંથી થુલું ભુસા જેવા અગત્યના પદાર્થને દૂર કરીને, કઠોળના ફોતરા ફગાવીને. શાકભાજીના પડ અને છોડા કાઢી નાંખીને કુદરતી ચોખાને હિંસક યાંત્રિક યંત્રોમાં પાલીશદાર ચકચકતા બનાવીને, લોટ અને મેંદો યંત્રમાં દળાવીને, દાળોમાં અતિ નુકશાનકારક રંગોના ઓપ આપી રોનકદાર બનાવીને, શેરડીમાંથી બનેલા પુષ્ટિદાતા ગોળના બદલે કુદરતી તત્વોનો નાશ કરી કૃત્રિમ રીતે તૈયાર થએલી ખાંડથી અને તીખું તમતમતું ખાવાની વૃત્તિથી, ગરમ મસાલાના અતિ વપરાશથી, ભેળસેળથી ભયંકર નુકશાનકારક ખાનપાનથી પેટના અનેક પ્રકારનાં વ્યાધિઓ વધી ગયા છે.

પરિણામે પેટ સાફ નથી. પાચનક્રિયા સતેજ નથી. આંતરડાની ક્રિયા અનિયમીત બની છે. મીઠી

નિદ્રા નથી. ચિત્તની પ્રસન્નતા હણાઈ છે, ચામડી ચમકતી નથી. જીભ લાલ નથી. શ્વાસ સુગંધિત નથી. ચહેરો તેજસ્વી નથી. શરીર નંખાઈ ગયું છે. પેટ પોચું નથી. પગ ગરમ નથી. મસ્તક ઠંડુ નથી. જેવા અને તેવા, કાચા ને કોરા, અશુદ્ધ અને અસાત્વિક અતિ ઉષ્ણુ અતિ ઠંડા પુરીપકોડી, કેવડા અધકચરા તળાએલા, અતિ બારીક લોટના બનાવેલા સેવ ગાંઠીયા કે ફાફડા, કાચી–પાકી ભાખરી, કે ઢોકળા, ઢેબરા, ચવાણા, ચેવડા અને ચા દ્વારા ખાંડના અતિ વપરાશથી જઠરાગ્નિનું બળ ધ્યાનમાં લીધા વગર ખાઉધરાની વધી રહેલી ફેશનથી કલ્પનામાં પણ ન આવે તેવા મંદાગ્નિ યાને અજીર્ણના રોગો નવા નવા રૂપે નવા નવા નામે વિસ્તાર પામી રહ્યા છે. સુધારાની સતત પ્રગતિએ હિંસક વિજ્ઞાનના વધી રહેલા વપરાસે અસમતોલ મળાવરોધક દાહક ખોરાકે આવી ભયંકર રહેણી કરણીનાં પરિણામે કષ્ટદાયી રોગોની શિક્ષા આપોઆપ કુદરતે આપી દીધી છે.

**જઠરાગ્નિના વિકારો** જઠરના અગ્નિનાં (૧) તીક્ષ્ણાગ્નિ, (૨) વિષમાગ્નિ, (૩) સમાગ્નિ, (૪) મંદાગ્નિ એમ ચાર પ્રકાર છે. કફની અધિકતાથી મંદાગ્નિ, પિત્તની અધિકતાથી તીક્ષ્ણાગ્નિ, વાયુની અધિક્તાથી વિષમાગ્નિ, અને ત્રણે દોષોની સમતાથી સમાગ્નિ હોય છે.

**મંદાગ્નિના લક્ષણ**–થોડો પણ ભારે પદાર્થ ખાય તો પચતો નથી. ઉલ્ટી થાય, ગ્લાનિ રહે, લાળ પડે, માથું અને પેટ ભારે લાગે.

**તીક્ષ્ણાગ્નિના લક્ષણ** – વિશેષ પ્રમાણમાં ખાધેલ ભારે પદાર્થોનું પણ સ્હેલાઇથી પાચન થઇ જાય.

**વિષમાગ્નિના લક્ષણ** – પાચન થાય પણ ખરૂં અને ન પણ થાય પેટ ચડી આવે ઉદાવતે થાય. પેટમાં ભાર દુખાવો, શૂળ, અધોવાયુ છુટતા કષ્ટ થાય, ઝાડા અતિસાર અને આંતરડામાં ધ્રુમરા વળે.

**સમાગ્નિનાં લક્ષણ** – આ અગ્નિ ઉત્તમ છે ખાધેલા પદાર્થ સારી રીતે પચે છે. વિકાર થતો નથી. અર્થાત્ શરીર નીરોગી રહે છે.

માટે સમાગ્નિની જાળવણી પ્રત્યે પૂરેપૂરી સાવચેતી રાખવી જોઇએ. જૈનધર્મમાં આહાર–વિહાર, ભક્ષ્ય–અભક્ષ્ય, પેય–અપેય વસ્તુઓ બહુ સારી રીતે સમજાવવામાં આવેલી છે. એક સ્તુતિની બીજી કડીમાં બહુજ સુંદર રીતે બહુજ સ્હેલાઇથી સમજી શકાય તેવી સાવ સરળ ભાષામાં ઉત્તમ ગોઠવણી કરેલી છે કે,

વાસી બોળાને રિંગણાએ કંદમુળ તું ટાળતો
ખાતાં ખોટ ઘણી કહીએ તે માટે મન વાળતો
કાચું દૂધને છાસમાંએ કઠોળ જમવું વાળતો
ઋષભાદિક જિન પૂજતાંએ રાગ ધરે શિવ નાર તો

જઠરાગ્નિ પ્રત્યે સજાગ નહિં રહેવાથી ખોરાક જીર્ણ નહિ થવાથી વિધવિધ પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે. અજીર્ણ એ વાસ્તવિક સામાન્ય પ્રકારનું દરદ ગણવામાં આવે છે. પણ અજીર્ણના પ્રભાવે પહેલી રસ ધાતુ જ જો બગડે તો ઉત્તરોત્તર બધી બહુ મુલ્યવાન ધાતુઓ પણ બગડે અને એને અનેક પ્રકારના પ્રાણઘાતક રોગો પ્રગટે.

અજીર્ણના પ્રકાર [૧] આમાજીર્ણ [૨] વિદગ્ધાજીર્ણ [૩] વિટાટબ્ધાજીર્ણ [૪] રસેશાજીર્ણ [૫] અજીર્ણ [૬] અને પ્રતિવાસર.

**આમાજીર્ણનાં લક્ષણો** – પેટ તથા શરીર ભારે રહે, વમનની શંકા થયા કરે, ગાલ તથા આંખે સોજા દેખાય, અશુદ્ધિથી ભરેલા ઓડકાર આવે મળ કાચો ઉતરે.

**વિદગ્ધાજીર્ણનાં લક્ષણો** – ભ્રમ, તૃષા, મૂર્ચ્છા, પિત્ત પ્રકોથી સંતાપદાહ, બળતરા, શોષ, ગરમીના વિધવિધ વ્યાધિઓ, ધુમાડાવાળા ખાટા ઓડકાર અને પરસેવો વળે.

**વિષ્ટબ્ધાજીર્ણના લક્ષણો.** – શૂળ, દુખાવો, પીડા, આફરી, વાયુની વિધવિધ વ્યાધિઓ, અપાન વાયુનું વિરૂદ્ધવર્તન અંગો સજ્જડ થઇ જાય, સોયો ભોંકાતી હોય તેવી પીડા ઉત્પન્ન થાય છે.

**રસેશાજીર્ણના લક્ષણો** – અન્ન ઉપર અરૂચિ, અંગોમાં દુખાવો ભારેપણ અને બેચેની રહે છે.

**અજીર્ણના લક્ષણ** – ખાધેલું અન્ન તેજ દિવસે ન પચતાં બીજા દિવસે પચે તે અજીર્ણ.

**પ્રતિવાસરના લક્ષણ** – વિકારોને ઉત્પન્ન નહિં કરતું જે અજીર્ણ જ્યાં સુધી પાચન ન થાય તેટલી જ મુદતનું તે પ્રતિવાસર.

ઉપરાંત પાતળો ઝાડો એ અપચાની નિશાની છે બંધાએલો મોઈના આકારનો પીળાશ પડતા રંગનો ઝાડો નરવાઈની નિશાની છે. જીભ ઉપર વળેલી સફેદ છારી અપચાનું લક્ષણ છે. હોજરીમાં ખોરાક પચ્યા વગરનો સડતો હોય તેથી અશુદ્ધ-વાયુ જીભ ઉપર જામે છે,

અજીર્ણને જીર્ણ કરનાર, મંદાગ્નિને પ્રજ્વલિત કરનાર, સમુહ પાચન તંત્રને સુધારનાર, દુષિત રસને અમ્રત સમાન બનાવનાર ઉપચારોમાં અતિ શ્રેષ્ટ ઉપચાર ઉપવાસ છે.

દુષિત કાચો રસ નાડીઓ દ્વારા શરીરમાં ફેલાવા માંડે છે આ અશુદ્ધિ મળ, ઝેરનો નાશ દવાઓ કે રેચક પ્રયોગોથી બરાબર થતો નથી. રેચક પદાર્થોથી પાચનતંત્ર બગડે છે. રેચક ક્રિયા એક તરફથી અશુદ્ધિ બહાર કાઢે છે જ્યારે બીજી તરફ ખોરાક ખાવાની પ્રવૃત્તિ ચાલુ રખાતી હોય છે. એટલે ઉપવાસ એજ અતિ ઉત્તમ પ્રયોગ છે.

**अजीर्ण भोजनत्यागी** આયુર્વેદમાં લંઘન યાને અન્ન ત્યાગ સુચવવામાં આવેલો છે. કુદરતી ઉપ-ચાર પદ્ધત્તિમાં પણ ઉપવાસની મહત્તા ઉપર ખૂબ લખાણ છે. ધર્મારાધનમાં પણ પર્વ તિથિએ ઉપવાસ ન કરનારને દોષિત ગણેલ છે. રસના એ રોગનું કારણ છે. જ્યારે ઉપવાસ સુંદર વારણ છે.

દૈનિક વ્યવહારમાં પણ જેના આહાર વિહાર મિત હશે. આચાર વિચાર મિત હશે, ખાણું–પીણું મિત હશે, શરીરમાં અમ્લતાની વધઘટ થશે નહિં, છાતી બળશે નહિં ધચરકા આવશે નહિ, પેટના પોલાણમાં સુકોમળ અવયવોમાં દાહ થશે નહિં. હેડકીનો પ્રકોપ થશે નહિ, મળમૂત્ર અને પસીનો દુર્ગંધ વગરનો સ્વચ્છ હશે. ભાતભાતની મીઠાઇઓ તમતમતાં શાક અને અથાણાઓ કાચાકોરા તળેલા પદાર્થો અને અતિ શૂક્ષ્મ મેંદાના પદાર્થો ગુંદરની માફક આંતરડામાં ચોંટી રહેશે નહિં આંતરડા ગટરનું કામ કરે છે. સાફ ગટર એ નીરોગીતાની નીશાની છે.

## ઉપચાર સાદા અને સરળ

[૧] લંઘન કરવાથી વિદગ્ધાજીર્ણ, શેક કરવાથી વિષ્ટબ્ધાજીર્ણ, શયનથી રસેશાજીર્ણ મટે છે. ગરમ પાણી પીવાથી આમાજીર્ણ મટે છે.

[૨] હરડે તથા સુંઠ બન્નેનું ચુર્ણ કરી ગોળમાં મેળવી ખાવાથી અજીર્ણ મટી ભૂખ લાગે છે.

[૩] હરડે દળ, પીંપર અને સંચળ સમાન ભાગે લઇ ચુર્ણ કરી ઉના પાણી સાથે સેવન કરવાથી બધી પ્રકારના અજીર્ણ મટે છે.

[૪] ત્રિમદ, ચિત્રક મૂળ, વાવડીંગ અને નાગરમોથ આ ત્રણ ઔષધ ત્રિમદ કહેવાય છે. સમ ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરવું. ચારથી આઠ આઠ વાલ સવાર સાંજ લેવું જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે. આમનુ પાચન થાય છે પેટપીડ, ચુંક આફરો શુળ મટી જાય છે.

[૫] ધાણા અને સુંઠ આ બેજ ઔષધ એક એક તોલો લઇ અધકચરા ખાંડી એક શેર પાણીમાં ઉકાળી પાસેર પાણી રહે ગાળી લઈ સવાર બપોર સાંજ એમ ત્રણ વખત પીવાથી પાચન તંત્રના બધા વિકારો શાંત થઇ જાય છે. ઔષધ પૈસાનું, ફાયદો અકલ્પનીય. સુંદર કવાથ છે.

[૬] ચવક, ચિત્રમુળ, સુંઠ અને દેવદાર આ ચાર ઔષધના કવાથમાં નસોતરનું ચુર્ણ અને ગાયનું ઝરણ મેળવી પીવાથી પેટના સર્વે રોગો મટે છે.

[૭] શુદ્ધ પારદ તો. ૧ શુદ્ધ ગંધક તો. ૧ મરી તો. ૨ નું ચુર્ણ કરી પારદ ગંધકની કજ્જલી સાથે ઘુંટી એક રસ કરી ભોરીંગણીના ફળના રસની એકવીશ ભાવના આપી ચણોઠી જેવડી ગોળી બનાવી ૨ થી ૮ ગોળી પાણી સાથે લેવી.

[૮] શંખની બનાવટ શંખભસ્મ, શંખવટી,

શંખદ્રાવ આદિ પેટના દરેક દરદોમાં સારો ફાયદો કરે છે.

[૯] સીંધાલુણ તો. ૧ પીંપરીમુળ તો. ૨ પીંપર તો. ૩ ચવક તો. ૪ ચિત્રો તો. ૫ સુંઠ તો. ૬ હરડેદળ તો. ૭ નું ચુર્ણ કરી નવસેકા પાણી સાથે લેવું.

[૧૦] હોજરીની કાર્યવાહી દિવસે ચાલ્યા જ કરતી હોય છે. પણ શ્રમ પછી આરામની જરૂર રહેલી જ છે. પુરતાં પ્રમાણમાં જો આરામ ન મળે તો શ્રમિત અવયવો તંદુરસ્ત રહી શકે નહિં. કુદરતીરીતે જ દિવસે માનવી શ્રમ કરે છે. રાત્રે આરામ કરે છે. એક બે રાત્રી જો આરામમાં નથી જતી તો શરીર નંખાઈ જાય છે. સ્ફુર્તિ ચાલી જાય છે. શ્રમથી શરીર સુકાય છે. આ દરેકના અનુભવની વાત છે. તો આજ ન્યાયે પાચન અવયવોને પણ દિવસના શ્રમ પછી રાત્રે આરામની ખાસ આવશ્યકતા સમાએલી છે. મહાન ઉપકારી, સુખકારી, હિતકારી, પાવનકારી શાસ્ત્રજ્ઞ ભગવંતોએ 'રાત્રી ભોજન ત્યાગ' કરવાની જે અનુપમ વાત કહી છે. તે સ્વીકારી લેવાથી આપોઆપ આરામ મળવાથી પાચન ક્રિયા નિરોગી જ રહેવાની તેમજ મિત, અસ્વાદ તથા હિતકર આહાર પાચન-તંત્રને ઉપકારક છે.


**શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને —**

**ભેટ મળે છે.**

**શ્રી વર્ધમાનતપ માહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક **શેઠશ્રી જેચંદ ભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે, પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે તે જણાવવું જરૂરી છે સીરનામુ પુરેપુરું લખશો. પુસ્તક મંગાવવાનું : સ્થળ **કલ્યાણ પ્રકાશન મંદિર** વઢવાણ-શહેર

જોધપુરની મશહુર, હાથે બાંધેલી જયોર્જેટ તથા આર્ટ સિલ્કની બાંધણીઓ, પાકારંગ તથા કલાત્મક ડીઝાઈનમાં જથ્થાબંધ તથા રીટેલ ખરીદવા માટે

**હુકમચંદ વી. જૈન**

ડાગા બજાર * **જોધપુર** * રાજસ્થાન

**: અમારા સ્ટોકિસ્ટસ :**

| | |
|---|---|
| મગનલાલ ડ્રેસવાલા | મુંબઈ |
| કે. છોટાલાલ | કલકત્તા |
| વાંઝા કરશનદાસ નાથાભાઈ | જામનગર |
| મયાભાઈ મોહનલાલ | અમદાવાદ |
| લક્ષ્મીચંદ દયાળજી | ભાવનગર |
| ચત્રભૂજ નાનચંદ | સુરેન્દ્રનગર |

**श्री जिन मन्दिरोंके उपयोगी**

रथ, हाथी, इन्द्रधजा, गाडी, पालखी, भन्डारपेटी, सुपनाजी, सिहासन, पांच धातु की प्रतिमाजी बनाने वाला प्रसिद्ध फर्म

**मीस्त्री वृजलाल रामनाथ**

पालीताणा : (सौराष्ट्र)

**शुभ सूचना**

उन बहुत बडियां सफेद औघा व चरवला वास्ते हर प्रकार की रेशमी, मिक्स तथा उनी काम्बली व जोटा सस्ते दाम खरीदें, सूचीपत्र मुफत मंगाओ

बिशेशरदास रतनचंद जैन
लुधियाना (पंजाब)

# પ્રશ્નોત્તર કર્ણિકા

**ધર્મરુચિ**

'કલ્યાણ' માં વિવિધતા લાવવા અમારો પ્રયત્ન સતત જાગૃતિપૂર્વકનો ચાલુ છે. વિવિધ વિષયસ્પર્શી તથા તાત્વિક મનનીય સાહિત્યનો રસથાળ પીરસતા 'કલ્યાણ' ની લોકપ્રિયતા દિન-પ્રતિદિન વધતી જ રહી છે. અનેક વિભાગો દ્વારા અનેકવિધ સાહિત્ય પીરસવાની અમારી પૂર્ણ કાળજી છે. આજે 'કલ્યાણ' માટે નવો વિભાગ ઉઘડે છે, જેમાં 'કલ્યાણ' પ્રત્યેની આત્મીયતાથી પ્રેરાઇને બહુતશ્રુ વિદ્વાન લેખકશ્રી ખાસ પરિશ્રમ લઇને આ વિભાગને તૈયાર કરી આપવા કૃપા કરી રહ્યા છે. આ વિભાગમાં 'કલ્યાણ'ના જિજ્ઞાસુ વાચકોને જરૂર બોધપ્રદ હકીકત જાણવા-સમજવા મળશે. સહુ કોઇ આ વિભાગને અવશ્ય વાંચે-વિચારે!

**પ્ર૦ ૧ :** શ્રી તીર્થંકરદેવના શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યા કલ્પસૂત્રમાં આવે છે, તે ચોથા ગુણસ્થાનકની કે પાંચમા ગુણસ્થાનકની?

**ઉ૦ :** પાંચમા ગુણસ્થાનકની હોય એમ લાગે છે.

સેન પ્રશ્ન ઉલ્લાસ ત્રીજો પ્રશ્ન ૨૩૨ માં જણાવ્યું છે કે-

શ્રી તીર્થંકર મહારાજા પાસે જેઓ સમ્યક્ત્વ પામવાપૂર્વક દેશવિરતિ આદિ પામ્યા હોય, તેઓને જ શ્રી તીર્થંકરના પરિવારમાં ગણવા.

પંડિત શ્રી વીરવિજયજી કૃત પંચકલ્યાણકની પૂજામાં કહ્યું છે કે-

એક લખ ચઉસઠ સહસ છે, શ્રાવકનો પરિવાર;<br>સગવીસ સહસ તે શ્રાવિકા, તિગ લખ ઉપર ધાર. (૨)<br>**દેશવિરતિધર** એ સહુ, પૂજે જિન ત્રણ કાળ;<br>પ્રભુ પડિમા આગળ ધરે, નિત્ય નૈવેદ્યનો થાળ. (૩)

આ બન્ને કથનથી શ્રી તીર્થંકરદેવના શ્રાવક-શ્રાવિકા પાંચમાં ગુણસ્થાનકવાળા હોય એમ લાગે છે.

**પ્ર૦૨ :** ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા એટલે શું અને તે સાધુને જ હોય કે શ્રાવકને પણ હોય?

**ઉ૦ :** ગ્રહણશિક્ષા એટલે જ્ઞાન મેળવવું અને આસેવનશિક્ષા એટલે ક્રિયાનુષ્ઠાન કરવું.

આ ઉભય પ્રકારની શિક્ષા સાધુ તથા શ્રાવક બન્નેને હોય. સાધુની ગ્રહણશિક્ષા જઘન્યથી અષ્ટપ્રવચન માતાનું સૂત્રાર્થથી જ્ઞાન અને ઉત્કૃષ્ટથી બિન્દુસાર પર્યન્ત ચૌદ પૂર્વનું જ્ઞાન.

શ્રાવકની ગ્રહણશિક્ષા જઘન્યથી સામાયિકાદિ સૂત્રાર્થ ગ્રહણરૂપ અને ઉત્કૃષ્ટથી દશવૈકાલિકના ચાર અધ્યયન સુધી સૂત્ર તથા અર્થથી અને પાંચમું અધ્યયન વગેરે માત્ર વ્યાખ્યાનાદિ દ્વારા અર્થ સાંભળવા રૂપ જ.

સાધુની આસેવનશિક્ષા-પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામન્ત્રને (સાત-આઠવાર) ગણવા પૂર્વક જાગ્રત થઇને સ્વાધ્યાય-પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ સંપૂર્ણ સામાચારીનું વિધિપૂર્વક હંમેશ પાલન કરવું તે.

શ્રાવકની આસેવનશિક્ષા-નમસ્કાર મહામન્ત્રના સ્મરણપૂર્વક જાગ્રત થઈ પ્રાતઃકાલથી માંડીને અહોરાત્રિ-પાક્ષિક આદિના પ્રત્યેક ધર્માનુષ્ઠાનોનું વિધિપૂર્વક પાલન કરવું તે.

**પ્ર૦ ૩ :** સામાયિકનો કાળ બે ઘડી જ કેમ?

**ઉ૦ :** સામાયિકનો બે ઘડી કાળ કહ્યો છે, તે સામાન્યથી છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે-**'जाव नियमं पज्जुवासामि'** એ પ્રમાણેનો પાઠ જો કે સામાન્ય વચનરૂપ છે, તો પણ જઘન્યથી ઓછામાં ઓછું અન્તર્મુહૂર્ત્ત સુધી તો (બે-ઘડી સુધી) અવશ્ય સામાયિકમાં રહેવું જોઇએ. અન્તર્મુહૂર્ત્ત પછી પણ ચિત્તની સ્થિરતા ટકે ત્યાં સુધી બીજું સામાયિક લઈ સામાયિકમાં રહી શકાય. વર્તમાનમાં વધારેમાં વધારે લાગલાગટ ત્રણ સામાયિક લેવાની પ્રથા છે.

**પ્ર૦ ૪ :** અલ્પસંસારીને ઓળખવા માટે સામાન્ય લક્ષણો કયાં છે?

**ઉ૦ :** અલ્પાહાર, અલ્પનિદ્રા, અલ્પારંભ, અલ્પપરિગ્રહ, અલ્પકષાય, સ્વાર્થત્યાગ, પરાર્થકરણ, પાપભીરુતા, જિનભક્તિ, જીવમૈત્રી, ગુણાનુરાગ દુઃખિત-દયા, દુર્ગુણી પ્રત્યે માધ્યસ્થ્ય, પ્રશમ, સંવેગ ભવનિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય વગેરે.

**પ્ર૦ ૫** : આસન્નસિદ્ધક જીવનું લક્ષણ શું ?

**ઉ૦** : સર્વજ્ઞકથિત ધર્માનુષ્ઠાનોમાં વિધિનું પાલન અને હંમેશા વિધિમાં સતત આદર વગેરે.

**પ્ર૦ ૬** : સમકિતી અને દેશવિરતિ કાળ કરીને કયી ગતિમાં જાય ?

**ઉ૦** : સમકિતની હાજરીમાં આયુષ્ય બાંધ્યું હોય એવા દેવતાઓ અને નારકો મનુષ્ય ગતિમાં જાય.

સમકિતી અને દેશવિરતિ એવા તિર્યંચો તથા મનુષ્યો જઘન્યથી પહેલે દેવલોકે જાય.

દેશવિરતિ તિર્યંચ ઉત્કૃષ્ટથી આઠમા દેવલોકે જાય.

દેશવિરતિ મનુષ્ય ઉત્કૃષ્ટથી બારમે દેવલોકે જાય.

**પ્ર૦ ૭** : સાધુ કાળ કરીને કયાં જાય ?

**ઉ૦** : સાધુ સામાન્ય રીતે બે પ્રકારના છે.

**૧ છદ્મસ્થ અને** ૨ કેવલી. તેમાં કેવલી સાધુ મોક્ષમાં જ જાય.

**છદ્મસ્થ સાધુ ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ** વિમાનમાં જાય અને જઘન્યથી પહેલા દેવલોકમાં જાય, પણ જો તે સાધુ ચૌદપૂર્વી હોય તો જઘન્યથી છઠ્ઠા દેવલોકમાં જાય.

અહિં છઠ્ઠા તથા સાતમા પ્રશ્નમાં જે ગતિના પ્રકારો બતાવ્યા છે, તે પોતપોતાના આચારમાં રક્ત હોય એવા સાધુ અને શ્રાવકો માટે સમજવાના છે.

સાધુક્રિયામાં સારી રીતે રહેલા દ્રવ્યલિંગી (મિથ્યાદૃષ્ટિ) ભવ્ય કે અભવ્ય જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી નવમા ગૈવેયક સુધી જાય છે.

**પ્ર૦૮** : દેવતાઓ ચ્યવીને કયાં ઉત્પન્ન થાય છે ?

**ઉ૦** : ભવનપતિ, વ્યન્તર, જયોતિષી અને પહેલા બીજા દેવલોકના દેવો બાદર લબ્ધિ પર્યાપ્તા પૃથ્વીકાય, અપ્કાય, પ્રત્યેક વનસ્પતિકાય અને ગર્ભજ લબ્ધિપર્યાપ્તા સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્ય તથા તિર્યંચમાં ઉત્પન્ન થાય.

ત્રીજાથી આઠમા દેવલોકવાળા દેવો, ઉપર કહેલા સંખ્યાત આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યમાં જ ઉત્પન્ન થાય.

નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાનવાળા સર્વ દેવો, કેવળ ઉપર કહેલા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં જ ઉત્પન્ન થાય.

**પ્ર૦ ૯** : સાધારણ વનસ્પતિકાયના જીવો એક સમયમાં કેટલા જન્મે છે અને કેટલા મરે છે ?

**ઉ૦** : સાધારણ વનસ્પતિકાયના જીવો પ્રતિ સમય અનન્ત લોકાકાશના પ્રદેશ રાશિ જેટલા જન્મે છે અને મરે છે.

**પ્ર૦ ૧૦** : પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને પ્રત્યેક વનસ્પતિકાયના જીવો એક સમયમાં કેટલા જન્મે અને મરે ?

**ઉ૦** : આ જીવો પ્રતિ સમય અસંખ્ય લોકાકાશના પ્રદેશ રાશિ જેટલા જન્મે છે અને મરે છે.

**પ્ર૦ ૧૧** : ત્રસ જીવો એક સમયમાં કેટલા જન્મે અને મરે ?

**ઉ૦** : ૧ બેઇન્દ્રિય,
૨ તેઇન્દ્રિય,
૩ ચઉરિન્દ્રિય,
૪ પંચેન્દ્રિય તિર્યંચ,
૫ સંમૂચ્છિંમ મનુષ્ય,
૬ અપ્રતિષ્ઠાન નરકાવાસને છોડી બાકીના નરકાવાસના નારકો અને
૭ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોને છોડીને બાકીના સર્વ દેવો—

આ સાત ત્રસ રાશિઓ અસંખ્ય જીવરૂપ છે, તે સાતે ત્રસ રાશિમાં પ્રતિ સમય જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી અસંખ્ય-અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે, અને તે પણ ઉત્કૃષ્ટથી નિરંતર આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય સુધી.

અહિં સાતમી રાશિમાં—સર્વાર્થસિદ્ધ સિવાયના સમગ્ર દેવોની એક રાશિ ગણેલી છે, એમ સમજવું. બાકી અલગ અલગ ગણવામાં આવે તો—નવમા દેવલોકથી માંડીને છેક અનુત્તરના ચાર વિમાનવાસી દેવો અસંખ્ય અસંખ્ય હોવા છતાં તેમાં પ્રતિ સમય ઉત્કૃષ્ટથી સંખ્યાતા જ ચ્યવે છે અને સંખ્યાતા જ ઉત્પન્ન થાય છે, કારણ કે—એ આનત દેવલોકથી છેક સર્વાર્થસિદ્ધ સુધીના દેવો સંખ્યાત આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યમાં જ જાય છે અને તે દેવલોકમાં આવનારા પણ સંખ્યાત આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો જ હોય છે.

# માનવતાનાં વહેતાં ઝરણાં!

શ્રી રાજેશ

[ 'કલ્યાણ' માટે ખાસ ]

ખાનદાની, ખેલદિલી, સજ્જનતા તથા પરોપકાર ને ઉદારતા તેમજ સ્વાર્થત્યાગ સંસ્કારિતા અને સહનશીલતા, પ્રમાણિકતા ઇત્યાદિ માનવતાના પાયામાં રહેલાં મૂલભૂત સદ્ગુણો છે. જીવનમાં આ સદ્ગુણો જો ન કેળવ્યા તો માનવ ખરેખર ધર્માચરણને પામવાને યોગ્ય બનતો નથી. ધર્મ તેના જીવનમાં દીપતો નથી. માનવતાને અજવાળી જનારાં આવાં સુંદર કોટિનાં સદ્ગુણો આપણી આસપાસના સંસારમાં જ્યાં ત્યાં વેરાયેલાં પડ્યા છે, તેમજ જીવનને દૂષિત કરનારાં દુર્ગુણો પણ પડ્યાં છે. તેમાંથી મુખ્યત્વે માનવતાના પાયાભૂત ગુણોની ગૌરવગાથા અહિં ખાસ 'કલ્યાણ' માટે લેખકશ્રી તૈયાર કરીને રજૂ કરે છે. માનવતાના સુંદર પાસાને રજૂ કરતાં આ મનનીય ને હૃદયંગમ જીવન પ્રસંગો વાસ્તવિક રીતે બની ગયેલા પ્રસંગો પરથી રજૂ થાય છે; 'કલ્યાણ' માં આ વિભાગ નિયમિત રીતે પ્રસિદ્ધ થતો રહેશે. વાચકોને આને અંગે જે કાંઇ જણાવવા જેવું હોય તે જણાવવા વિનંતિ છે.

## ૧ ઉદારતા :-

કાનપુરની બજાર વચ્ચેથી મોટર ઝડપી રવાના થઇ રહી હતી. બન્ને બાજુ ભરચક વસ્તી; કીડીયારાની પેઠે કાનપુરની બજાર ઉભરાઇ રહી હતી. છતાં પણ ડ્રાઇવર ''હોર્ન''ના જોરે મોટર હંકારી રહ્યો હતો. બજારનો માર્ગ વીંધી મોટર આગળ વધી. પણ...ત્યાં જ માર્ગ ઓળંગવા જતા તેર વર્ષના કીશોર સાથે મોટર અથડાઈ કુમળો બાળક ત્યાં જ ચગદાઇ ગયો. એનું પ્રાણ-પંખેરૂ ઉડી ગયું.

એ હતો કાનપુરના ધનવાન 'સાધ' જાતિના ગૃહસ્થનો એકનો એક જ છોકરો... તુરત જ માણસો ટોળે વળી યુવાન ડ્રાઇવરને હાથમાં લઇ ખોખરો કરી નાંખ્યો. લોહી વહેતો ડ્રાઇવર પણ ત્યાં લોથ થઇને પડી ગયો.

આ બાજુ મૃત બાલકના પિતાને ખબર પહોંચાડી. તેઓ તરત જ ત્યાં આવ્યા. બાળક તો મરી જ ગયો હતો. પણ ડ્રાઇવરની આ દુર્દશા જોઈ તેમણે ભાડાગાડી મંગાવી જાતે હોસ્પીટલમાં જઈ ડ્રાઈવરને દાખલ કર્યો... મરતા ડ્રાઈવરને બચાવ્યો.

પછીથી તુરત જ ઘટના સ્થળે આવી મૃત્યુ ક્રિયા પતાવી. એમના એક નજીક સંબંધીએ જઈ એમને કહ્યું: 'શેઠજી! તમે ખોટું કર્યું. કેશ કરવાના બદલે તમે ઉલટો ડ્રાઈવરને બચાવ્યો. આ શું સારૂં ગણાય ?'

શેઠે શાંતિથી જવાબ વાળ્યો: 'ભાઇ! મારો પુત્ર તો મરી જ ગયો હતો. એ તો કદી પાછો આવવાનો જ નહતો. ત્યારે શું બીજાને મારે બચાવવો જ નહિ. મારનારને મારવાથી જ ફાયદો થાય એ તો હિંસક વાત છે...મારો બાબો જ્યાં હશે ત્યાં શાંતિ ભોગવશે, કારણ કે એના મારનારના પ્રાણને મેં બચાવવા કોશીશ કરી હતી...'

પ્રશ્ન પૂછનાર ભાઇ શરમાઇ ચાલતા થયા.

*

## ૨ દિલની અમીરી :-

શીયાળાની કકડતી ઠંડી હતી. હિમવર્ષાથી ડામરરોડ પણ ભીંજાઈ ગયો હતો. ધરતી પર પગ મૂકવા સલામતી ભર્યા ન હતા. એ વખતે એક ગરીબ ભિખારી પોતાના નાનકડા બાળકને લઇને ગલી ગલીએ ભટકતો હતો. ભૂખથી એની આંખો ઉંડી ઉતરી ગઇ હતી. પગમાં ચાલવાની જરા પણ શક્તિ ન હતી. છતાં પણ એને એની ખાતર નહિ. ભૂખે મરતા નાના બાળકની ખાતર ભીખ માંગવા નીકળવું પડયું હતું.

ઓ દાદા! ઓ શેઠ! ઓ મોટા ઘરના માલિક ત્રણ દિવસથી ભૂખ્યો છું. આ છોકરાની મા છ મહિનાના નાના છોરૂને મૂકીને કાલે જ મરી ગઈ. નાનું બાળક ટળવળી રહ્યું છે. એનો જીવ કંઠે આવી

ગયો છે. ઓ અન્નદાતા શેઠ! મારી ખાતર નહિ. માણુસાઇની ખાતર નાના જીવને બચાવવા ખાતર કંઇક આપો. આ છોકરૂં પણ ત્રણ દિવસથી લાંઘે છે. દયા કરો દયાળું! ભગવાન તમારૂં ભલું કરશે ખમ્મા મારા શેઠને!

પાષાણને પીગાળી નાંખે એવા આ શબ્દો સાંભળી ત્રીજા માળની ટોચે ઉભેલા શેઠનો મગજનો પારો ચઢી ગયો 'સાલા નાદાન! સવારમાં ઉઠતાં જ માગવા સિવાય કંઇ ધંધો છે કે નહિ. સરકારે 'બેગર્સ બીલ' લાવ્યુ. તોય તમારા જેવા હજુ ભટકતા અટક્યા નથી. નીકળી જા બહાર અહિંથી કશું જ મળશે નહિ.'

'ઓ શેઠ! ભૂખ્યો છું! કશુંક ખાવાનું આપો. ભગવાન ભલું કરશે' શેઠનું મગજ વધુ ઉછળ્યું. આ લપ એમને એમ નહિ જાય. તરત જ પાસે પડેલ ઠંડા પાણીની માટલી ભીખારી પર ઠાલવી દીધી. એક તો અસહ્ય ઠંડી અને ઉપરથી શેઠ સાહેબની પ્રસાદી સ્વરૂપ ઠંડુ પાણી...ભીખારી ઠુંઠવાઇ ગયો. બાજુના ખૂણાંમાં જાન બચાવવા બેસી ગયો. એનો નાનો છોકરો પોકે પોકે રડી રહ્યો હતો... વૃદ્ધ પણ દુઃખની ગીતા ગાતો ભગવાનને યાદ કરી રહ્યો હતો. એનું શરીર થર થર કાંપતું હતું. તે જ વખતે મીલની વીસલ થઇ. નોકરી ઉપર મજુરોએ વૃદ્ધની કહાણી સાંભળી... એમનાં હૃદય દ્રવી ગયાં.

આનો બે આનાં કરતાં ચાર રૂપીયાની સીલક ડોસાને આપી મજુરો વિદાય થયા...પાર્ટીયાના મોહની ખાતર હજારો પાણી માફક વેડફી નાખનાર સારા કે દરિદ્રને દેખી દ્રવિ જનાર આ મજુરો સારા! જોઇ એ છે હૃદયની શ્રીમંતાઈ. આ છે દીલની અમીરી!

*

## ૩ ખાનદાની :-

ઉનાળાના દિવસોમાં રજાઓ ગાળવા વિદ્યાર્થીઓ પોતપોતાના ગામમાં આવતા. શહેરના વિદ્યાર્થી ગામમાં આવે એટલે સહેજે પોતપોતાની બુદ્ધિમત્તાનું વેશભૂષાનું પ્રદર્શન કરવાનું જરા વધુ મન થાય જ, એવા જ એક બી. એ. સીનીયરમાં અભ્યાસ કરતા એક બંધુ પોતાના ગામ ગયા... અપ-ટુ-ડેટ વેશ, ચમચમાટ બૂટ, હાથમાં રૂમાલ રાખી ફરવાનો ભાઇસાહેબને ભારે શોખ...ગામના લોકો પણ આ યુવાનને જુદી નજરે જ જોઇ રહેતા હતા.

રસ્તે જતા આ ભાઇને 'રાજુ' નામની એક બાઈ મળી.

'કેમ રાજુ! ક્યાં જાય છે?'

'ભાઈ! તમારા ઘેર દળણાં, પાણી કરવા માટે. જોવો અમ ગરીબોના અવતાર, આખો દિવસ કાળી મજુરી કરીએ ત્યારે સાંજે દાણો ભાળીયે, રોટલો બનાવીએ પણ ખાવો શામાં? તમારે ત્યાં અને ગામમાં બીજી બે એક જગ્યાએ જઇ થોડું ઘણું કામ કરી આવીએ (થોડા કામનો અર્થ બે પાંચ પાણીનાં બેડાં કુવેથી ભરી લાવવા, અને બે ચાર પાલી દળી આપવું જેમાં ખાસ્સા ચાર કલાક તો જોઇએ જ) અને તામણીયું છાશ મળે જેથી જરા ગળું ભીનું થાય. રોટલો તો ખવાય.'

'પણ રાજુ! કહે છે કે ગામમાં શેઠે સદાવ્રત ખોલ્યું છે તેમાં ખૂબ જ સરસ જાડી અને જોઈ એટલી છાશ મળે છે તો એ વેઠ શીદ કરો છો? સદાવ્રતમાંથી જઇને જોઈ એટલી લઈ આવવો ને? ગામની છાશ તો પાણીના ભેળવાળી મળે પણ તે ભેળ વિનાની મળે?'

'શું બોલ્યા ભાઇ તમે! અણહક્કનું ખાઇએ તો આપણો મનખા અવતાર લાજે આપણા હાથમાં હિંમત છે ત્યાં સુધી ભૂખે મરવું એ બહેત્તર છે પણ માંગીને ધર્માદાનું અણહક્કનું ખાઈને જીવન બરબાદ ન કરવું. નકરૂં પાણી મળે તો પણ હું તો મજુરી કરીને જે મળે એ ખાવામાં જ આનંદ માનું.

વિદ્યાપીઠની કેળવણી લઈ ઉત્તિર્ણ થયેલા પેલા ભાઈ માથું ખંજવાળતા રવાના થયા...ભણેલો

હોય કે અભણ પણ જે સંસ્કારી હોય તે જ સાચું જીવન જીવી શકે ગરીબીમાં પણ હાથ ન ધરવા જેટલું દિલ તે જ ખરી ખાનદાની છે ને હાથ ધરનારનાં હાથને પાછો વાળવો નહિ પણ તે ખાનદાનીની પરાકાષ્ટા છે.

*

### ૪ સંસ્કારિતા :-

બાપ-દાદાની વખતનાં ચોપડા લઈ સુમન એના જુના લેણીયાત રામદાસને ત્યાં ગયો. સાથે બે પોલીસો હતા. ઘણાં વર્ષોનું લેણું ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત લેવા માટે આજ તે ગયો હતો. રામદાસ ખચ્ચરવાન હતો. ઘેર ખાવા પૂરતું અનાજ ન હતું. પહેરવા પૂરતાં કપડાં ન હતાં. રહેવા માટે નાની ખોલડી હતી. જેમાં આખું કુટુંબ ખીચોખીચ ભરાઈ રહેતાં...સુમન ને પોલીસો સાથે આવતાં જ આખું કુટુંબ કણુસી ઉઠયું. નાનાં બાળકો ચીસ પાડી રડવા મંડી ગયા.

'એય રામલા ! આજ તારા ઘર પર જપ્તી લાવ્યો છું. બૈરાં, છોકરાં સહિત હાથે પગે બહાર નીકળી જા. ઘણા વર્ષો તારી રાહ જોઇ પણ તું એક રાતી પાઈ પણ આપે એમ મને નથી લાગતું માટે આજે તો હું ઘરવખરી અને ઘર વેંચીને જ જવાનો છું.'

હતાશ રામદાસ એક પણ શબ્દ બોલ્યા વિના ગરીબડી ગાયની પેઠે સુમનના પગમાં પડી આળોટયો.. સુમને પગની લાત મારી દૂર હડસેલ્યો.

આખું કુટુંબ રોકકળ કરવા માંડયું. નિઃસહાય બની પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યું જ્યારે સુમન હસતે મુખે વિજયી સૈનિકની જેમ રામદાસની ઘરવખરી ગાડીમાં ભરી ઘરને ખંભાતી તાળું લગાવી ઘર ભણી રવાના થયો.

ગામમાં હાહાકાર થઇ ગઈ. એક સુખી ગણાતા શ્રીમંતે ગરીબના ઘરને ધૂળ ચાટતું કરી નાંખ્યું.

સુમનના મોટાભાઈ ધર્માત્મા હતા. તેમણે જ્યારે આ વાત સાંભળી ત્યારે તે અકળાઈ ઉઠયા. એમનું હૃદય રડું રડું થઈ ગયું. ગરીબના જીવન રગદોળી ઘી કેળાં ઉડાવવા પ્રત્યે એમને પૂરી નફરત હતી. રાતોરાત એક ગાડી તૈયાર કરી તેમાં ધાનની ગુણો ભરી ઉપડ્યા રામદાસને ગામ...ને રઝળતા કુટુંબને એમણે અનાજ ભેગું કર્યું. પાસેથી પૈસા આપી નવું મકાન બાંધવા સૂચન કર્યું.

રામદાસે જાણે આજે સાક્ષાત્ પરમાત્મા મળ્યા હોય એટલો આનંદ અનુભવ્યો...ભાઈ ભાઈ વચ્ચે પણ કેટલું અંતર ? એક, બીજાનું લોહી ચૂસી જીવવા માગે છે. બીજો, બીજાને સુખી બનાવી પછી જ પોતે સુખી થવા માગે છે. ખરેખર સંસ્કારિતા ને સજ્જનતા તે જ કે જે બીજાનાં દુઃખમાં સહાય કરવી.


## આત્મસાધનાની અમૂલ્ય તક

**એકાંત, શાંત અને પવિત્ર વાતાવરણમાં ધર્મારાધના કરવાની સુંદર યોજના**

મુમુક્ષુ આત્માઓ સર્વવિરતિ-ચારિત્રના સાધ્યપૂર્વક અંશે પણ દેશવિરતિ રૂપ સંયમી જીવન જીવવા સાથે સુંદર રીતે ધર્મારાધના કરી શકે એ આ સંસ્થાનો ઉદ્દેશ છે.

**(ફક્ત પુરુષો માટે જ)**

પાલીતાણા તળેટીના પવિત્ર વાતાવરણમાં જીવન સુવાસ પ્રગટાવવા માસિક રૂા. ૪૦)માં રહેવા તથા જમવાની ઉત્તમ સાનુકુળતા છે.

**સભ્ય શ્રીઃ**—શ્રી જૈન શ્વે. મૂ. સંપ્રદાયની કોઇપણ પુખ્ત ઉંમરની વ્યક્તિ આ સંસ્થાને રૂા. ૧૦૧) અગર વધારે આપી આજીવન સભ્ય બની શકે છે. સંસ્થામાં સાધક તરીકે રહેવાની કે સભ્ય બનવાની ઈચ્છાવાળાએ નીચેના સિરનામે પત્ર વ્યવહાર કરવો.

**શ્રી જૈન શ્વે. મૂ. મુમુક્ષુ શાંતિનિકેતન**
ઠે. તળેટી, ગિરિવિહાર, પાલીતાણા

# ઉન્નતિનો શ્રેષ્ઠ માર્ગ ગુણાનુરાગ

શ્રી કેશવલાલ મોહનલાલ શાહ, એલ. એલ. બી. મુંબઇ

જીવનને ઉન્નત બનાવવા માટે તથા જીવનની પ્રગતિ કરવા માટે ગુણાનુરાગ એ મહાન સદ્‌ગુણ છે. દોષદૃષ્ટિને ત્યજી, ગુણાનુરાગ વૃત્તિ કેળવનારો આત્મા જીવનને ઉર્ધ્વગામી બનાવે છે, આ હકીકતને સુંદર તથા સુબોધ શૈલીયે સમજાવનાર આ લેખ, તમને ઘણું મનનીય તથા વિચારણીય વિચાર પાથેય પીરસે છે. આ લેખના લેખક, 'કલ્યાણ' પ્રત્યે આત્મીયભાવે ઉપયોગી વિષયના લેખો લખીને મોકલે છે, જે 'કલ્યાણ'માં નિયમિત પ્રસિદ્ધ થતા રહેશે.

સકળ વિશ્વ ગુણદોષ બન્નેથી ભરેલું છે. આ જગતના પ્રાણી માત્ર ગુણ અને દોષ બન્નેથી ભરેલો છે. કોઇમાં ગુણ વધુ છે કોઈમાં દોષ વધુ છે. માનવીની મોટામાં મોટી નબળાઇ છે, તેનો દૃષ્ટિદોષ–બીજાના દોષ જોવાની દૃષ્ટિ ગુણ નહિ, જેની પાસે કેવળ દોષ દર્શન દૃષ્ટિ છે તે મહાન પુરુષોમાંથી પણ દોષ શોધશે–દૂધમાંથી પણ પોરા વિણશે. કહેવત છે કે કમળાવાળો બધુ જ પીળુ દેખે. બીજી બાજુ ગુણગ્રાહક પાપીમાં પણ ગુણ જોશે. દોષ શોધક હંમેશા અવનતિના ખાડામાં ઊંડે ને ઊંડે જતો જાય છે. જ્યારે ગુણગ્રાહક હંમેશા ઉન્નતિનાં પંથે આરોહણ કરતો હોય છે.

એક પ્રસંગે કૃષ્ણ મહારાજા રાજમાર્ગ પરથી પસાર થતા હતા, ત્યાં એક સડેલું દુર્ગંધ મારતું કૂતરૂ પડેલું હતું. બધા માનવીઓ નાક પર રૂમાલ મૂકી દુર્ગંધથી બચવા પ્રયત્ન કરતા હતાં. પરંતુ કૃષ્ણ મહારાજાએ કહ્યું.

'આ કૂતરાના દાંતની પંક્તિ કેટલી સુંદર છે' કેટલી વિશાળ ગુણગ્રાહકતા !

એક સમય જનકવિદેહી રાજસભામાં બેઠા હતા ત્યારે આઠ વાંકા અંગવાળા રંગે કાળા એવા એક કુરૂપ પુરુષે રાજસભામાં પ્રવેશ કર્યો બધા જ એવા કદરૂપાને જોઈ હસવા લાગ્યા. બધાને તેના દોષ જ દેખાયા પરંતુ જનકવિદેહી મૌન હતા. આ હતા અષ્ટાવક્ર.

અષ્ટાવક્ર ગાંજ્યા જાય તેવા ન હતા. તેઓ બોલ્યા, 'મને ખેદ થાય છે કે આવા રાજાની સભામાં બધા ચમારો ભેગા થયા છે. ચમાર હંમેશા ચામડાને જ જૂએ છે આપ સૌ મારા વાંકા અંગ જોઇ હસો છો. પણ આવા શરીરમાં હસવા જેવું શું છે? આત્માનું સાચું ધન જ્ઞાન–ચારિત્ર છે–નહીં કે બહારના ચામડાથી મઢેલા માસનાં લોચા અને હાડકાનાં ઢગલા ! આપ સૌને હું શાસ્ત્રાર્થ કરવા આવ્હાહન આપું છું. મારી સાથે વાદવિવાદમાં કોઈ જીતી નહીં શકે.

બધા સભાજનોનાં મુખ પર શ્યામતા છવાઇ. જનકરાજા તો ગુણગ્રાહક હતા. અષ્ટાવક્રના ગુણ જ તેમને દેખાતા હતા. સભાજનો અષ્ટાવક્રની વિદ્વતાના ભક્ત બન્યા, તેમનું સન્માન કર્યું.

આ દૃષ્ટાંતોથી આપણને એક સનાતન સત્ય મળે છે.

પણ આપણો એ મહાન દોષ છે કે આપણે બીજાનો છીદ્ર જ જોયા કરીએ છીએ.

આપણી સૌથી મોટી કમજોરી એ છે કે આપણે પોતાની બુદ્ધિમત્તાને સર્વશ્રેષ્ઠ માનીએ છીએ. આપણે એમ માનીએ છીએ કે અમે જે કાંઈ વિચારીએ, કરીએ યા લખીયે તે ઉચિત જ છે. પૂર્ણ વિવેકી છે. જ્યારે સરસ્વતી માતાએ બુદ્ધિની વહેંચણી કરી ત્યારે દોઢ ભાગ આપણામાં બાકીનો કેવળ અર્ધો ભાગ બીજામાં વહેંચી આપ્યો.

'મારા ગુણોનો કોઇ પાર નથી, મારા જેવો

સમજદાર, બુદ્ધિમાન અને ગુણવાન આ દુનિયામાં બીજો કોણ છે ?'

આ 'અહં' ભાવનામાંથી મમત્વ જન્મે છે. જે પતનનું મુખ્ય કારણ બને છે. આવી કૂપ-મંડૂક સંકુચિત વૃત્તિથી આપણામાં સદ્દચરિત્ર અને બીજામાં દોષ દેખાય છે.

માનવ બીજા બધાને જોઇ શકે છે. પરંતુ પોતાની જાતને જ જોઈ શકતો નથી. બીજાના દોષ અને પોતાના ગુણને તે પહાડ જેટલા જુએ છે.

ઇશ્વર સિવાય કોઈપણ જીવ સંપૂર્ણ દોષ મુક્ત નથી, એ સત્ય ભૂલાતા માનવી માર્ગ ભૂલે છે. ખોટા રસ્તે પ્રયાણ કરે છે પરિણામે ઘોર દુઃખનો ભાગી બને છે દશદષ્ટાંતે દુર્લભ માનવ-ભવની અમૂલ્ય ક્ષણો બીજાની ગટર સાફ કરી સ્વયં ગંદા બનવામાં, બીજાના કપડા ધોઈ સ્વયં મેલા બનાવવામાં વેડફાય છે બીજાના દોષ જોનાર પાપરૂપી કાદવમાં ડૂબતો જાય છે. ને અપ્રત્યક્ષ રીતે તેને જ ગ્રહણ કરતો જાય છે. ને અંત દોષોનું સંગ્રહસ્થાન બને છે. કારણ કે જે જેવું ચિંતન કરે તેવા જ વિચાર તેના ગુપ્ત મનમાં પુષ્ટા થાય છે. એવી જ મનોવૃત્તિ ઘડાય અને તે વિચાર મનની સ્વાર્થીવૃત્તિ બને.

ભંગી થવું કે દેવ થવું તે તમારા હાથની વાત છે. કારણ કે માનવી પોતાના ભાગ્યનો સ્વયં શિલ્પી-ઘડવૈયો છે. ભંગી થવું હોય તો બીજાનાં દોષ જુઓ-દિવ્યતા પ્રગટાવવી હોય-મહામાનવ-પૂર્ણમાનવ થવું હોય તો બીજાનાં ગુણ જ જુઓ દોષ જોવાથી મન અસ્થિર-પાપમય અને વિકાર પૂર્ણ રહે છે. દોષદૃષ્ટિથી માનવીના મનમાં રહેલ સુષુપ્ત રાક્ષસત્વ જાગૃત થાય છે, કુદરત પોતે ચાહે છે કે દોષ જનતાની ચક્ષુથી દૂર રહે, તેથી જ માનવ શરીરના મળમૂત્ર કાઢનાર કુરૂપ દુર્ગંધિમય અંગોને ઢાંકવા સમાજનો નિયમ છે આજ રીતે માનવીના અંધકારમય ચરિત્ર ઢાંકયા જ રહેવા જોઇએ. ગંદકી ઉઘાડી કરવાથી શો લાભ ? દુર્ગંધ જ પ્રસરે.

એક વિચારક લખે છે.

'આ ગુણદોષથી ભરેલ સંસારમાં ઉપયોગી તત્વોને જ શોધો. આત્માનું ઉત્થાન પ્રગતિ અને સાચી ઉન્નતિ કરે તેવા તત્વોને શોધો સુખ મેળ-વવા માટે આ એક માત્ર માર્ગ છે.

શાસ્ત્રકારોએ સાચું જ કહ્યું છે કે કુવો ખોદનાર નીચે જાય છે. રાજમહેલ ચણનાર ઉપર જાય છે.

બીજાના દોષ દેખાય તો તે આપણામાં ન પ્રવેશ તે માટે સાવધાન થાઓ અસફળતામાંથી શિક્ષા લઈ સિદ્ધિમાર્ગે ગમન કરો. ભયસ્થાનોથી સાવચેત જ્ઞાતા બુદ્ધિપૂર્વક કામ લે તો આપત્તિ પણ સંપત્તિરૂપ થાય. ચતુર વૈદ્ય તે છે કે જે વિષયનું શોધન મારણ કરી તેને અમૃતતુલ્ય ઔષધિ બનાવે. એ રીતે ચતુર મનુષ્ય એ છે કે જે બુરાઇ-માંથી પણ લાભ પ્રાપ્ત કરી લે. તેથી જીવનની ઉન્નતિ માટે ગુણાનુરાગ અત્યંત આવશ્યક છે.

રાજહંસ દૂધ પી લે છે-પાણી છોડી દે છે.

કાગડો મીઠાઈ છોડે છે-વિષ્ટા ખાય છે.

ગુણગ્રાહક કમળનાં ફૂલ જેવો છે. કમળ ગંદ-કીમાં ઉત્પન્ન થાય છે. પરંતુ કીચડની ઉપર જ રહે છે. ગુણીજન ગંદકીને દેખી શું મોં બગાડે છે ? ના. તે તો કમળનું સૌંદર્ય-રંગ અને ગંધ જ જુએ છે.

ગુલાબની ચારે બાજુ કાંટા છે-કાંટો વાગે તો લોહી નીકળે. ચીસ પડાય, પણ કલાકાર તો તેની સુગંધ અને સૌંદર્ય જ જુએ છે.

દુષ્ટોનો એ સ્વભાવ છે કે તે હંમેશા દોષ જ જુએ, અને તેથી તે દુષ્ટ કહેવાય છે. કહ્યું છે કે.

**गुणिना गुणेषु सत्स्वपि पिशुनजनो दोषमात्रमादत्ते ।**
**पुष्पेकले विरागी क्रमेलकः कण्टकोर्घामिव ॥**

ઊંટ ફૂલને છોડી દે છે-મોંમાંથી લોહી નીકળે તો પણ કાંટા જ ખાય છે. તેને પોતાના લોહીમાં મીઠાશ લાગે છે.

જે માણુસ ગુણીજનના ઉત્તમ ગુણુને જાણુતો ન હોય, તે માણુસ સદા નિંદા કરતો હોય તેમાં આશ્ચર્ય નથી જેમ કે જંગલની ભીલડી હાથીના કુંભસ્થળમાં રહેલા મોતીને ફેંકી દઈને ચણોઠી પહેરતી હોય છે.

દુષ્ટોની વિદ્યા વિવાદ માટે, ધન અભિમાન માટે શક્તિ બીજાને દુઃખ અને પીડા આપવા માટે વપરાય છે. જ્યારે સજ્જનોની વિદ્યા જ્ઞાન માટે-ધન દાન માટે-શક્તિ બીજાને રક્ષણુ માટે ઉપયોગી થાય છે.

સાધુ સ્વભાવ છે કે.

સાધુ પુરુષ તે છે કે જે બીજાના દોષો કહેતો નથી-પાપ મનમાં સમાવી લે છે. તેની ઉપેક્ષા કરે છે. કહેવાય છે કે શિવજીએ વિષ પચાવી દીધું તો મહાન થયા.

સ્વદોષ અને પરગુણુને પહાડ જેવા જુઓ ઉન્નતિનો આ એક માત્ર સિદ્ધહસ્ત ઉપાય છે. પર દોષ અને સ્વગુણુ પ્રત્યે અંધ બનો.

શાસ્ત્રોમાં કહ્યું છે કે.

यथा हि निपुणः सम्यक् परदोषेक्षणं प्रति ।
तथा चेन्निपुणः स्वेषु केत मुच्येत बन्धमात् ॥

જેમ પુરુષ પરદોષ નિરૂપણુમાં અતિ કુશળ છે. તેમ પરદોષ નિરિક્ષણુમાં નિપુણુ થાય તો સંસારના બંધનોમાંથી શીઘ્ર મુક્તિ મળે.

મહાપુરુષ બનવાનો માર્ગ છે આત્મશુદ્ધિ વીણી વીણીને સ્વદોષ કાઢો આત્મવંચના કદી ન કરો.

(અથર્વવેદ)

અર્થાત્ હે સાધકો, શ્રેષ્ઠ બનવા, આપણી ઉન્નતિ માટે પોતાના દોષો અને દુર્ગુણોનો ત્યાગ કરો.

તમો ઉન્નતિ યા અવનતિના માર્ગે છો તે તપાસવાનું થર્મોમિટર આ છે.

(૧) તમારા મનમાં દુર્બળ વિચાર યા કુવાસનાની કલ્પનાઓ ઉઠે છે?

(૨) ઈર્ષ્યા, દ્વેષ અને વ્યભિચારમાં લિપ્ત છો?

(૩) દિવસનો મોટો ભાગ તમે શરીર શૃંગારમાં ગાળો છો.

જવાબ હકારક હોય તો સાવધાન બનો, ઇન્દ્રિયો અને મનને કાબુમાં લેવા પ્રયત્ન કરો.

વાસના મુક્તિનો એક માત્ર ઉપાય છે. વિષય-ભોગનાં દોષદર્શન અને શુભ ચિંતન-ભગવદ્ ચિંતન-જડનો વૈરાગ્ય ને જીવની મૈત્રિ.

(સૂચિત)

★

**पवित्र सुगंधी अगरबत्ती, जैन बाइओना हाथे दणेली.**

मंदिरमां ने घेर वापरवा लायक तेमज घणा वरसोथी जाती देखरेख नीचे ऊत्तम चीजोथी बनावेली अे अगरबत्ती दक्षिण, महाराष्ट्र, सौराष्ट्र, गुजरात, मारवाड, मुंबई, कच्छ, खानदेश, कलकत्ता, मद्रास, मध्यप्रदेश, मध्य भारत वगेरेना मोटा शहेरोमां कायम अमारी अगरबत्ती, वासक्षेप अने धुप वपराय छे.

अढार अभिषेकनी पुडीओ, गंगाजल, शत्रुंजयनदीनुं, सुरजकुंडनुं जल तथा भगवान प्रवेशनो तथा शान्तिस्नात्रने लगतो सामान, केसर-सुखड-बरास-वाळाकुंची-वरख-बादला (सोनेरी-रूपेरी) वगेरे मले छेः

श्री महावीर जैन सुगंधी भंडार ८३१ शुक्रवार पेठ, पुना २.

# હાજરા હજુર દેવ

શ્રી રમણલાલ ભોગીલાલ પારેખ. ખંભાત

—[ ૦ ]—

ધર્મના પ્રભાવે સત્વશીલ આત્માઓ વિપત્તિના મહાસાગરને તરી જાય છે; પણ કેટલીક વખતે મિથ્યાદૃષ્ટિ દેવો ધર્માત્માની આકરી કસોટી કરે છે, પણ રાજકુમારની જેમ પોતાનું સત્વ ટકાવી રાખનારને દેવ પણ શરણે આવે છે.

એક રાજા હતો. તેને એક કુમાર હતો. કુમાર રૂપવાન હતો. પુણ્યોદયે રાજાનો કુમાર હોવાથી સુખી હતો. રાજાએ તેને ૩૨ સ્ત્રીઓ પરણાવી હતી. તેઓને રહેવા માટે બત્રીસ મહેલો બંધાવી આપ્યાં હતાં. સુખમાં મહાલતો રાજકુમાર ક્યાંથી જાણે કે આ સુખ તો ચાર દિવસની ચાંદની છે.

વર્ષો વીત્યાં જાણે દિવસો ગયાં હોય એમ. એક દિવસ પૂર્વના પાપોદયે હજારો રોગોએ એકી સાથે રાજકુમાર પર હલ્લો કર્યો. શરીરે કોઢ, આંખમાં અસહાય વેદના, માથામાં શૂળ, પેટમાં ગોળો વગેરે.

રાજાએ વૈદ્યો બોલાવ્યા. મંત્ર, તંત્ર જાણનારા બોલાવ્યા. હજારો ઉપચારો અને લાખો દવાઓ નાકામયાબ નીવડી.

ગામમાં એક યક્ષ. હજૂરા હજુર. પ્રત્યક્ષ. રાજાએ અને કુમારે બાધા રાખી. ૧૦૦ પાડાનો ભોગ અને રોજના દર્શન.

પણ–

કર્મે લખેલા લેખ કોણ મિથ્યા કરી શકે? હાજરા હજુર સંતાઇ ગયો. રોગ ન મટયો તે ન જ મટયો. રાજકુમાર દુઃખી દુઃખી થઈ ગયો.

પણ રાજકુમારનું કાંઈક પુણ્ય જાગતું કે તે જ ગામમાં કેવલજ્ઞાની ગુરુદેવ પધાર્યા.

રાજા, પ્રજા વંદન કરવા ચાલ્યાં. રાજકુમારે કહ્યું 'મને લઈ જાવ' તેને પણ લઇ ગયા.

કેવલીભગવંતે દેશના આપી. દેશનાના અંતે રાજાએ પૂછ્યું. 'ભગવન્, મારા પુત્રને આ રોગ શા કારણે થયો?'

કેવલીભગવંત બોલ્યા 'સાંભળ, રાજન્ તેના પૂર્વ ભવના પાપના યોગે આ ભવમાં તારો પુત્ર આવા રોગોથી પીડાય છે. પણ હવે થોડા સમયમાં તે નીરોગી થશે.'

પૂર્વે એક ભવમાં તે રાજા હતો. મુનિનો દ્વેષી હતો. શિકારનો શોખીન હતો. શિકારે જતાં એક મુનિને જોયા. તીરથી મારી નાંખ્યા. મુનિ સમભાવે સહન કરતાં સર્વાર્થસિદ્ધમાં ગયા.

પણ આ તારા પુત્રે મુનિહત્યાનું બાંધેલું પાપ આજે ઉદયમાં આવ્યું છે.

રાજકુમાર બધું શાંતિથી સાંભળતો હતો. ઉભો થયો. વંદન કર્યું. કહ્યું: 'ભગવન, આ પાપથી કેમ છૂટાય?'

ભગવન બોલ્યાઃ અરિહંતદેવ, નિર્ગ્રંથગુરુ અને દયામય જિનધર્મને આચર, તારા પાપો નાશ પામશે.' રાજકુમાર સમકિત પામ્યો.

મનના પરિણામ સુધર્યા, ધર્મ આરાધ્યો, રોગ મટયો.

એક દિવસે ગામ બહાર જિનમંદિરમાં દર્શન કરવા રાજકુમાર પરિવાર સાથે ચાલ્યો. વચમાં હાજરા હજુરનું મંદિર આવતું હતું પણ રાજકુમાર તો જિનભગવંતને વંદન કરવા ચાલ્યો. યક્ષના મંદિર સામું પણ ન જોયું.

યક્ષને ગુસ્સો ચઢયો. રાજકુમાર પાસે આવ્યો.

'હવે તું સાજો થયો છે તો ૧૦૦ પાડાનો ભોગ આપ અને મને વંદન કર.'

કુમારે કહ્યું: 'સર્વગુણસંપન્ન અરિહંત દેવ, નિર્ગ્રંથગુરુ અને દયામય જિનધર્મ છોડીને તારા જેવા નિર્ગુણી હિંસામાં રક્તને વંદન કેમ કરાય? ૧૦૦ પાડાનો ભોગ નહીં મળે.

યક્ષને વધુ ગુસ્સો ચઢયો. રાજકુમારને એક પત્થર પર પછાડયો. રાજકુમાર બેભાન થઈ ગયો. જ્યારે ભાન આવ્યું ત્યારે કહ્યું. 'તને ૧૦૦ પાડાનો ભોગ તો શું એક નાના સરખા કુંથુંઓને પણ હું દુઃખ પહોંચાડીશ નહિ.'

યક્ષે ફરીથી તેના આખા શરીરમાં પીડા ઉભી કરી. શરીરનું દુઃખ અસહ્ય બનાવ્યું.

કુમારે કહ્યું: 'મને આ દુઃખ કાંઈ પીડા કરતું નથી પણ સર્વજ્ઞ એવા વીતરાગને છોડીને જો તને વંદન કરૂં તો જે પાપ બંધાય તેનાથી થતાં દુઃખથી હું ડરૂં છું.'

યક્ષે સર્વેને મારી નાખવા આકાશમાં એક મોટી પત્થરની શિલા બનાવીને કહ્યું: 'ભલે ૧૦૦ પાડાનો ભોગ ન આપીશ પણ મને વંદન કર. નહિતર આ શિલા વડે તારો અને તારા પરિવારનો નાશ કરીશ.'

કુમારે કહ્યું : આ નાશવંત શરીરને તું કચરી શકે છે પણ મારા હૃદયના શુભ પરિણામોને-વિચારોને તું કચરી શકતો નથી. જો મારૂં આયુષ્ય બળવાન હશે તો તું મને મારી શકવાનો નથી. અને કદાચ આ શરીર છુટી જાય તો તેનું મને દુઃખ નથી.'

યક્ષે જોયું કે આ સત્ત્વશીલ, પરાક્રમી કુમાર કોઇ રીતે પોતાના વ્રતથી ચલિત થાય તેમ નથી. એટલે હવે તેના પગમાં પડયો અને તેનો સેવક બનીને રહ્યો.

જો તમે હાજરા હજુરની સેવા કરશો તો તમે તેના સેવક બનશો અને જો તેને તમારો સેવક બનાવવો હોય તો સત્વશીલ બનો. વીતરાગ અરિહંતદેવ, નિર્ગ્રંથગુરુ અને અહિંસા, સત્ય, તપરૂપ જિનકથિત ધર્મને આચરો. કોઈપણ સંજોગોમાં તેનાથી ચલિત ન થાવ.

भारत सरकार से रजिस्टर्ड

सफेद दाग

दवा का मूल्य ५) रु०  डाक व्यय १।) रु०
विवरण मुफ्त मगाकर देखिये ।

एक्झिमा दवा का मूल्य ५) रु०
डाक व्यय १।) रु०

आप भी एक बार अनुभव कर देखिये ।
वैद्य के. आर. बोरकर. (४०३)
मु० पो० मंगरुलपीर, जि० अकोला (महाराष्ट्र)

પ્રગટ થયેલ છે

સુવાક્ય-મંજુષા

ભાગ ૫

રોચક અને તલસ્પર્શી સુવાકયોનો અદ્ભુત સંગ્રહ દેરાસર-ઉપાશ્રય કે જાહેર સ્થળોના બોર્ડ ઉપર લખવા માટે અતિ ઉપયોગી પ્રકાશન.

કીંમત ૫૦ ન. પૈ.

બુ. પો. થી મંગાવવા ૬૦ ન. પૈ. ટીકીટ મોકલાવે
સ્થળ :—મોતીશા જૈન દેરાસર, પાંજરાપોળ
— પ્રકાશક :—

સેવંતીલાલ વી. જૈન

મુંબઇ-૪

શ્રી મહાવીર જૈન સ્નાત્ર મંડળ-મુંબઈ

સ્નાત્ર-મહોત્સવ

મુંબઈમાં પાયધુની પર આવેલ શ્રી મહાવીર સ્વામીના દેરાસરજીમાં હંમેશા સંગીત સાથે સવારના સાડા સાત વાગે સામુદાયિક સ્નાત્રપૂજા ભણાવવામાં આવે છે, તો દરેક ભાઇઓને લાભ લેવા વિનંતિ

લી૦ સંઘસેવકો

મણિલાલ રામચંદ * ચંદુલાલ જેઠાલાલ
પ્રભાસપાટણવાળા  ખંભાતવાળા

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

**[ 'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા ]**

**પૂર્વ પરિચય :** જ્ઞાની ગુરુમહારાજનાં શ્રીમુખેથી પોતાના પૂર્વભવને જાણીને અંજના તથા વસંતતિલકા ગુફામાં રહી સમતાભાવે ધર્મધ્યાન આચરી રહી છે. ગુરુમહારાજની પાસેથી અંજનાના ગર્ભમાં રહેલ બાલકના પૂર્વભવને જાણીને આશ્વાસન મેળવે છે. ગુફાનો સ્વામિ મણિચૂલ દેવ પ્રગટ થઇ ગુફાને વ્યવસ્થિત કરે છે. અનુક્રમે અંજના પુત્રરત્નને જન્મ આપે છે, ગુફામાં રહી મૃત્તિકામય પ્રભુપ્રતિમાજીનું સ્થાપન કરે છે. અંજનાના મામા વિદ્યાધર માનસવેગ ગુફામાં આવે છે, ને અંજનાને પોતાના નગર હનુપુરમાં લઇ જાય છે, રસ્તામાં વિમાનની ઘુઘરીઓને પકડવા બાલક હનુમાન કુદકો મારે છે, ને બહાર ફેંકાઇ જાય છે, પણ પુણ્યશાલી બાલકને કશું જ થતું નથી. પુત્રનું નામ હનુપુરનગરના નામથી 'હનુમાન' અથવા શ્રીશૈલ પાડે છે. હનુમાનપુરમાં અંજના, બાલક હનુમાન, તથા વસંતતિલકા દિવસો વ્યતીત કરે છે, અંજનાસુંદરીને પોતાના સ્વામી પવનંજયની સ્મૃતિ વારવાર રહે છે. **હવે વાંચો આગળ :**

⊙

## [ ખંડ : ૨ ]

## [૮] પવનંજય પાછો વળે છે.

'અંજના, એક વાત પૂછું ?'

'પૂછ.'

'અહીં મામાના ઘેર આવ્યા પછી બધી વાતે સુખ છે. મામા આપણી ચીવટથી સારસંભાળ રાખે છે...બધું જ છે, છતાં...

'શી ઉણપ છે ?'

'ઉણપ તો બીજી કોઇ નથી. પરંતુ તારૂં મન હજુ પ્રફુલ્લિત નથી દેખાતું. તું હસે છે છતાં તારી આંખોમાં ઉંડી વેદના વંચાય છે...'

વસંતતિલકાએ એક દિવસ અંજનાને પૂછ્યું. મામાને ઘેર આવ્યા પછી જો કે અંજનાનું દુઃખ ઘણું ઓછું થઇ ગયું હતું. મામાની પુત્રીઓ સાથે અને પરિવાર સાથે અંજનાનું હૈયું હળી ગયું હતું. તેમાંય નાનકડો હનુમાન તો અંજનાના વિષાદને ચૂરી જ નાંખતો હતો. છતાં ય જ્યારે અંજના એકલી પડતી ત્યારે તે ઉંડી ચિંતામાં ગરકાવ થઈ જતી. કયારેક તેની આંખો આંસુભીની પણ થઈ જતી. અચાનક ત્યાં વસંતતિલકા જઇ પહોંચતી અને અંજનાની વ્યથાને જોઇ જતી. અલબત્ અંજના પોતાની વ્યથાને છૂપાવવા પ્રયત્ન કરતી પરંતુ નિત્ય સહવાસી વસંતાથી કંઈ છૂપું રહી શકે શાનું ? એટલે એક દિવસે અંજનાની પાસે કોઇ ન હતું, હનુમાનને મામીઓ લઇ ગઇ હતી અને અંજના એકલી બેઠી હતી ત્યારે વસંતાએ અંજનાને પૂછ્યું. અંજનાએ હસીને કહ્યું :

'વસંતા, હવે વેદના શાની ? અહીં શાનું દુઃખ છે ?'

'તે મને ન પૂછ. તું જ કહે.'

'કહું ?'

'મને કહેવામાં આટલો સંકોચ ?'

'સંકોચ નહિ, પરંતુ, નાહક ભૂલાયેલા દુઃખને યાદ કરી તને પણ દુઃખી શા માટે કરવી ? માટે કહેવામાં સંકોચ થાય છે...બાકી મારી પ્રાણપ્રિય સખીથી મારે કંઈ જ છૂપાવવાનું નથી.'

'ત્યારે, અંજના...સાંભળ. હું તો તારા દુઃખે દુઃખી અને તારા સુખે સુખી. તારૂં મન વિષાદમાં હોય ત્યારે મારૂં મન પ્રસન્ન નહિ જ રહી શકે...'

'બીજું કોઈ દુઃખ નથી. દુઃખ છે એક વાતનું કે સાસુએ ચઢાવેલું કલંક કયારે ઉતરશે ? જ્યાં સુધી કલંક મુક્ત ન બનાય ત્યાં સુધી ચિત્ત પ્રસન્ન કયાંથી રહે ?'

'હવે એ ચિંતા કરવાની જરૂર નથી. જ્ઞાની ગુરુ મહારાજે કહ્યું છે, તે તું ભૂલી ગઇ? દુ:ખના દિવસો હવે ઝાઝા નથી...અને, જ્યાં પવનંજય પાછા નગરમાં આવ્યા નથી કે કલંક ધોવાયું નથી...'

'તારી વાત સાચી છે, મને લાગે છે કે એ... પાછા આવી ગયા હશે!'

'તો તો કેતુમતિનું આવી બન્યું...!' વસંતાએ ભાવિને જોયું.

'પણ...'

'પણ શું?'

'એમની...સ્થિતિ કેવી થશે? એ આપણને શોધવા...' અંજનાની આંખો દૂર દૂર ક્ષિતીજ પર મંડાઇ. લાલચોળ સૂરજ ડૂબી ગયો.

* * *

**અં**જનાને પોતાના નામથી અંકિત વીંટી આપી પવનંજય પ્રહસિતની સાથે માનસરોવરના તટે શિબિરમાં આવી પહોંચ્યો. પ્રભાત થઈ ગયું હતું. સૈન્યને પ્રયાણનો આદેશ કર્યો. આકાશમાર્ગે સૈન્ય સાથે પવનંજય લંકાના પાદરે ઉતરી પડયો.

સૈન્યને ત્યાંજ છાવણી નાંખવાનું કહી પવનંજય પ્રહસિતને લઇ લંકાપતિની સભામાં પહોંચ્યો. લંકાપતિને પ્રણામ કરી ઉભો રહ્યો. રાવણ પવનંજયને ભેટી પડ્યો અને પ્રેમપૂર્વક પોતાની પાસે બેસાડ્યો.

'પવનંજય, તેં જાણ્યું હશે કે પાતાલલંકામાં વરુણે દુષ્ટતાની હદ કરી છે. આપણા પરાક્રમી સેનાપતિઓ ખર અને દુષણને તેણે પકડીને જેલમાં નાંખ્યા છે...'

'હા જી. દૂત દ્વારા વરુણ સાથેના યુદ્ધના સમાચાર મળ્યા હતા...'

'તો હવે આપણે એક ક્ષણનો ય વિલંબ કર્યા વિના અહીંથી પ્રયાણ કરવું જોઇએ. હવે તો હું પોતે જ એ વરુણને અને એના અભિમાની પુત્રોની ખબર લઇ નાંખીશ.'

રાવણે પાતાલલંકા તરફ પવનંજયની સાથે વિરાટ સૈન્યને લઇને પ્રયાણ કર્યું.

બીજી બાજુ પવનંજયે વિચાર્યું કે 'જો રાવણ યુદ્ધમાં ઉતરશે તો માનવજાત પર કાળો કેર વર્તાઈ જશે. લોહીની નદીઓ વહેશે. માટે રાવણને તો યુદ્ધમાં ઉતરવા જ ન દેવો. પરંતુ એ ત્યારે શક્ય બને કે જો વરુણ સમજી જાય; પણ વરુણને સમજાવવો શી રીતે? ખર અને દૂષણ જેવા પરાક્રમી સેનાનીઓને જીવતા પકડીને જેલના સળીયા પાછળ ધકેલી દેનાર વરુણ અને એના પરાક્રમી પુત્રોને સમજાવવા ઘણા મુશ્કેલ છે.'

પવનંજયે ઘણું વિચાર્યું. તેની કુશાગ્ર બુદ્ધિએ માર્ગ શોધવા માંડ્યો. રાવણનું મન સંતોષાય અને વરુણનું માન સચવાય, એવો માર્ગ પવનંજયે શોધી કાઢયો.

આ બાજુ રાવણે યુદ્ધનો વ્યુહ રચી કાઢયો હતો. સેનાપતિ તરીકે તેણે પવનંજયને પસંદ કર્યો હતો; એટલે પવનંજયને બોલાવી પ્રથમ દિવસના યુદ્ધની વ્યુહરચના સમજાવી દીધી.

'વ્યુહરચના ઘણી જ સુંદર છે!' પવનંજયે રાવણની પ્રશંસા કરી. રાવણે સ્મિત કર્યું. પવનંજયની પીઠ પર હાથ ફેરવતાં તેણે કહ્યું:

'વ્યુહરચનાની સફળતા સેનાપતિ પર નિર્ભર છે...'

'એ તો આવતી કાલે જ આપને પ્રતીતિ થશે...'

'શાબાશ! એક વીરને છાજે તેવા જ તારા શબ્દો છે. મને તારામાં સંપૂર્ણ શ્રદ્ધા છે. તું યશનો ભાગી બનીશ.'

'પણ...મને એક જુદો વિચાર આવે છે...'

'શું?'

'જીવસંહાર થાય નહિ અને કાર્યસિદ્ધિ થઈ જાય!'

'એ કેવી રીતે?'

'વરુણને મૂર્ખ બનાવીને કાર્યસિદ્ધ કરવાનું!'

'સમજ ન પડી.'

'ખર અને દૂષણને એકવાર મુક્ત કરીને આપણી પાસે લઇ લેવા...પછી બીજી વાત!'

'પણ એમ કંઈ સીધેસીધા એ ખર-દૂષણને આપણા હવાલે કરે તેવો નાદાન વરુણ નથી તો !'

'બસ, એ નાદાન બનાવવાનું કામ મારૂં !'

'એટલે, શું આપણે ભીખ માગવાની ?'

'હરગીઝ નહિ. આપણે જરા ય માથું નમાવવાનું નહિ અને ખર-દૂષણ એ આપણને સોંપી દે, એ રીતે થાય તો ?'

'અશક્ય...'

'મને આજની રાત પ્રયત્ન કરી લેવાની રજા આપો...'

'ભલે !'

'રાવણને પવનંજયની વાત એક તરંગ લાગ્યો. પવનંજયને પોતાના પ્રયત્નની સફળતા લાગી. તે રાવણને પ્રણામ કરી પોતાની શિબિરમાં આવ્યો. શિબિરમાં પ્રહસિત આંટા મારી રહ્યો હતો. પવનંજયે આવીને પ્રહસિતને પોતાના ખાનગી મંત્રણાલયમાં લઈ ગયો.

'તારે અત્યારે નગરમાં જવાનું છે...'

'તૈયાર.'

'જઇને સીધું તારે વરુણને મળવાનું છે, અને મારો અંગત સંદેશો આપવાનો છે...'

'શું ?'

'કહેવાનું કે, એક મિત્ર તરીકે પ્રહ્‌લાદપુત્ર પવનંજય આપને તત્કાલ મળવા ચાહે છે.'

'પછી ?'

'જવાબ લઇને તુરત પાછા આવવાનું.'

પ્રહસિત તૈયાર થઇ ગયો. તેણે રાજદૂતનો વેષ ધારણ કર્યો અને આકાશમાર્ગે તેણે વરુણની નગરીમાં પ્રવેશ કર્યો. નગરમાં યુદ્ધની તડામાર તૈયારીઓ ચાલતી તેણે જોઈ. એકેએક સ્ત્રીપુરુષને તેણે સૈનિકના જુસ્સામાં જોયાં. એક પછી એક રાજમાર્ગ વટાવતો તે વરુણના રાજમહાલય આગળ આવી પહોંચ્યો. પણ ત્યાં તો એક કીડીને પ્રવેશવાનો પણ માર્ગ નહતો. મહાલયનું વિશાળ પટાંગણ સૈનિકોથી ભરાઈ ગયું હતું. મહાલયના દ્વારે યમદૂત જેવા સૈનિકો શસ્ત્રસજ્જ બનીને પહેરો ભરી રહ્યા હતા. મહાલયની અટારીમાં વરુણના પુત્રો પુંડરિક અને રાજીવ જુસ્સાભરી વાણીમાં સૈનિકોને પ્રોત્સાહિત બનાવી રહ્યા હતા.

'વહાલા નરવીરો ! આજે આપણી સ્વતંત્રતાને ભરખી જવા માટે રાક્ષસ આપણા દ્વાર ખખડાવતો ઉભો છે. આજે આપણી મરદાનગી કસોટી પર છે. પરંતુ ચિંતાનું કોઇ કારણ નથી. કારણ કે ધર્મ આપણા પક્ષે છે. અન્યાયી રાવણ પ્રદેશ લાલસાથી અને સત્તાલોલુપતાથી આપણા પર ચઢી આવ્યો છે...પરંતુ જેવા હાલ-બેહાલ તમે ખર-દૂષણના કર્યા તેવા જ હાલ-બેહાલ રાવણના કરીને જંપવાનું છે. એ અધમ રાક્ષસને એ બતાવી આપો કે વરુણપુરીનો એક-એક નાગરિક પોતાના સ્વાતંત્ર્યને ઝંખે છે...વરુણરાજને ચાહે છે...'

સૈનિકોએ ગગનભેદી ગર્જના કરી. 'વરુણરાજનો જય હો !'

પ્રહસિત સૈનિકોના અપાર શૌર્યને જોઇને દિંગ થઇ ગયો. તેણે દ્વારપાલને કહ્યું : 'ભાઇ, હું લંકાપતિના સેનાપતિ પવનંજયનો દૂત છું. મારે તત્કાલ વરુણરાજને મળવું છે.'

દ્વારપાલ ક્ષણભર પ્રહસિતને જોઈ રહ્યો. તેને વિશ્વાસ પડયો કે 'આ કોઈ બનાવટી નથી પરંતુ દૂત જ લાગે છે.' તેણે એક સૈનિકને ઈશારો કર્યો અને પોતે ચાલ્યો ગયો. પેલો સૈનિક પ્રહસિતની પાછળ આવીને ઉભો રહી ગયો; પ્રહસિતના પર તેણે ચાંપતી નજર રાખવા માંડી.

દ્વારપાલ ગુપ્તમાર્ગે વરુણરાજના આવાસમાં જઇ પહોંચ્યો.

'મહારાજાનો જય હો.' દ્વારપાલે નમન કર્યું.

'કેમ, જયમંગલ ?'

'મહારાજા, લંકાપતિના સેનાપતિ પવનંજયનો અંગત દૂત આપને તત્કાલ મળવા ચાહે છે.' જયમંગલે વરુણરાજના મુખ સામે જોયું વરુણરાજે થોડીક ક્ષણો વિચાર કરી કહ્યું :

'ભલે, લઇ આવ એને.'

દ્વારપાલ સડસડાટ ચાલ્યો ગયો. પ્રહસિતને લઈ પુનઃ તે વરુણરાજ પાસે આવ્યો; પ્રહસિતને

ત્યાં મૂકી પાછો તે પોતાની ફરજ પર પહોંચી ગયો.

'કેમ, અચાનક આવવું પડયું?' વરુણરાજે પૂછયું.

'મહારાજ, આપ જાણતા જ હશો કે લંકાપતિએ પ્રહ્લાદનંદન પવનંજયને પોતાના સૈન્યમાં સેનાપતિ બનાવ્યા છે.

'હા, સમાચાર મળ્યા છે.'

'તેમનો હું અંગત મિત્ર છું. મારું નામ પ્રહસિત. મને તેમણે એક સંદેશો આપીને આપની પાસે મોકલ્યો છે.'

'શું છે સંદેશો?'

'એ આપને તત્કાલ મળવા ચાહે છે.'

વરુણરાજ ચોંકી ઉઠયા. આવા ભયાનક યુદ્ધના તબક્કે 'રાવણનો મહાન સેનાપતિ શત્રુ રાજાને મળવા ચાહે, તેમાં તેમને ભેદ લાગ્યો. તેમણે પુંડરિક અને રાજીવને બોલાવ્યા. તેમની સાથે મસલત કરી પ્રહસિતને જવાબ આપ્યો.

'ભલે સેનાપતિ પવનંજય આવે.'

પ્રહસિત આકાશમાર્ગે ત્યાંથી પોતાની છાવણીમાં પહોંચી ગયો. પવનંજયની શિબિરમાં જઇ સમાચાર આપ્યા. પવનંજયને હર્ષ થયો.

પ્રહસિતને સાથે લઈ પવનંજય વરુણપુરીમાં પહોંચ્યો. વરુણરાજ પુંડરિક અને રાજીવની સાથે મસલત કરતા પવનંજયની રાહ જોતા બેઠા હતા. ત્યાં જ દ્વારપાલે આવીને પવનંજયના આગમનના સમાચાર આપ્યા, પુંડરિક અને સજીવ સામા ગયા. પવનંજયનું તેમણે સ્વાગત કર્યું. પવનંજયનું મોહકવ્યક્તિત્વ જોઈ બંને ભાઇઓ પ્રભાવિત થયા.

પવનંજયને લઇ બંને ભાઇઓ વરુણરાજના ખંડમાં દાખલ થયા. વરુણરાજે સ્મિત કરીને પવનંજયને આવકાર્યો, પવનંજયે પણ ઉચિત પ્રત્યુત્તર વાળ્યો; અને વરુણરાજની સામે આસન લીધું.

થોડીકવાર મૌન છવાયું.

'કેમ સેનાપતિજી! અત્યારે આવવાનો શ્રમ લેવો પડયો?' વરુણરાજે હસીને વાતનો આરંભ કર્યો.

'લાખો જીવોની હત્યાને અટકાવવા માટે.' પવનંજયે સ્મિતપૂર્વક કહ્યું.

'તો તો આટલા વિરાટ સૈન્યને લઈને આવવાની જરૂર જ ન હતી. તો હત્યાકાંડ અટકી જ ગયો હતો...'

'આપ જાણો છો કે લંકાપતિ વેરનો બદલો લીધા વિના જંપે એમ નથી. એમનો સ્વભાવ જ એવો છે. ખર અને દૂષણને કેદી બનાવીને લંકાપતિના રોષને વિશેષ પ્રજ્વલિત કરવામાં આવ્યો છે.

'ભલેને પ્રજ્વલિત થાય! અમે યુદ્ધભૂમિ પર ઠારવા તૈયાર જ છીએ!'

'તો શું તમે એમ માનો છો કે લંકાપતિને તમે પરાજિત કરી શકશો?' લંકાપતિના એકએક બાંધવને પરાજિત કરવા માટે પણ ભારે ખુવારી સહન કરવી પડે એવી છે. લંકાપતિની સાથે આવેલા એકએક વિદ્યાધર રાજાને પરાસ્ત કરવા માટે પણ લોહીની ગંગા–સિંધૂ વહેવડાવી પડે એમ છે...જ્યારે ખુદ લંકાપતિને પરાજય આપવા માટે તો...'

'એટલે શું અમે બધા બંગડી પહેરીને બેઠા છીએ એમ સેનાપતિજી?' પુંડરિક રોષથી સળગી ઉઠયો.

'ના. જરાય નહિ. તમે પણ વીર છો. ખમીરવંતા છો. પણ આવા યુદ્ધોમાં તમારા જેવા રત્નોને હોમાઇ જવાનું? તમારા જેવા પરાક્રમીઓનો ઉપયોગ માનવ–જાતના સંહારમાં કરવાનો? હું એ માટે જ અત્યારે અહીં આવ્યો છું. કોઈપણ યોગ્યમાર્ગ કાઢીને આ યુદ્ધ અટકાવી દેવું જોઈએ.'

'યોગ્ય માર્ગ એ છે કે લંકાપતિ સૈન્ય લઇને પાછા ચાલ્યા જાય...' પુંડરિક બોલી ઉઠયો.

'એ માર્ગ કદાચ યોગ્ય હશે પરંતુ શક્ય નથી!'

'તો શું તમે અમને શરણાગત બનાવવા આવ્યા છો?' પુંડરિકે પૂછયું.

'ના. તમારા જેવા પરાક્રમીઓ શરણાગત ન બને તે હું સારી રીતે સમજુ છું.

'તો પછી?

'મિત્ર બની શકે!' પવનંજયે સમાધાનની ભૂમિકા રજુ કરી.

'પણ જ્યાં લંકાપતિને પોતાને જ મિત્ર ન બનવું હોય, તેનું શું થાય?'

'હાલ એ પણ શકયતા છે, હું એ કામ સંભાળી લઈશ.'

'તો તો તમે લંકાપતિની સંમતિ લઇને જ આવ્યા છો...' વરુણરાજે પવનંજયનું પેટ માપવા 'મીટર' મૂકયું!

'એવું માનવાની ભૂલ વરુણરાજ ન કરે. જો લંકાપતિને એ રીતે નમતું જોખવું હોત તો લંકાથીજ કોઈ દૂતને મોકલી પતાવી દેત. તો આટલી સાગર જેવડી સેના લઇને સ્વયં પોતે ન આવત. આ તો યુદ્ધના ભીષણ માનવસંહારથી મારૂં દિલ કંપી ઉઠયું અને વિચાર આવ્યો કે જો કોઇ મધ્યમ માર્ગે સમાધાન થઈ જાય તો પ્રયત્ન કરૂં. એ આશયથીજ આ રાત્રીના સમયે અહીં આવ્યો છું.'

'સેનાપતિજી, તમારા આશય સાથે હું પણ સંમત થાઉ છું. જીવોનો સંહાર મને પણ ઈષ્ટ નથી. પરંતુ રાષ્ટ્રના સ્વાતંત્ર્યની રક્ષા ખાતર ક્યારેક હિંસક માર્ગ પણ અખત્યાર કરવો પડે છે.' વરુણરાજે પોતાની નીતિને સ્પષ્ટ કરી.

'તમારૂં સ્વાતંત્ર્ય અખંડિત રહે અને શાન્તિ સ્થપાય તેવો પણ માર્ગ મને દેખાય છે.' પવનંજયે કહ્યું.

'તો તે માર્ગ રજુ કરો.'

'ખર અને દૂષણને પાછા સોંપવા. એક મિત્ર તરીકે લંકાપતિને મળવું અને લંકાપતિના એક પરાક્રમી સાથિદાર રાષ્ટ્ર તરીકે સ્થાન પ્રાપ્ત કરવું.'

વરુણરાજે પુંડરિક–રાજીવની સામે જોયું. બંને ભાઈઓ પણ પવનંજયની દરખાસ્ત પર વિચારમાં પડી ગયા. દરખાસ્તમાં તેમને કોઈ સ્વમાન હાનિ જેવું ન લાગ્યું. ઉપરથી યુદ્ધના ભયાનક સંહારમાંથી જીવોને ઉગરી જવાનો માર્ગ દેખાયો. વળી, પવનંજયનું હૃદય પણ તેમને સાફ દેખાયું.

'કોઇપણ જાતની શંકા ન રાખશો. તમારી સાથે આ કોઈ મેલી રમત નથી રમાતી. પરંતુ જીવોના જીવન સાથેની મૃત્યુની રમતનો અંત લાવવાનો ઉપાય છે.' પવનંજયે વિચારમાં પરંતુ વરુણરાજની સમજ સ્પષ્ટ કરી. પુંડરિક અને રાજીવે સંમતિ આપી. વરુણરાજે પણ પવનંજયની દરખાસ્તને માન્ય રાખી.

'મહારાજા! મને ઘણો જ હર્ષ થયો. આપની નિખાલસતા અને ઉંડી સમજ પ્રત્યે ભારે આદર પ્રગટયો...

'પરંતુ સેનાપતિજી, એક વાતની સ્પષ્ટતા કરી લેવી જોઇએ.' રાજીવે કહ્યું.

'શું?'

'લંકાપતિને અમે એમની છાવણીમાં મળવા નહિ આવી શકીએ...!'

'જુઓ. તમારે લંકાપતિની છાવણીમાં નહિ આવવાનું અને લંકાપતિને અહીં નહિ આવવાનું નગરની પૂર્વ દિશાએ જે ઉદ્યાન છે. ત્યાં બંનેનું મિલન યોજવાનું...'

'બરાબર!' રાજીવ સંમત થયો.

'તો પછી, હવે હું આપની રજા લઉં. હવે મારે લંકાપતિને મળવું પડશે. પછી પ્રહસિતની સાથે આપને શુભ સંદેશો મોકલું.'

વરુણરાજે પવનંજયને જવાની સંમતિ આપી. પવનંજય ત્રણેની સામે સ્મિત કરી ઉભો થયો અને પ્રહસિતની સાથે આકાશમાર્ગે લંકાપતિની છાવણીમાં આવી પહોંચ્યો.

પ્રહસિતને પોતાની શિબિરમાં મોકલી પવનંજય લંકાપતિની શિબિર તરફ વળ્યો, મધ્યરાત્રી થઇ ચૂકી હતી; છતાં છાવણીમાં કોઈ નિદ્રાધીન બન્યું ન હતું. પ્રત્યેક સૈનિક પોતપોતાની તૈયારીમાં મશગુલ હતો.

પવનંજયે લંકાપતિની શિબિર આગળ જઈ દ્વારરક્ષકને ઇશારાથી દૂર કરી શિબિરમાં પ્રવેશ કર્યો. શિબિરમાં રાવણ અને બિભીષણ કોઇ

વાતચિત કરી રહ્યા હતા. પવનંજયે જઇને પ્રણામ કર્યા.

'કેમ અત્યારે કંઈ...?' રાવણે પવનંજયને બેસવા ઈશારો કરી પ્રશ્ન કર્યો.

'મહારાજા ! કાર્ય સિદ્ધ થઇ ગયું છે...'

'કેવી રીતે ?'

'ખર અને દૂષણ આપણને માનભેર પાછા મળી જશે !'

'અશક્ય. અભિમાની વરુણ એમ સહેજે સોંપી દે તે મારા માન્યામાં નથી આવતું.'

'પણ હવે તે પણ માનવાનો અવસર આવી ગયો છે ! આપણે કાલે પ્રભાતે પૂર્વ દિશાના ઉદ્યાનમાં જવાનું. ત્યાં વરુણરાજ ખર અને દૂષણને આપણા હવાલે કરશે અને આપના અનેક પરાક્રમી મિત્ર રાજાઓમાં એકનો વધારો થશે. વરુણરાજ આપના મિત્ર બનશે !'

રાવણને આમેય પવનંજય પ્રત્યે સહજ પ્રેમ હતો. પવનંજયની વાતને તે નકારી શક્યો નહિ. જેવી રીતે ખર–દૂષણને મિત્ર રાજાઓ તરીકે માન્ય કર્યા હતા તેવી રીતે વરુણરાજને પણ મિત્ર-રાજા તરીકે સ્વીકારવાની વાત તેના ગળે ઉતરી. બિભીષણને પણ વાત ગમી.

'જા તો કુંભકર્ણને બોલાવી લાવ.' રાવણે કુંભકર્ણને બોલાવવા બિભીષણને કહ્યું. બિભીષણ કુંભકર્ણને બોલાવી લાવ્યો. પવનંજયે સમગ્ર વાત કુંભકર્ણને કહી સંભળાવી. કુંભકર્ણને પણ યોજના ગમી.

પવનંજય યુદ્ધવિરામ માટેની અનુજ્ઞા લઈ તુરત જ પોતાની શિબિરમાં આવ્યો. પ્રહસિતને કેટલીક સમજુતી કરી વરુણરાજ તરફ રવાના કર્યો અને છાવણીમાં યુદ્ધવિરામનો ધ્વજ લહેરાવી દીધો.

અચાનક બંને પક્ષે યુદ્ધવિરામના ધ્વજો લહેરાઈ ગયેલા જોઇ સહુને આશ્ચર્ય થયું. પ્રભાતે લંકાપતિ કુંભકર્ણ, બિભીષણ પવનંજય વગેરેને લઇને પૂર્વ દિશાના ઉદ્યાનમાં પહોંચ્યો. બીજી બાજુ પ્રહસિત વરુણરાજ ને તેમના પુત્રો સાથે ખર અને દૂષણને લઇને ઉદ્યાનમાં આવી પહોંચ્યો.

બંને રાજાઓ મળ્યા. વરુણરાજે ખર અને દૂષણને રાવણના હવાલે કર્યાં. બંને રાજાઓ વચ્ચે મૈત્રીની સ્થાપના થઈ.

* * *

રાવણ પવનંજય પર ખૂબ ખુશ થઈ ગયો. પોતાની સાથે લંકા આવવા માટે તેણે પવનંજયને સમજાવ્યો પરંતુ પવનંજયની ઇચ્છા તત્કાલ ઘેર પાછા ફરવાની હતી. તેણે રાવણની રજા માગી. રાવણે અનેક ભેટો આપી તેને વિદાય કર્યો.

પોતાના સૈન્યની સાથે પવનંજય આકાશ માર્ગે નગર તરફ પાછો વળ્યો. માનસરોવરના તટ પરથી જ્યાં એ પસાર થયો કે અંજનાની સ્મૃતિ તાજી થઈ. મહિનાઓ પહેલાંની એ રાત તેની સામે પ્રત્યક્ષ થઇ. પ્રહસિતને તેણે કહ્યું :

'અંજનાનું શું થયું હશે ?'

'કેમ એવી શંકા કરે છે ?'

'ના ના, શંકા નથી કરતો, પરંતુ જિજ્ઞાસા થાય છે.'

'હવે ક્યાં આપણે દૂર છીએ ? આ નગરમાં પહોંચ્યા એટલી વાર !'

જોતજોતામાં તો નગરની બહાર વિમાનો આવી પહોંચ્યા. નગરમાં પણ વાયુવેગે પવનંજયના આગમનના સમાચાર પહોંચી ગયા. રાજા પ્રહ્‌લાદ વગેરેએ પવનંજયનું સ્વાગત કરવા માટે મોટી તૈયારીઓ કરી.

નગરજનોએ મહોત્સવપૂર્વક પવનંજયનું સ્વાગત કર્યું. પરંતુ પવનંજયનું ચિત્ત નગરજનોના સ્વાગતમાં ન હતું, તે તો અંજનાને મળવા આતુર હતો. પોતાના મહેલે આવી, પ્રહસિતને બીજું બધું કામકાજ ભળાવી એ પહોંચ્યો માતા–પિતા પાસે. માતા–પિતાને પ્રણામ કરી ત્યાંથી સીધો જ પહોંચ્યો અંજનાના આવાસે. પરંતુ ત્યાં તો બધું સુનસામ હતું. નહોતો ત્યાં કોઈ પહેરેગિર કે નહોતી કોઇ દાસી. પવનંજયે ત્યાં બધું વેરવિખેર જોયું તે મહેલમાં ગયો.

'કોઈ છે ?' તેણે બૂમ પાડી.

'કોણ છે?' એક ધીમો અવાજ અંદરના ઓરડામાંથી આવ્યો. પવનંજય એ તરફ ગયો. ત્યાં તેણે એક સ્ત્રીને જોઈ.

'અંજના ક્યાં છે?' ખૂબ આતુરતાથી પવનંજયે પૂછ્યું.

સ્ત્રી પવનંજયની સામે જોઇ રહી. થોડીકવાર પછી પૂછ્યું: 'તમે કોણ છો?'

'હું પવનંજય...અંજના ક્યાં છે?'

સ્ત્રીની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં. તેનું મોં લાલચોળ બની ગયું.

'કેમ જવાબ નથી આપતી? અંજના...મારી પ્રિયા અંજના ક્યાં છે?' પવનંજય અકળાઈ ઉઠયો. તેનું હૈયું ધબકવા માંડયું.

'શું જવાબ આપું કુમાર?...'

'તું જલ્દી કહે શું થયું?'

'અંજનાદેવીને આપના માતાજીએ અહીંથી કાઢી મૂકયાં...'

'હેં?' પવનંજયની આંખો પહોળી થઈ ગઈ. એના હોઠ ફફડી ઉઠયા.

'અંજનાદેવી ગર્ભવંતી બન્યાં...માતાજીએ કલંક મૂકયું...અને માણસો દ્વારા વસંતતિલકાની સાથે દેવીને મહેન્દ્રનગરના સીમાડામાં મૂકાવી દીધાં.'

પવનંજયની આંખે અંધારાં આવ્યાં. તે ત્યાં બેસી પડ્યો...

(ક્રમશઃ)


જીરાવાળાના

**સંથારીયા તથા ધાબળા**

સર્વોત્તમ બનાવટના સંથારીયા, આસન, કટાસણા ઓઘારીયા, ગરમ ધાબળા, ધાબળી તથા સુતરના ધાબળા બનાવનાર તથા વેચનાર

**પટેલ વલ્લભદાસ માધાભાઇ જીરાવાલા**

ઠે. બસ ઓફીસ પાસે, **સાવરકુંડલા** (સૌરાષ્ટ્ર)

**કબજીઆતની રોજની ફરિયાદ છે? તો**

**સત–સુધા**

નું સેવન કરો. જાણીતા લક્ષ્મી છાપ સત ઇસબગુલની સુસ્વાદમય વિશેષ ગુણકારી ઉત્તમ ઔષધી:

બનાવનાર: **લક્ષ્મી ઇન્ડસ્ટ્રીયલ કોરપોરેશન**

ઉંઝા (ઊ. ગુ)

વિક્રેતા :

**સુરેન્દ્રનગર : રાઘવજી ડી. દોશી**

**મે. બી. કે. પટેલની કું.**

**રાજકોટ : શ્રી રતિલાલ લલ્લુભાઇ**

**મુંબઇ : મે. બી. અમૃતલાલની કું.**

૩૦૫, કાલબાદેવી રોડ

**અમદાવાદ : પારેખ મેડીકલ સ્ટોર્સ–**

ફતાસા પોળ પાસે.

**દહેરાસરના ટ્રસ્ટીઓ તેમજ વ્યાપારી બંધુઓને!**

નિવેદન કે, દહેરાસરના વપરાશ માટે ઉત્તમ તેમજ સ્વચ્છ વસ્તુ જેવી કે, અગરબત્તી કેશર, સુખડ, દશાંગધુપ, વાસક્ષેપ, સોના–ચાંદીના વરખ, બાદલું, કટોરી, નવકારવાળી તેમજ અમારી સ્પેશ્યલ સુગંરાજ નં. ૩૩૩ અને ૫૫૫ અગરબત્તી વગેરે કિફાયત ભાવે ખરીદવાનું એક ભરોસાપાત્ર સ્થળ.

**બી. એમ. સરૈયા** ઠે. ભાગા–તળાવ. **સુરત.**

વધુ વિગત માટે પત્રવ્યવહાર કરો!

ગ્રાહકોનો સંતોષ એ જ અમારો મુદ્રાલેખ છે.

# ધર્મસારથિ શ્રી વીરવિભુ

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી રંજનવિજયજી ગણિવર.

ધર્મ માર્ગથી પડતા જીવોને કરુણાદૃષ્ટિપૂર્વક તેનો ઉદ્ધાર કરી, તેનું વાત્સલ્યભાવે કલ્યાણ કરનારા ભગવાન શ્રી મહાવીરદેવ ખરેખર ધર્મસારથિરૂપ છે. મેઘકુમારનાં જીવનમાં પ્રભુએ ધર્મસારથિ બનીને જે મહાન ઉપકાર કર્યો છે, તેનું સુંદર શબ્દચિત્ર પૂ. મહારાજશ્રી અહિં રજૂ કરે છે. જે સર્વ કોઇને પ્રેરક તથા બોધક બનશે એ નિ:શંક છે.

સંસાર એટલે ભયંકર અટવી. જેમાં ચોતરફ ક્રોધ, માન, માયા અને લોભ ચોરોનું સામ્રાજ્ય છવાઈ રહેલું છે. જેઓ જીવોનું સમ્યગ્-દર્શનાદિ આત્મિક ધનની લૂંટ જોરશોરથી ચલાવી રહ્યા છે. વિષયસિંહો માનવજીવનનું ભયંકર રીતીએ ભક્ષણ કરી રહ્યા છે. તૃષ્ણા દાવાનલની આકાશ સ્પર્શ કરતી ભયંકર જ્વાલાઓ આત્માની શાંતિને ભરખી રહી છે. સ્વજનસ્નેહ કાંટાઓ આત્માને ભયંકર વેદના અર્પી રહ્યા છે. જેની અંદર સ્વાર્થ લોલુપતાદિ ભીમસર્પો હલાહલ વિષ ભરેલા દૃષ્ટિગોચર થઇ રહ્યા છે.

આવી સંસાર અટવીમાં આત્મા ફસાઇ પડ્યો છે, અટવાઇ પડ્યો છે. આવી વિષમ પરિસ્થિતિમાં વિભુ વિના કોણ રક્ષણ આપી શકે એમ છે? માટે જ તો વિભુ સાર્થવાહ કહેવાય છે. અનેક આત્માઓને સુપંથે વાળી વીર વિભુ પરમ સાર્થવાહ બન્યા છે તે પૈકી મેઘકુમારનો પ્રસંગ ખૂબખૂબ યાદ આવે છે.

મગધદેશમાં મુખ્ય રાજધાની નગરી રાજગૃહી. આ નગરી શ્રીમંતાઇની જેમ ધર્મમાં પણ અગ્રેસર. ધર્મીજનોના વસવાટના કારણે પરમોપકારી મહાવીર પરમાત્માનાં ચૌદ ચૌદ ચાતુર્માસનો લાભ એક નાલંદા પાડાને મળેલ. આ નગરીનો માલિક શ્રેણિક નરેશ. જે ક્ષાયિક સમ્યક્ત્વનો સ્વામી, વીર પરમાત્માનો પરમ ભક્ત તેમજ ચેલણા, ધારિણી આદિ અનેક પ્રિયાનો સ્વામી. તેઓ પણ ધર્માનુ-રાગી તથા શીલાદિ અલંકારે સુશોભિત હતી. અભયકુમાર અને મેઘકુમાર જેવા પિતૃભક્ત અને વિનમવાન પુત્રો હતા.

રાજગૃહીનગરીની બહાર સમીપ ભાગે એક વિશાળ ઉદ્યાનમાં અનંતજ્ઞાની ચરમ જિનપતિ વીર પરમાત્મા ચૌદ સહસ્ર પરિવારસહ પધાર્યા. ભક્તદેવોએ એક યોજન પ્રમાણ વિશાળ સમવ-સરણની રચના કરી. ધર્મશ્રવણોત્સુક વિશાળ પરિષદ એકત્રિત થઈ. વનપાળની વધામણીથી શ્રેણિક મહારાજા પણ સ્વપરિવાર સહ વીરવાણી સુણવા પધાર્યા. મોહનાશક ધર્મ દેશના વીર પરમા-ત્માએ પ્રારંભી. દેશના દેતા પરમાત્માએ જણાવ્યું કે 'આ સંસાર અસાર છે. શરીર તેમજ આત્મા બંને ભિન્ન છે. શરીર નાશવંત જ્યારે આત્મા શાશ્વત છે. વિનાશી શરીર માટે જીવન બગાડવામાં ડહાપણ નથી પરંતુ મૂર્ખાઇ છે. આત્મસુખ પ્રાપ્તિનો પ્રયત્ન અવશ્ય કરવા જેવો છે. મનુષ્યજન્મની દુર્લભતા પણ એટલા જ માટે છે કે મનુષ્યજન્મ જ આત્મસુખ પ્રાપ્તિનું પ્રધાન સાધન છે. દેવો પણ મનુષ્યભવની જ ચાહના કરે છે તો સુંદર રીતે ધર્મ આરાધન દ્વારા આત્મસુખ પ્રાપ્ત કરી મનુષ્ય-જન્મને સફળ બનાવવો જોઇએ.' વીરપ્રભુની વૈરાગ્યમય વાણીના પ્રતાપે ઘણા આત્માઓ ધર્મ પામ્યા અને યથાયોગ્ય ધર્મ સ્વીકારી સ્વસ્થાને ગયા.

સર્વ કરતાં શ્રેણિકપુત્ર મેઘકુમારના હૃદયમાં વીરવાણીની અજબ અસર થતાં વૈરાગ્ય રંગની અજબ છોળો ઉછળવા લાગી. સંસાર તુચ્છ ભાસતાંજ મેઘકુમારે વીર પ્રભુને ભાવભરી નમ્ર વિનંતિ કરી કે, 'હે પ્રભુ, આ સંસાર મને પૂર્ણ

અસાર અને દુઃખમય લાગ્યો છે તો આપ કૃપા કરી પરમ ભાગવતી દીક્ષા અર્પણ કરી આ દુઃખમય સંસારમાંથી મારો ઉદ્ધાર કરો.' માત–પિતાની આજ્ઞા પામી મેઘકુમારે આજીવન પર્યંત વીર પ્રભુની પાસે પંચ મહાવ્રતનો સ્વીકાર કર્યો. વીર પ્રભુએ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા અર્થે મેઘકુમારને સ્થવિરોને સમર્પણ કર્યો.

મેઘકુમારનો સંથારો દીક્ષા પર્યાયના ક્રમે દ્વાર પાસે આવ્યો. રાત્રિના સમયે સાધુઓના માત્રાદિ-ગમનાગમન કારણે સંથારો ધૂળથી વ્યાપ્ત બન્યો. ધૂળથી વ્યાપ્ત બનેલ સંથારાના કારણે સમગ્ર રાત્રિ નિદ્રા ન આવવાથી આર્તધ્યાન પૂર્વક મેઘકુમાર વિચારવા લાગ્યો કે 'કયાં મારી પુષ્પ શય્યા અને ક્યાં આ ધૂળ શય્યા. આવું દુઃખ કેવી રીતે સહન થશે?' માટે પ્રભુની આજ્ઞા લઈ સંસારમાં પાછા જવું એજ બરાબર છે.

પ્રભાતે પ્રભુ પાસે પહોંચતાં જ વીર પરમાત્માએ વાત્સલ્યભરી વાણીથી કહ્યું કે, 'હે દેવાનુ-પ્રિય–મેઘકુમાર, રાત્રે જે આર્તધ્યાન કર્યું તે યોગ્ય નથી. જગત પૂજ્ય સાધુ પુરુષોની ચરણરજ તો પૂર્વપુણ્ય યોગે જ પ્રાપ્ત થાય છે. અરે, પાપના યોગે તો ધૂળની શય્યા પણ મળવી દુર્લભ બને છે. આ સંસારમાં ઉપર આભ નીચે ધરતી એવી નિરાધાર અવસ્થાના યોગે જ્યાં ત્યાં સહ્ય ભયંકર દુઃખો અનંતીવાર વેઠયા છે. અરે નરકનિગાદિમાં પણ અનેક સાગરોપમ પ્રમાણ કાળ સુધી અનંત દુઃખો ભોગવ્યાં છે તો આ દુઃખ તો શું હિસાબમાં? પરાધીન દશામાં ભોગવાતાં દુઃખોનું ફળ જોઈએ તેટલું મળતું નથી પરંતુ આત્મસુખ ખાતર સ્વાધીનપણે દુઃખો ભોગવવાથી આત્મા કર્મનો ક્ષય કરે છે. વળી અગ્નિમાં પ્રવેશ કરવો સારો, વિશુદ્ધ કર્મ વડે મરણ સારૂં, પરંતુ ગ્રહણ કરેલ વ્રતનો ભંગ તથા કલંકિત શિયળવાળું જીવન સારૂં નહિ. ચારિત્ર માટે સહન કરેલ દુઃખ મહાફળ માટે થાય છે. પૂર્વભવે તેં ધર્મ માટે કેવાં દુઃખ સહ્યાં તે તું સાંભળ.'

'આજથી ત્રીજા ભવે વૈતાઢયભૂમિ પર તું શ્વેત હસ્તિ હતો. નામ હતું સુમેરૂપ્રભ. ષડ્દંતવાન્ તથા સહસ્રહસ્તિનીનો સ્વામિ. એક સમયે વનમાં ભયંકર દાવાનલ પ્રગટયો. ભયંકર જ્વાલાઓ ચોતરફ સ્વસામ્રાજ્ય જમાવી રહી છે. સર્વ વનચર પ્રાણીઓની સ્વરક્ષણાર્થે ઉચિતસ્થાન તરફ દોટ ચાલુ છે. તેં પણ જીવનરક્ષણાર્થે દોટ મૂકી. દોટના કારણે તૃષા પામેલ તેં એક પંક સરોવરમાં ગમન કર્યું. અજ્ઞાન માર્ગના કારણે સરોવરમાં રહેલ કાદવમાં ખૂંચી ગયો. "ધોબીનો કુતરો ઘરનો નહિ તેમ ઘાટનો નહિ" તેની જેમ તું પણ તીર અને નીર બંનેથી ભ્રષ્ટ થયો. તત્સમયે પૂર્વ વૈરી હસ્તિએ તને મારી નાખ્યો.

સાત દિવસ અત્યંત વેદના ભોગવી એકસોવીશ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી વિંધ્યાચલ ભૂમિમાં રક્ત વર્ણવાન હસ્તિ થયો. ચતુર્દંતવાન તથા સપ્તશત હસ્તિનીનો સ્વામી થયો. એકદા વનમાં ભયંકર દાવાનળ પ્રગટયો. દાવાનલના દર્શને હસ્તિ જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. પૂર્વભવનું સ્મરણ થયું. દાવાનળ પ્રતાપે થયેલ સ્વદીનદશા યાદ આવી. દાવાનળથી ભીતિ પામેલ તેણે સ્વરક્ષણ અર્થે એક યોજન પ્રમાણ ઝાડ પાન રહિત માંડલું બનાવ્યું. વર્ષાઋતુમાં પ્રારંભ, મધ્ય અને અંતમાં જેટલા પ્રમાણમાં ઘાસ આદિ થાય તે સર્વ સાફ કરવા માંડયું.

પુનરપિ વનમાં દાવાનળ પ્રગટયો. ભયથી ત્રાસિત વનજીવો તે માંડલામાં ભરાઇ ગયા. તું પણ જલ્દી આવીને તે જ માંડલામાં રહ્યો. એટલામાં શરીરની ખણજના કારણે તેં એક ચરણ ઉપાડયો તે જ સમયે સંકડામણના કારણથી એક સસલું આવીને ચરણની નીચે બેસી ગયું.

શરીરની ખણજ બાદ ચરણ મૂકવાની જ્યાં તું તૈયારી કરે છે ત્યાં તે જ જગ્યાએ એક સસલું દૃષ્ટિ ગોચર થયું. તારા હૃદયમાં દયા સ્ફૂરી એથી વિચાર સ્ફૂર્યો કે જો હું નીચે ચરણ મૂકીશ તો આ બિચારૂં નિરાધાર સસલું મરણ પામશે. ભલે મારે કષ્ટ સહન કરવું પડે પરંતુ મારા સુખ ખાતર બિચારા

# ભવસાગરને શી રીતે તરાય?

પૂ. મુનિરાજ શ્રી
મહાપ્રભવિજયજી મહારાજ.

જડ-ચેતનના સંગ્રામસમા આ વિરાટ વિશ્વમાં જન્મ પામવો, જીવવું અને અવધિ પૂર્ણ થતાં વિરામ પામવું એ એક વિકરાળ અનાદિકાલથી ચાલી આવતું ચક્ર છે. તે વિકરાળ એટલા માટે છે કે તે ભયંકર યાતનાઓનું સ્થાન છે. એનો ભોગ સૌને અનિચ્છાએ પણ આનાકાની સિવાય થવું પડે છે.

ગમે તેટલી વિપુલ સંપત્તિઓ હોય, ગમે તેટલું પ્રચુર પરિબળ હોય, ને ગમે તેટલો વિશાળ સ્વજન વર્ગ હોય, તો પણ જીવન સમેટાતાં કોઈ જ મદદ કરી શકતું નથી. કાળની વિકરાળ ફાળમાં જીવ ઝડપાઇ જાય છે. આ સૌને અનુભવાયેલ એક ઘટમાળ છે, નક્કર હકીકત છે.

આ કારણે ભવસાગર તરવો અત્યંત દુષ્કર છે. એના જન્મ-મરણાદિરૂપ મહા પ્રવાહમાં પડેલો પ્રાણી ભાગ્યે જ બહાર નીકળી શકે છે. રાગદ્વેષાદિરૂપ અંતરંગ શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરનાર વિરલ મહાપુરૂષ જ એનાથી પાર થઇ શકે છે. અન્ય સાધારણમાં એના પ્રવાહથી બહાર નીકળવાનું સામર્થ્ય નથી.

સદ્-અસદ્‌ના વિવેકથી રહિત મુર્ખના અકામ મૃત્યુ અનેકવાર-અનંતીવાર થાય છે. કારણ તેઓ વિષયોને પરવશ બની વારંવાર જન્મ-મરણ પ્રાપ્ત કરે છે. તે સકષાયી અને વિષય લોલુપી હોવાના કારણે અનિચ્છાએ પણ સંસાર ચક્રમાં ઘૂમે છે.

સદ્-અસદ્‌ના વિવેકી પંડિતને સકામ મૃત્યુ ઉત્કૃષ્ટરૂપે એક જ વાર થાય છે. તે સંયમની સાધના દ્વારા સર્વ કર્મનો ક્ષય કરે છે. તેથી તેને એક એવા પ્રકારનું મરણ આવે છે કે તેની પછી બીજું આવી શકે નહિ. જ્યારે બીજાઓ ૭-૮ ભવ કરી શકે છે.

મૃત્યુ સમીપ આવતાં પણ પંડિતો પ્રસન્ન રહે છે. પણ કાયરોની જેમ તેઓ મૃત્યુથી ભયભીત બનતા નથી, તેમ શૂરવીરની જેમ અત્યંત આદરથી મૃત્યુદેવીનું સ્વાગત કરે છે. વાસ્તવમાં મૃત્યુનો ભય તો તેને જ હોય છે કે જેણે ભવિષ્યને માટે

---

સસલાનો નાશ નહિ કરૂં. સ્વસુખના ભોગે પણ પરને સુખ આપવું તે જ સાચી દયા છે, ધર્મ છે અને સ્વસુખ ખાતર પરને દુઃખ આપવું એ હિંસા છે, અધર્મ છે. આવી રીતે દયાના પરિણામપૂર્વક અઢી દિવસ પ્રમાણ દુઃખ સહન કર્યું, પરંતુ સ્વચરણ નીચે ન મૂકયો.

દાવાનળ શાંત થયા બાદ વનજીવો પણ સ્વસ્થાને ગયા. અઢી દિવસ પર્યંત ચરણ ઉંચે રહેવાથી અકડાઈ ગયો. અને જેવો ચરણ નીચે મુકયો કે તરત તું નીચે પટકાઈ ગયો. ત્રણ દિવસ યાવત્ ક્ષુધા, તૃષા, આદિ સહન કરતાં એકશત વર્ષ આયુ પાલી શ્રેણિક રાજા અને ધારિણી દેવીના પુત્રપણે ઉત્પન્ન થયો.

હે મેઘકુમાર, તેં એક તિર્યંચના ભવમાં પણ ધર્મ માટે આટલું કષ્ટ સહન કર્યું તો જગતવંદ્ય મુનિઓના ચરણથી પૂનિત બનેલ રજથી તું કેમ દુભાય છે. સંયમાર્થે કષ્ટ સહન કરવામાં મુક્તિ પ્રાપ્તિ સુલભ અને સમીપમાં બને છે. આવી રીતે ઉન્માર્ગગામી બનતા મેઘકુમારને સન્માર્ગે ચઢાવી પ્રભુ વીર પરમાત્મા સાચા ધર્મસારથિ બન્યા.

આમ અનેક જીવોના સાચા ધર્મસારથિ બની વીર વિભુ અપાપાનગરીમાં આસો અમાવાસ્યાની રાત્રિના અંત સમયે-દિપાલિકા દિને સ્વાતિ નક્ષત્રમાં મુક્તિવધૂના સ્વામી બન્યા યાને નિર્વાણ પામ્યા.

વંદન હો સાચા ધર્મ-સારથિ વીર વિભુને.

પાથેયરૂપ કોઈ સુકૃતનો સંચય ન કર્યો હોય. જેણે પુણ્યસંચય કર્યો હોય તેને ભય શાનો? માટે સકામ મૃત્યુવાળી પંડિતોને મૃત્યુનું આગમન એક હર્ષનું સ્થાન બને છે.

અજ્ઞાની જીવ કામ-વાસનાઓમાં અત્યંત આસક્ત બની હિંસાદિ અતિ ક્રૂર કર્મો આચરે છે ને તેથી અકામ મૃત્યુ પામે છે. જેમ અબોધ બાળક પોતાનું હિતાહિત નથી જાણતો તેમ અજ્ઞાની જીવ પણ પોતના હિતનો કાંઈ વિચાર ન કરતાં હિંસાદિમાં પ્રવૃત્ત બને છે, જેનું ફલ અકામ મૃત્યુ છે. જેમ તંદુલમત્સ્ય મનથી માત્ર કરેલ ક્રૂર કર્મોના (અધ્યવસાયોના) પ્રભાવથી સાતમી નરકે જાય છે, તેમ કામભોગાદિ વિષયોમાં અત્યંત આસક્ત મૂર્ખ નિર્દયતાથી અતિ ક્રૂર કર્મો કરી અકામ મૃત્યુ પામે છે.

જે જીવ શબ્દાદિ કામ-ભોગોમાં અત્યંત મૂર્છિત બને છે, તે વિષયોમાં વધેલ આસક્તિના કારણે વિવેકચક્ષુ બંધ થઇ જવાના કારણે નરકે જાય છે. આ કારણે ન તો પરલોક નજરમાં આવે છે, કે ન તો શુભાશુભ કર્મના ફલ તરફ તેનું ધ્યાન જાય છે. પણ વિષયભોગોને જ તે પોતાના જીવનનો સાર સમજે છે અને તેમાં લીન રહે છે.

ધર્મપતિત વિષયી પુરૂષો કહે છે કે પ્રત્યક્ષ સિદ્ધ કામભોગાદિ વિષય તો અત્યારે અમને આધીન છે પણ જે આગામી જન્મમાં મળનાર છે તે સંદેહયુક્ત છે. મળે કે ન મળે કારણ પરલોકના વિષયમાં પણ હજી સંદેહ છે. કોણ જાણે છે કે પરલોક છે કે નહિ. હજુ સુધી પરલોકનો નિશ્ચય થયો નથી, તો હસ્તગત કામભોગોનો ત્યાગ શી રીતે થાય? પ્રાપ્તને છોડી અપ્રાપ્તની ઇચ્છા કરવી એ કંઇ બુદ્ધિમાનનું કામ નથી. માટે વર્તમાનમાં પ્રાપ્ત કામાદિ વિષયોમાં આનંદ માની ભોગવવા જોઇએ. માટે અમે અમારા આત્માને સંદેહના ખાડામાં ધકેલવા ઇચ્છતા નથી, તેમ પરલોકના ચમત્કારી સુખોના પ્રલોભનમાં પડી યથેષ્ટ પ્રાપ્ત વિષયભોગ જન્મ ઐહિક સુખોથી વંચિત રહેવા ઇચ્છતા નથી.

મનુષ્યની પ્રકૃતિ મનુષ્યના ઐશ્વર્ય અને તેમના સુખદુ:ખમાં તરતમતા-વિષમતાનું કારણ શું છે? આ જે વિષમતા દેખાય છે તેનું મૂળ કારણ કર્મોની વિભિન્ન પ્રકૃતિઓ છે. કર્મોની ઉચ્ચાવચ પ્રકૃતિભેદોમાં જ આ વિશ્વની વિવિધતા ઓતપ્રોત છે. જ્યારે આ વાત સત્ય છે તો પરલોકની સત્તા તો બીજા કોઇ પ્રયત્ન સિવાય સ્વત: સિદ્ધ થઈ જાય છે.

**ભાવાર્થ**-એ કે જ્યારે જીવોની વિષમતાનું કોઈ પ્રત્યક્ષ કારણ નથી મળતું તેમને આકસ્મિક હોઈ પ્રમાણુસિદ્ધ નથી તો વિષમતાનું કોઈ અજ્ઞાન કારણ અવશ્ય હોવું જોઇએ. તે કારણ કર્મ સિવાય અન્ય કોઈ નથી. આનાથી પરલોકની સત્તા સાબિત થાય છે.

પરલોક દર્શન માટે તો જ્ઞાનચક્ષુ યા દિવ્યચક્ષુની આવશ્યકતા છે. આ ચર્મચક્ષુથી પરલોકનું દર્શન થઈ શકતું નથી. જે લોક કેવળ વિષયલાલસાઓની પૂર્તિને જ માનવજીવનનો ઉદ્દેશ સમજે છે તેમને પરલોકની સત્તા સંબંધમાં સંદેહ હોવામાં કંઇ આશ્ચર્યજનક વાત નથી. કારણ અજ્ઞાનના ગાઢ પડદાએ એના વિવેકચક્ષુને બિલકુલ બંધ કર્યાં છે. એની સારાસાર વિવેચની બુદ્ધિ બિલકુલ કુંઠિત થઈ ગઈ છે. પણ એટલા માત્રથી પરલોકના અસ્તિત્વમાં કંઈ ક્ષતિ નથી પહોંચતી. ઘુવડ સૂર્યના અસ્તિત્વને ન સ્વીકારે તો એટલામાત્રથી સૂર્યનો અભાવ થઈ શકતો નથી. જ્ઞાનચક્ષુ આત્માને પરલોકની સત્તા નિર્વિવાદ છે. પરંતુ કેવલ ચર્મચક્ષુ વિષયલોલુપી પુરૂષ પરલોકને ન દેખી શકે તો તેનું દુર્ભાગ્ય સમજવું જોઇએ.

વિષયાનુરાગી પુરૂષોને પરલોકનું જ્ઞાન થવા છતાં પણ વિષયોથી વિરક્તિ નથી થતી, પણ પોતાની આ હલકી પ્રવૃત્તિનું કોઇ ઉપાયે સમર્થન કરે છે.

પરલોકાદિના વિષયમાં સંદેહ કે અવિશ્વાસ

રાખનાર ભોગાસક્ત પુરૂષને જો કોઇ રીતે પરલોકનું અસ્તિત્વ મનાવાય તો પણ તેની પ્રવૃત્તિમાં ફરક નથી પડતો તે સિવાય વૃદ્ધિગત બનેલ વિષયાનુરાગના કારણે ધૃષ્ટતાનું આલંબન કરતા કે મૂર્ખતાને પરિચય કરાવતા કહેવા લાગે છે કે ' આ સંસારમાં કામભોગાદિ વિષયોના નિરંતર સેવન કરનાર અને તેનાથી વિરક્ત રહેનારની સંખ્યાનું અવલોકન કરવામાં આવે તો ત્યાગીઓની સંખ્યા તો અંગુલિ પર ગણી શકાય તેટલી પણ નથી. જ્યારે વિષયાનુરાગીની સંખ્યા અબજો ને તેથી પણ અધિક છે. તો મારે પણ આ મોટી સંખ્યાવાળાની સાથે રહેવું જોઇએ. તેમની જે ગતિ તે મારી. સંસારના પ્રત્યક્ષ ન્યાય પણ આ જ પક્ષનું સમર્થન કરે છે. અર્થાત્ જે બાજુ મનુષ્યનો સમુદાય અધિક તે જ સત્ય અને યુક્તિયુક્ત મનાય છે. તથા સંદેહયુક્ત પુરૂષને પણ આ તરફ જ ઝુકવું પડે છે. માટે વિષયથી વિરક્તને સાથ આપવાની અપેક્ષા અધિકાધિક સંખ્યા રાખનારની પંક્તિમાં જઇ બેસવું અધિક લાભદાયક છે.' પણ આ વિચારોનું મૂલ વિષયોની અત્યંત આસક્તિ જ છે.

ધર્માચરણના વિષયમાં સંખ્યાની અધિકતાથી મહત્ત્વ આપવું તે ખરેખર મૂર્ખતા છે. લાખો ઘુવડો ભેગા થઈ સૂર્યના અભાવની ઘોષણા કરે તો શું તે માની શકાય ?

તેવી જ રીતે લાખો પામર પુરૂષોની તીવ્ર વિષયાભિરૂચિથી ધાર્મિક જીવનના ઉચ્ચતમ આદર્શોની કદી પણ હિલના થઇ શકતી નથી. માટે જે વ્યકિત સંસારમાં વિષયીજનોની અધિક સંખ્યા દેખી તેમના નિન્દનીય આચરણોનું અનુસરણ અધિક આનંદપ્રદ અને જીવનનો મુખ્ય સાર માને છે તે બિલકુલ ભ્રાંત અને પ્રતિક્ષણ અધઃપતનની તરફ જનારા છે. તેમની પ્રવૃત્તિ આલોક અને પરલોકમાં કલેશ આપનાર છે. સત્ય કહેવામાં આવે તો સઘળા પાપોનું મૂળ કારણ વિષયપિપાસા છે. તેના નિમિત્તો કામક્રોધાદિ કષાયોનો ઉદય થાય છે. અને કષાયોનો ઉદય થવાથી મનુષ્ય અનેક પ્રકારના અનર્થ કરવામાં પ્રવૃત્ત થાય છે. અનર્થની પ્રવૃત્તિથી જ દુઃખનો ઉદ્ભવ થાય છે. માટે વિચારશીલ તો આ દુન્યવી વિષયોને દૂરથી જ નમસ્કાર કરી દે છે—ત્યજી દે છે. સૌ વિવેકી બની યથાયોગ્ય કરે એજ એક અભિલાષા !


# શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન ઉપકરણ ભંડાર.

[અમદાવાદ-૭]

જૈન જનતાને ધર્મસાધનામાં ઉપયોગી એવી તમામ વસ્તુઓ અમારા ત્યાંથી કીફાયત ભાવે મળશે. વસ્તુઓ સારી અને સસ્તી ખરીદવા માટે અમારી સાથે પત્ર વ્યવહાર કરો. અથવા રૂબરૂ મળો.

**વસ્તુઓનાં નામઃ** કેસર, સુખડ, સોના-ચાંદીના વરખ, બાદલો, અગરબત્તી, કટાસણાં, ચરવળા, સુંવાળી સાવરણીઓ...વગેરે.

સરનામું : **જૈન ઉપકરણ ભંડાર,** 'મુક્તિદ્વાર' દશાપોરવાડ જૈન સોસાયટી. : **અમદાવાદ-૭.**

# સાભાર સ્વીકાર

'કલ્યાણ' માં અવલોકનાર્થે આવતાં પ્રકાશનોનું સારગ્રાહી ટૂંકું અને માર્ગદર્શક અવલોકન આ વિભાગમાં પ્રસિદ્ધ થાય છે. સ્થલસંકોચના કારણે અમારા પર આવેલાં પ્રકાશનોનું અવલોકન વિલંબે પ્રસિદ્ધ થાય તો તે માટે પ્રકાશકો, લેખકો વગેરે સર્વે કોઇ ક્ષમા આપે. અમારા પર આત્મીયભાવે મોકલાતાં પ્રકાશનોનો સાભાર સ્વીકાર તથા અવલોકન શક્ય હોય તો તાત્કાલિક પ્રસિદ્ધ કરવા અમે શક્ય કરીશું. તે તે પ્રકાશનોના પ્રકાશકો અવલોકનાર્થે પોતાનાં પ્રકાશનો અમને મોકલાવે.

⊙

(૧) **बिखरे फूल :** લે. પૂ. મુનિરાજ શ્રી જિતેંદ્રવિજયજી મ. પ્રકા. જૈન સાહિત્ય પ્રચાર સમિતિ મુણોતનિવાસ. પીપલીયા, બ્યાવર (રાજસ્થાન) મૂ. ૫૦ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૬+૧૦૬-૧૧૨ જીવનને ઉન્નત, ઉર્ધ્વગામી તથા ઉજ્વલ બનાવવા માટે ઉપકારક તથા ઉપયોગી ચિંતન-મનન તથા નિદિધ્યાસનના પરિપાકરૂપ વેરાયેલા વિચારકુસુમો અહિં એકત્ર કરવામાં આવેલ છે. પાશ્ચાત્યવિદ્વાનોના સુભાસિતો તથા પૂર્વતન મહાપુરૂષોના વચનરત્નો હીંદી ભાષામાં અહિં સંગૃહીત થયેલ છે. પુસ્તક સુંદર તથા વાચનક્ષમ છે. સંગ્રાહક પૂ. મુનિરાજશ્રીનો પ્રયત્ન સ્તુત્ય છે.

(૨) **ज्ञातनंदन गुणावली :** પ્રકા. જૈન સુશીલમંડલ હિંગણઘાટ (જી. વર્ધા) ક્રા. ૧૬ પેજી ૧૦+૧૨૦-૧૩૦ પેજ. મૂ. ૧ રૂા.

દેવાધિદેવ શ્રમણભગવાન શ્રી મહાવીરદેવના ૧૦૧ પ્રાચીન ભાવવાહી સ્તવનોનો સુંદર સંગ્રહ આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયો છે. બાલબોધ ટાઇપોમાં સ્વચ્છ, સારા કાગળોમાં આ પુસ્તિકા આકર્ષક બની છે. સંગ્રહની પાછળ વિશિષ્ટ તથા ધ્યેયલક્ષી દૃષ્ટિ રહી છે. સંગ્રહ ખૂબ ઉપયોગી તથા ભાવભક્તિ માટે ઉપકારક છે. સંગ્રહ કરનારનો પરિશ્રમ સ્તુત્ય છે. પુસ્તિકા સંગ્રહ કરવા જેવી છે.

(૩) **જિનેન્દ્ર સ્તવન ચોવીશી રચયિતા :** પૂ. આ. મ. શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. પ્રકા. શાહ જગુભાઇ લલ્લુભાઇ છાણી (તા. વડોદરા) ભેટ ક્રા. ૧૬ પેજી ૮૨ પેજ.

શાસ્ત્રીય રાગ-રાગિણી પૂર્વક તથા નોટેશન સહિત ૨૪ તીર્થંકરોના ભાવવાહી તથા સુગેય સ્તવનોની રચના પૂ. આચાર્યદેવશ્રીએ કરી છે, જે સ્તવનો અત્રે સંગૃહીત થયેલ છે. શાસ્ત્રીય સંગીતના રસિક વર્ગને માટે પૂ. મહારાજશ્રીની રચના ઉપકારક છે. પૂ. આચાર્યદેવશ્રીની શાસ્ત્રીય સંગીત પ્રત્યેની અભિરૂચિ કાવ્યત્વની નૈસર્ગિક શક્તિ તથા પ્રતિભાનો આ કૃતિ દ્વારા સમાજને પરિચય થાય છે. તેઓશ્રીનો પરિશ્રમ સ્તુત્ય છે.

(૪) **ભુવનેશ ભક્તિ વહેણ :** રચયિતા તથા પ્રકાશક ઉપર મુજબ. ક્રા. ૧૬ પેજી ૪+૨૮-૩૨ પેજ.

છેલ્લામાં છેલ્લી ઢબના નૂતન રાગ-રાગિણી યુક્ત સ્તવનોનો સંગ્રહ અહિં પ્રસિદ્ધ થયેલ છે. બાલજીવોને પ્રભુભક્તિના માર્ગે જોડવા માટે આ પદ્ધતિના સ્તવનો તથા ભક્તિ ગીતો જરૂર ઉપકારક બને આ જ એક હેતુથી પૂ. આચાર્યદેવશ્રીએ જેમ શાસ્ત્રીય સંગીતમાં સ્તવનોની રચના વિદ્વદ્‌ભોગ્ય શૈલીયે કરી છે તે રીતે આ સ્તવનોની રચના બાલભોગ્ય શૈલીયે કરી છે. પ્રયત્ન આવકાર્ય છે.

(૫) **ઉપધાન તપ વિધિ :** પ્રકા. શા. ઉત્તમચંદ ભીખાચંદ. ૩૯૪, સરદાર પટેલ સ્ટ્રીટ પૂના કેંપ. મુ. ૫૦ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૪૨ પેજ

શ્રાવક કુલમાં જન્મ લીધા પછી નવકાર મહા-

મંત્રને ભણવા માટેનો અધિકાર પણ ઉપધાનતપની આરાધના વિના આવતો નથી. ઉપધાન તપની વિધિ તથા ઋષિમંડલ આદિનો સંગ્રહ આ પ્રકાશનમાં કરવામાં આવેલ છે. શ્રાવક-શ્રાવિકા વર્ગને દરરોજ ઉપધાનમાં કરવામાં આવતી ઉપયોગી ક્રિયાઓનો આમાં સમાવેશ કરેલ છે. પુસ્તિકા એ રીતે આરાધક વર્ગને ઉપયોગી છે. પ્રકાશન આવકાર પાત્ર છે. 'સૂતક વિચાર' છેલ્લા પેજમાં મૂકવામાં આવેલ છે તે અહિં અપ્રસ્તુત છે, ને તેને અંગે મતભેદ છે. ગ્રહણ વખતે દેરાસરો બંધ રાખવાનો શાસ્ત્રીય ઉલ્લેખ હોવાનું સાંભળેલ નથી.

(૬) **આતમવલ્લભ દીપિકા** : પ્રકા. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી ૮૪ પેજ.

મુખ્યત્વે તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજી તીર્થને અંગે ઉપયોગી સ્તવનો, ખમાસમણા તથા નવાણુ-યાત્રાની વિધિ ઇત્યાદિ ઉપયોગી હકીકતોનો અહિં સમાવેશ કરવામાં આવેલ છે. સ્તવનો પ્રાચીન તથા અર્વાચીન બન્નેયનો ઉપયોગી સંગ્રહ છે. પ્રકાશન તથા સંગ્રહ ઉપયોગી છે.

(૭) **ધર્મવાણી** : પ્રકા. શ્રી વાલકેશ્વર જૈન સમિતિ, મુંબઇ. ક્રા. ૧૬ પેજી ૧૬ પેજ.

વિ. સં. ૨૦૧૬ના ચાતુર્માસમાં વાલકેશ્વર મુંબઇ ખાતે પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે 'ભગવતીસૂત્ર' પર આપેલાં પ્રવચનોમાંથી ઉધ્ધૃત કરેલાં વિચારરત્નોનો અહિં સમાવેશ કરવામાં આવેલ છે. ટૂંકમાં ગાગરમાં સાગરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ધર્મશ્રદ્ધામાં દૃઢ કરવા માટે આ વાણી જરૂર ઉપયોગી બનશે. સંગ્રાહકનો શ્રમ સ્તુત્ય છે.

(૮) **રાજેન્દ્ર જિનગુણ મણિ માલા. રચયિતા.** પૂ. પંન્યાસજી મ. શ્રી રાજેન્દ્રવિજયજી ગણિવર (ડહેલાવાળા) પ્રકા. તપગચ્છ જૈન ઉપાશ્રય શા. કચરાભાઇ હઠીસીંગ. શામલાની પોળ, અમદાવાદ. ભેટ ક્રા. ૧૬ પેજી ૪+૬૦-૬૪ પેજ.

ચોવીશ જિનેશ્વર દેવનાં સ્તવનો, સ્તુતિઓ તથા ભક્તિગર્ભિત ગીતો, પદોનો સંગ્રહ અહિં પ્રસિદ્ધ થયો છે. રચયિતા પૂ. મહારાજશ્રીએ પ્રાચીન-અર્વાચીન રાગોમાં સ્તવનો આદિની રચના કરી, પૂ. શ્રી જિનેશ્વર ભગવંતોનાં પુનિત ચરણોમાં ભક્તિભાવભરી અર્ધ્યાંજલિ સમર્પી છે. પૂ. મહારાજશ્રીનો પરિશ્રમ સ્તુત્ય છે. છેલ્લે બોધક કક્કાવલી યોજી છે.

(૯) **જૈન શ્રમણ** : લે. પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મ. પ્રકા. જૈનધર્મોપકરણ સંસ્થા ત્રણ દરવાજા, સાંકડી શેરી, પાટણ (ઉ. ગૂ.) ક્રા. ૧૬ પેજી ૧૬ પેજ.

'ભુવન વિહાર દર્પણ' પુસ્તક માટે પ્રસ્તાવનારૂપે લખેલ આ સાહિત્ય આમ પુસ્તિકાકારે પ્રસિદ્ધ થાય છે. જૈન શ્રમણ સંસ્થાની ઉપયોગિતા તથા ઉપકારકતાનો તથા મહત્તાનો સર્વ કોઇને ખ્યાલ આવી શકે તે દૃષ્ટિયે આ પુસ્તિકાનો વિષય સુંદર માર્ગદર્શન આપે છે. સાથે દેવદ્રવ્યની ઉપયોગિતા માટે પણ ઉપયોગી હકીકત પ્રસિદ્ધ થયેલી છે. ભાષા સરલ તથા શૈલી સચોટ છે. પૂ. મહારાજશ્રીનો પ્રયત્ન સ્તુત્ય છે. જૈન શ્રમણો જગતમાં કઈ રીતે પોતાના પવિત્ર આચાર-વિચાર દ્વારા સાક્ષાત તથા પરંપરાયે ઉપકારક છે, એ સમજવા માટે આ વિચાર ધારા જરૂર અવલોકવા જેવી મનનીય તથા પ્રેરક છે.

(૧૦) **ઓઘનિર્યુક્તિ પરાગ** : લે. સંપા. પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ પ્રકા. આર્યજંબૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમ મંદિર. શ્રીમાલીવાગા, ડભોઈ (વડોદરા) મૂલ્ય ૧-૫૦ ન. પૈસા. ક્રા.૧૬ પેજી ૪૪+૨૦૦-૨૪૪ પેજ.

ચૌદપૂર્વધર શ્રુતસ્થવિર શ્રી ભદ્રબાહુ સ્વામીજી રચિત 'ઓઘનિર્યુક્તિ' ગ્રંથ ચરણકરણાનુયોગનો મહત્ત્વનો ગ્રંથ છે, તેના અભ્યાસક પૂ. સાધુ-સાધ્વીજી વર્ગને ઉપયોગી તથા ઉપકારક આ પરાગ સુબોધ શૈલીયે સરલ ભાષાનુવાદ પૂર્વક યોજિત કરેલ છે. લેખક પૂ. મહારાજશ્રીએ 'ઓઘનિર્યુક્તિ'નું પોતાના પૂ. ગુરુદેવશ્રી પાસે અધ્યયન કરી તેના ચિંતન-મનનના પરિપાકરૂપે આ પ્રકાશન તૈયાર કરેલ છે. રત્નત્રયીની આરાધનાના પ્રાણરૂપ ચારિત્ર શુદ્ધિનું નિરૂપણ કરનારો

ગ્રંથ આ રીતે બાલભોગ્ય શૈલીમાં ગૂર્જરભાષાનુવાદને પામે છે, ને તે વિષયના અભ્યાસી પૂ. સાધુ–સાધ્વી વર્ગ માટે અનેકરીતે ઉપયોગી બનશે તે નિઃશંક છે. આ ગ્રંથના અભ્યાસ માટે પૂ. સાધુ–સાધ્વી વર્ગ જ અધિકારી છે. બહુશ્રુત વિદ્વાનોની દૃષ્ટિથી સંશોધિત–સંમાર્જિત થયેલી આ કૃતિ તે વિષયને સુયોગ્ય રીતે ન્યાય આપનારી બની છે તે માટે સંપાદક–સંયોજક પૂ. મહારાજશ્રીના પરિશ્રમને અભિનંદન ! પૂ. સાધુ–સાધ્વીજી વર્ગ આ ગ્રંથનું અધ્યયન–અધ્યાપન કરે–કરાવે ને ચારિત્રશુદ્ધિને વિસ્તારે એ અભિલાષા.

(૧૧) **જંબૂસ્વામી રાસ** : સંપા. ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ પ્રકા. શેઠ નગીનભાઇ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડ, સુરત. મૂ. ૨ રૂા. ૬૨+૨૫૬–૩૧૮ પેજ ક્રા. ૧૬ પેજી.

પૂ. પાદ ન્યાયાચાર્ય તાર્કિકશિરોમણિ વાચકવર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ રચિત જંબૂસ્વામીનો રાસ નૂતન પદ્ધતિયે સંપાદિત થઇને આ પ્રકાશનમાં પ્રસિદ્ધિને પામે છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રીની સ્વહસ્તે લિખિત પ્રત પરથી આ રાસનું સંપાદન થયું છે તેમજ તેઓશ્રીની ભાષાને તેજ રીતે અહિં પ્રસિદ્ધ કરેલ છે. એટલે તે કાલની ગુજરાતી ભાષા વગેરેની માહિતિ ભાષાવિદોને પ્રાપ્ત થઇ શકે ! પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રી સર્વદેશીય વિદ્વાન હતા. ભાષા કે સાહિત્યનું એક અંગ પણ એવું ન હતું કે જેમાં તેઓશ્રીએ અવગાહન કરીને તલસ્પર્શી વિદ્વત્તા પ્રાપ્ત ન કરી હોય ! આ રાસ કાવ્યના અનેક અંગોથી સમૃદ્ધ અને અનેક રસોથી સંપૂર્ણ સુગેય છે. નવે રસોનું વર્ણન કરીને છેવટે શાંત રસનો–વૈરાગ્યરસનો વિજય ધ્વજ અહિં ફરકતો જોઈ શકાય છે. સંપાદકે વિદ્વત્તાભરી વિસ્તૃત પ્રસ્તાવનામાં જંબૂસ્વામી રાસ વિષે તેમજ તેના રચયિતા પૂ. ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી મહારાજશ્રીનાં જીવન–કવનને વિષે ઉપયોગી અનેકવિધ સામગ્રી રજૂ કરી છે. જે રાસના અભ્યાસક વર્ગને અનેક રીતે ઉપયોગી છે. એકંદરે સંપાદન સુંદર બન્યું છે સંપાદન પાછળ અધ્યયન તથા પરિશ્રમ સારો લીધો છે.

પ્રકાશન સમૃદ્ધ બન્યું છે. ૩૦૦ ઉપરાંત પેજના દળદાર તથા ગેટ–અપ, છપાઇ ઈત્યાદિથી સમૃદ્ધ પ્રકાશન પ્રચારાર્થે સસ્તુ મૂલ્ય રાખેલ છે.

(૧૨) **ગિરિરાજ સ્પર્શના** : લે. પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ પ્રકા. આર્ય શ્રી જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમ મંદિર શ્રી માલીવાગા. ડભોઈ (વડોદરા) ભેટ. ક્રા. ૧૬ પેજી ૧૬+૨૨૪–૨૪૦ પેજ.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થનો મહિમા, ઇતિહાસ તથા પરિચય ઈત્યાદિને વિસ્તૃતરીતે આલેખતું આ પ્રકાશન, તેના વિષયનું અદ્વિતીય છે. શત્રુંજય ગિરિરાજને અંગે ભૂતકાલીન તથા વર્તમાનકાલીન ઇતિહાસ તેમજ તેની યાત્રા–સ્પર્શનાનો મહિમા વગેરે વર્ણન રોચક ભાષામાં સુબોધ શૈલીયે અહિં રજૂ થયેલ છે. લેખક–સંયોજક પૂ. મહારાજશ્રીનો પરિશ્રમ સ્તુત્ય છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિવરને અંગે સમગ્ર ઉપયોગી માહિતીથી સભર આ પુસ્તકના પાંચ વિભાગો છે. જેમાં ગિરિરાજના ઉદ્ધારો, ગિરિરાજની આજુબાજુનો વર્તમાનકાલીન પરિચય, યાત્રાની વિધિ તથા સ્તવનો, ચૈત્યવંદનો, ખમાસમણા, નવાણુપ્રકારી પૂજા વગેરે સાહિત્યથી સમૃદ્ધ આ પ્રકાશન ગાઇડના જેવી ગરજ સારે છે. પ્રકાશન દરેક રીતે ઉપયોગી તથા સર્વ સંગ્રહરૂપ છે. ગિરિરાજની યાત્રાયે જનાર ચતુર્વિધ સંઘને માર્ગદર્શક છે.

(૧૩) **મુચ્છાલા મહાવીર નામ કયોં પડ્યા ?** લે. પૂ. મુનિરાજ શ્રી ભવ્યાનંદવિજયજી મહારાજ. પ્રકા. શ્રી હિતસત્ક જ્ઞાન મંદિર. મૂ. ૩ આના ક્રા. ૧૬ પેજી–૧૬ પેજ.

મારવાડ (રાજસ્થાન) માં આવેલ, ઘાણેરાવની બાજુના મુછાલા મહાવીર તીર્થનો ભૂતકાલીન તથા વર્તમાનકાલીન ઇતિહાસ તથા પરિચય હિંદી ભાષામાં તીર્થયાત્રા પ્રેમી જિજ્ઞાસુ વર્ગને ઉપયોગી બને તે રીતે સંવાદાત્મક શૈલીયે અહિં રજૂ થયેલ છે. જે તીર્થના પરિચયને માટે ઉપયોગી છે. ભાષા તથા શૈલી સુબોધ તથા સરલ છે. પ્રકાશન સુંદર છે.

# તવારીખની તેજછાયા

શ્રી સુમંગલ

ત્રણ વરસ સુધી પોતાની ત્રીસ ફુટ લાંબી હોડી 'વોન્ડર-૩'માં ત્રીસ હજાર માઈલ દરિયાઇ સફરનું સાહસ એરિક અને સુસાનકીસ્કોક નામના અંગ્રેજ દંપતિએ ખેડી અજબ સિદ્ધિ મેળવી છે.

ઈંગ્લાંડના એસેક્સ પરગણામાં એક એવો અજબ માનવી વસે છે જે કદી હસતો નથી. પોતાને હસાવવામાં સફળ થઇ શકે તેને માટે ૧૦૦ પૌંડના ઈનામની ઓફર કરી છે. ઘણા લોકોએ પ્રયત્નો કર્યા પણ હજુ સુધી કોઇ તેને હસાવી શકયું નથી.

નિષ્ણાતોનું માનવું છે કે, યુરોપમાં આવેલો પિસાનો ઢળતો મિનારો ૪૦૦ વર્ષમાં જમીનદોસ્ત થઈ જશે. તે દર વરસે વધુ ને વધુ નમતો જાય છે. જો તેના પાયામાં સિમેન્ટ કોંક્રીટનું ચણતર કરવામાં આવે તો હજારેક વર્ષ ટકી શકે.

પૂ. આ. મ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજીના કાળમાં પાલનપુર શહેરનાં પ્રહલાદનપાર્શ્વનાથજીનાં જિનાલયમાં દરરોજ ૩૨ મણ ચોખા અને ૧૬ મણ સોપારી ભંડારમાં આવતી હતી. ધન્ય શ્રાવકોની શક્તિ, ભક્તિ અને ભાવનાને !

નેધરલેન્ડના રસ્તા વ્યવહાર સલામતિ મંડળે રાત્રે થતા અકસ્માતો નિવારી શકાય તે માટે પગે ચાલનારાઓને પીળા રંગનો પ્રકાશિત બિલ્લો આપવાનું નક્કી કર્યું છે. આ બિલ્લો અંધારામાં ચમકતો રહેશે.

લેકાડીબ્ઝ જુથમાંના 'પીટી' ટાપુની મુલાકાત લેનાર અધિકારીઓની એક ટુકડીને વિચિત્ર વાત જાણવા મળી છે, તેમના જણાવ્યા મુજબ ટાપુમાં એક પણ ઝાડ નથી, માનવીનો વસવાટ નથી માત્ર બે ચીના પક્ષીઓ જ આ ટાપુમાં રહે છે અને રેતીમાં ઈંડા મૂકી તેને સેવે છે.

બ્લ્યુવહેલ એ દુનિયામાં સૌથી મોટામાં મોટું જલચર પ્રાણી છે.

વાસદ તાલુકાના અંકલાવ નામના ગામમાં એક ખેડૂતની મરઘીએ ચોપગા બચ્ચાંને જન્મ આપ્યો છે, આ બચ્ચાનો એક પગ બરાબર ટેકાતો ન હોઈ ત્રણ પગે ચાલે છે.

તાજેતરમાં ઈટાલીની સરકારે તમાકુ-બીડી-સીગારેટ તથા ધુમ્રપાન કરવા માટેની તમામ ચીજોની જા+ખ કરવા પર પ્રતિબંધ મૂકયો છે.

અમેરિકાએ ન્યુ મેકિસકોના રણમાં તારીખ ૧૬ જુલાઇ ૧૯૫૪ નાં રોજ સૌથી પહેલવહેલો અણુધડાકો કર્યો હતો.

માન્ચેસ્ટરની 'શરલી ઇન્સ્ટીટયુટ' માં નિષ્ણાંતોએ ઉનાળામાં ઠંડક અને શિયાળામાં ગરમી આપે તેવું કપડું તૈયાર કર્યું છે, હાલ તો ફક્ત દશ વાર કપડુ બનાવ્યું છે, આવતા બે ત્રણ વર્ષમાં વેપારી ધોરણે તેનું ઉત્પાદન કરવામાં આવશે.

લંડનના જાણીતા તબીબ ડો. હેનરી સીમને પોતાના અનુભવથી જાહેર કર્યું છે કે, સ્ત્રીઓનાં ચામડીના દર્દોના જેટલા કેસો મારી પાસે આવ્યા તેમાનાં ૯૯ ટકા પફપાઉડરનાં વધુ પડતા ઉપયોગને આભારી હતા.

બી. બી. સી. ની ગ્રામોફોન લાયબ્રેરીમાં પાંચ લાખ ગ્રામોફોન રેકોર્ડ છે અને તેમાંથી જોઇતી કોઇપણ રેકોર્ડ એક મિનિટ કરતાં ઓછા સમયમાં શોધી શકાય તેવી ખાસ યાંત્રિક સગવડ છે.

કુતરાની શ્રવણેંદ્રિય સતેજ હોય છે. ૪૦ ફુટ દૂરની ઘડિયાલની ટકટકનો અવાજ સાંભળી શકે છે.

પૂ. જગદ્ગુરુ આ. શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજશ્રીના વિશાલ પરિવારમાં ૨૫૦૦ સાધુઓ, ૩૦૩ સાધ્વીઓ, ૧૫૦ પંન્યાસજી અને ૭ ઉપાધ્યાય હતા.

સોવિયેટ રશિયા કાગળનું ફરનિચર બનાવવાનું છે, આ માટે કાગળોની ખાસ પ્રક્રિયા થશે. આ ફરનીચર વજનમાં હળવું છતાં વિશેષ ટકાઉ બનશે.

કરોળિયાનો બારિક જાળનો એક શેર વજનનો તાર પૃથ્વી ફરતો પહોંચી શકે એટલો મોટા હોય છે.

# મંત્ર પ્રભાવ

'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક નવલવાર્તા

લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વ પરિચય** : વંકચૂલ અજિતપુરમાં દુર્ગાશેઠની પેઢીમાં ચોરી કરીને રાજેશ્વરીના આવાસમાં આવેલ છે. નગરમાં આ રીતે ઉપરા-ઉપરી ચોરીઓથી ખળભળાટ થાય છે. ને રાજા ચોરને પકડવા પાંચહજાર સુવર્ણમુદ્રાઓનું ઇનામ જાહેર કરે છે. રાજાનો કોટવાલ રાજેશ્વરીના આવાસમાં તપાસ કરવા આવે છે. રાજેશ્વરીને પણ નગરમાં થતી આ ચોરીઓથી મૂંઝવણ થાય છે. વંકચૂલ 'હરિનંદન' નામથી રાજેશ્વરીના આવાસમાં રહીને દિવસો પસાર કરે છે.

**હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૧૩ મું

## વંકચૂલની ચાલાકી

બીજા બે દિવસ પસાર થઈ ગયા.

નગરીમાં એક પણ નવી ચોરી ન થઇ. ચોર અથવા ચોરાયેલા માલ અંગે પણ કોઇ પ્રકારના સગડ ન મળ્યા.

રાજા દુર્દમસિંહે નગરીમાં સખત જાપ્તો રાખેલો હતો...છેલ્લા બે દિવસથી વરસાદ રહી ગયો હતો...છતાં જનતાના ચિત્તનો ભય દૂર નહોતો થયો. કારણ કે સમગ્ર નગરીમાં ચોર માંત્રિક હોવાની માન્યતા દૃઢ બની ચૂકી હતી. શ્રીમંતોના હૈયામાં ભારે ફફડાટ રહેતો હતો. રાતનો માંત્રિક ચોર ક્યારે આવશે ને ક્યારે મિલ્કત ઉઠાવી જશે. એ ચિંતા સહુના મનમાં રહ્યા કરતી હતી.

રાજાના માણસો જેમ નગરીમાં ઠેર ઠેર ચોકી પહેરો ભરતા હતા તેમ દરેક ધનવાનના માણસો પણ ભારે કાળજીપૂર્વક પહેરો ભરતા હતા.

વંકચૂલ બરાબર નિરિક્ષણ કરતો હતો અને છેલ્લી બે ચોરીનો માલ કેવીરીતે નગરી બહાર કાઢવો તેમજ રાજભવનમાં કેવી રીતે હાથ મારવો તે અંગેની યોજના પણ ઘડી રહ્યો હતો.

આજ રાતે રાજેશ્વરીને ત્યાં નૃત્યનો કાર્યક્રમ હતો. વંકચૂલ ક્યારેય નૃત્ય કે સંગીતના કાર્યક્રમમાં રસ લેતો નહોતો પરંતુ આજે રાજેશ્વરીએ ખૂબ જ આગ્રહ કર્યો અને કહ્યું: 'પ્રિય, આજ હું એક સુંદર નૃત્ય કરવાની છું. આપ આજે જરુર નૃત્ય નિહાળો.'

'પ્રિયે, રસ વગરની ચીજ નિહાળવામાં ખરેખર મને નિદ્રા જ આવશે.''

'હું સત્ય કહું છું આજ આપને નિદ્રા નહિં આવે...'

'કેમ ?'

'મારું નૃત્ય સર્વ પ્રેક્ષકોની નિદ્રા હરી લેશે. હું આજ મુગ્ધાભિસારિકા બનવાની છું. આપ જો સામે હશો તો મારી ઉર્મિઓ વધારે ખીલી ઉઠશે.'

'તારી ઉર્મિ ખાતર આવવામાં મને જરાય વાંધો નથી પરંતુ આજ કંઈ ખાસ અતિથિઓ આવવાના છે ?''

'હા...આજ મહારાજા પોતે પધારવાના છે...એમનો એક મિત્ર આવ્યો છે. એમની સાથે રાજાના અન્ય કર્મચારીઓ પણ આવવાના છે.'

'ત્યારે તો મને...'

'આપને ખરેખર આનંદ પડશે.'

'સારું...પ્રિયાની આજ્ઞા સ્વીકારવી જ પડશે. પરંતુ એક મુશ્કેલી નડશે.'

'કઈ વાતની ?'

'આવા મહાન અતિથિઓ વચ્ચે હું આવા વેશે બેસીશ એ જરા અજુગતું લાગશે અને સહુ સુરાપાન કરશે ત્યારે મારે હાથ જોડીને બેસી રહેવું પડશે...કદાચ એ લોકોને મારા આવા વર્તનથી અપમાન જેવું જણાય તો...'

'આપ નિશ્ચિંત રહેજો...આપના માટે ઉત્તમ વસ્ત્રો હું તૈયાર રાખીશ...મારી ખાસ દાસી આપને દૂધનું પાત્ર આપી જશે...' રાજેશ્વરીએ કહ્યું.

વંકચૂલે નૃત્યમાં આવવાનું સ્વીકાર્યું.

નૃત્યના અંગે રાજેશ્વરીએ રાતનું ભોજન ન લીધું...માત્ર વંકચૂલને જમાડ્યો. ત્યાર પછી તે નૃત્યની પૂર્વ તૈયારી માટે ચાલી ગઇ...

મુખ્ય પરિચારિકાએ યથા સમયે વંકચૂલને ઉત્તમ વસ્ત્રો આપ્યાં.

આજના નૃત્યમાં વંકચૂલના કોઈ સાથીઓ જવાના નહોતા...એક માત્ર વંકચૂલ જ જવાનો હતો. તેના મનમાં એક યોજના આવી ગઇ હતી અને જો તક મળે તો તે યોજના આજે જ અમલી બનાવવી એમ તેણે મનથી નક્કી કર્યું હતું.

રાત્રિનો બીજો પ્રહર શરૂ થયો કે તરત રાજભવનના ચાર રથો રાજેશ્વરીના ભવનમાં દાખલ થયા. ત્યાં ઉભેલા રાજના સૈનિકોએ અને રાજેશ્વરીના માણસોએ મહારાજનો જયનાદ પોકાર્યો.

ભવનના મુખ્ય દ્વાર પાસે રાજેશ્વરીએ મહારાજનું ભાવભર્યું સ્વાગત કર્યું: ઉત્તમ પ્રકારના મોતી વડે વધાઇ કરી. સુવાસિત પુષ્પોની માળાઓ મહારાજ તેમજ અન્ય રાજપુરુષોને આરોપી અને ફૂલોના ગજરા આપ્યા.

પોતાની નગરીની અતિ પ્રખ્યાત અને કલા ચતુર ગણિકા રાજેશ્વરી સામે પ્રસન્ન નજરે જોઈ મહારાજાએ તેના સ્વાગતનો સ્વીકાર કર્યો.

મહારાજ દુર્દમસિંહનો મિત્ર રાજેશ્વરીની સુંદરતાને અને કલાત્મક પરિધાનને નિહાળી રહ્યો.

સહુ નૃત્યરંગમંચના નાના પ્રેક્ષાગૃહમાં આવ્યા.

રાજેશ્વરીની નવજવાન પરિચારિકાઓએ સહુને યથાયોગ્ય આસને બેસાડ્યા. વંકચૂલ પણ ત્યાં જ અગાઉથી આવીને ઉભો હતો... તેના કંઠમાં પણ એક શ્વેત પુષ્પની માળા આરોપવામાં આવી હતી. સહુ માટે તે અપરિચિત હતો...પરંતુ કોટવાળ તેને ઓળખતો હતો.

એટલે કોટવાળે આછા હાસ્ય સહિત વંકચૂલને પોતાની પાસે બોલાવ્યો. વંકચૂલ તેની પાસે જ એક આસન પર બેસી ગયો.

રાજેશ્વરીદેવી નૃત્યભૂમિ પર ચાલી ગઈ હતી.

દીપમાલિકાઓનો મધુર પ્રકાશ સમગ્ર નૃત્યભૂમિને ભીંજવી રહ્યો હતો.

કોટવાળે વંકચૂલ સામે જોઇને કહ્યું: 'હરિનંદન શેઠ, હમણાં તો અહીં રોકાવાના છો ને?'

'હજુ કશું કામ થયું નથી...થોડો માલ લેવો છે...વરસાદ છે અને આપ તો જાણો છો કે ચોરનો ભય સહુનાં મનને મુંઝવી રહ્યો છે...' વંકચૂલે મધુર સ્વરે કહ્યું:

'આપની વાત સાચી છે...હમણા થોડા દિવસથી શાંતિ છે...પરંતુ ચોરનો ભય તો એવો ને એવો છે.' કોટવાળે કહ્યું.

'કોટવાળજી, ક્ષમા કરો તો એક વાત કહું.'

'કહો...'

'આપના જેવા કુશળ કોટવાળ હોય અને ચોર કે ચોરીનો માલ ન પકડાય એ ભારે આશ્ચર્ય છે!'

'શું કરવું.' મહારાજા અમને ખૂબ કહી રહ્યા છે...પરંતુ ઉપાય શો! માંત્રિક ચોરને પકડવો કેવી રીતે? એના કોઇ સગડ જ મળ્યા નથી.'

નૃત્યભૂમિ પર વાદ્યકારોએ વાદ્ય શરૂ કરી દીધાં હતાં.

વંકચૂલે કહ્યું: 'કોટવાલજી, ચોર ગમે તેવો હોય પણ એની નિશાની તો રહેતી જ હોય છે... અમારી વણઝારનો જ દાખલો આપું. લાખો રૂપિયાનો માલ અમારી સાથે હોય, વનવગડા ખેડવા પડે...કોઇવાર લુંટારાઓ સામે મુકાબલો કરવો પડે તો કોઈવાર સાહસિક ચોર સામે સામનો કરવો પડે. મારી વણઝારમાં બે માણસો ચોરને શોધી કાઢવાની કળાના એવા નિષ્ણાત છે કે અમારી વણઝારમાં થયેલી સેંકડો ચોરીઓ એ લોકોએ પકડી પાડી છે.'

'એમ?' કોટવાલના ચહેરા પર આનંદ છવાયો.

નૃત્યભૂમિનો પડદો ખસી ગયો હતો અને પાંચ સુંદરીઓએ મંગલગાન ગાવું શરૂ કરી દીધું હતું.

પ્રેક્ષાગૃહમાં રાજેશ્વરીની પરિચારિકાઓ ઉત્તમ

મૈરેયના પાત્રો સહુને આપી રહી હતી. એક પરિચારિકા વંકચૂલના હાથમાં દૂધનું પાત્ર મૂકી ગઇ.

કોટવાલના હાથનાં મૈરેયનું પાત્ર આવ્યું હતું.

કોટવાળે વંકચૂલના હાથમાં રહેલા દૂધના પાત્ર સામે જોઇને આશ્ચર્યભર્યા સ્વરે કહ્યું: 'કેમ શેઠજી, મૈરેયની મોજ આપ...'

'ધાર્મિક દૃષ્ટિએ અમારામાં સુરાપાનનો નિષેધ છે...હું જૈન છું.' વંકચૂલે ખુલાસો કર્યો.

'ઓહ! આપ રાજેશ્વરીના અતિથિ હોવા છત આટલું જાળવી શકો છો એ મોટી વાત કહેવાય.' કહી કોટવાળે મૈરેયપાન શરૂ કર્યું.

હજુ મંગલગાન ચાલતું હતું. મૈરેયનું પાત્ર પુરૂં કરીને કોટવાળે કહ્યું: 'શેઠજી, ચોરને શોધવાની કળાના નિષ્ણાત માણુસો આપની સાથે જ છે?'

'હા...પણ અહીંથી વીસ કોશ દૂર અમારા પડાવમાં છે.' વંકચૂલે સ્વાભાવિકસ્વરે કહ્યું.

'જરૂર પડે તો આપ અમારા પર એટલી કૃપા કરી શકશો?'

'અવશ્ય...પરંતુ...'

'શું?'

'મારા બે માણુસોને અહીંથી પડાવે મોકલવા પડે...આવતાં જતાં ત્રણેક દિવસ તો સહેજે થઈ જાય.'

'કંઇ હરકત નહિં...હું આ અંગે મહારાજાને વાત કરૂં તો...'

વચ્ચે જ વંકચૂલ બોલી ઉઠ્યો: 'મને કોઇ હરકત નથી. આપનું કાર્ય કરવું એ મારાં સદ્‌ભાગ્ય લેખાશે.'

મંગળગાન પુરૂં થયું હતું અને રાજેશ્વરીનો નૃત્યાચાર્ય હવે પછી થનારા નૃત્યનો પરિચય આપી રહ્યો હતો.

સહુની નજર નૃત્યમંચ પર સ્થિર બની હતી.

થોડી જ વારમાં નૃત્યનો પ્રારંભ થયો.

વાદ્યો ગહેકી ઉઠયાં.

અને રાજેશ્વરી કોઇ શાપભ્રષ્ટ અપ્સરા હોય એવા મનમોહક રૂપ-યૌવનની પ્રભા પાથરતી નૃત્યભૂમિ પર આવી.

વંકચૂલ જ્યારે પોતાની નગરીમાં હતો ત્યારે અનેક નર્તકીઓનો પરિચય સાધ્યો હતો...નૃત્ય-સંગીત, સુરા અને સુંદરીમાં તે મસ્ત રહેતો હતો. નૃત્ય પ્રત્યે તેના મનમાં કોઈ પ્રકારનો અભાવ તો હતો જ નહિ. તે હોડપૂર્વક જ આજસુધી રાજેશ્વરીના નૃત્યમાં જવાની ના પાડતો હતો.

પરંતુ આજનું નૃત્ય જોયા પછી તેના હૈયામાં રાજેશ્વરી પ્રત્યે ખૂબ જ ભાવ જાગી ગયો.

મુગ્ધાભિસારિકાનું નૃત્ય ખૂબ જ હૃદયસ્પર્શીય હતું...રાજેશ્વરી અવાર નવાર પ્રસન્ન દૃષ્ટિએ વંકચૂલને જોઈ લેતી.

રાત્રિના ત્રીજા પ્રહરની બે ઘટિકા પછી નૃત્ય પુરૂં થયું.

મહારાજ દુર્દમસિંહે અને તેના મિત્રે ઉત્તમ અલંકારો નૃત્યભૂમિ પર ફેંકયા અને રાજેશ્વરીને ધન્યવાદ આપ્યા.

થોડીવાર પછી બધા વિદાય થયા. રાજેશ્વરી નર્તકીના જ વેશમાં મહારાજને વિદાય આપવા દ્વાર સુધી આવી.

સહુના ગયા પછી રાજેશ્વરીએ વંકચૂલ તરફ જોઈને પ્રશ્ન કર્યો. 'નિદ્રા તો નહોતી આવીને?'

'ના દેવી...નૃત્યમાં જીવનની ભાવનાઓ આ રીતે ધબકતી હોય છે તે આજે જ જોયું. મારા અંતરની ભાવના વ્યક્ત કરીને નૃત્યની પ્રસંશા કરી શકું એવા શબ્દો મારી પાસે નથી...પરંતુ હું એટલું જ કહીશ કે 'આવું નૃત્ય જીવનભર જોઇ રહેવું પડે તો દુઃખ, શોક, ચિંતા, કાળ કે પરિસ્થિતિ કશાનો ખ્યાલ રહે જ નહિ.' વંકચૂલે કહ્યું.

'ઓહ, ત્યારે તો મારે આપને જીવનભર રોકી રાખવા પડશે...' કહી રાજેશ્વરી હસી.

'એને હું મારૂં સદ્‌ભાગ્ય સમજીશ.'

'તો હવે આપ શયનગૃહમાં જાઓ...હું જરા વસ્ત્ર પરિવર્તન કરીને આવું છું.'

'વિલંબ ન કરીશ પ્રિયે...'

'નહિં તો નિદ્રા આવી જશે?'

'ના...આજનું નૃત્ય મને નિદ્રાથી દૂર જ રાખશે...'

વંકચૂલ રાજેશ્વરીના શયનખંડ તરફ ગયો.

રાજેશ્વરી વસ્ત્રગૃહ તરફ ગઇ.

બીજે દિવસે સૂર્યોદય પછી થોડીવારે કોટવાળ એક રથ લઇને આવી પહોંચ્યો. આ વખતે વંકચૂલ સ્નાનાદિથી નિવૃત્ત થઈ પોતાના સાથીઓ પાસે બેઠો હતો. રાજેશ્વરી પોતાના શયનખંડમાં હજી સૂતી હતી.

કોટવાલ સીધો વંકચૂલ પાસે આવ્યો. વંકચૂલે કોટવાલને મિત્રભાવે સત્કાર્યો કોટવાલે કહ્યું:

'શેઠજી, અહીંથી વિદાય થયા પછી રાજભવનમાં પહોંચીને મેં મહારાજને પેલા નિષ્ણાતો અંગે વાત કરી હતી. મહારાજ ઘણા જ ખુશ થયા છે અને આપને મળવા માટે બોલાવ્યા છે!'

'હું ધન્ય બન્યો...થોડી પળોમાં જ હું તૈયાર થઈ જાઉં છું.' કહી વંકચૂલ ખંડમાં ગયો અને થોડી જ વારમાં કોટવાળ સાથે રથમાં બેસીને રાજભવન તરફ વિદાય થયો.

રાજા દુર્દમસિંહ સ્નાનાદિથી નિવૃત્ત થઇને દુગ્ધપાન કરી રહ્યો હતો. એ સમયે એક પરિચારકે આવીને સમાચાર આપ્યા. 'કોટવાળજી આવી ગયા છે...એમની સાથે શેઠ હરિનંદન પણ છે.'

'બંનેને આદરપૂર્વક મંત્રણાગૃહમાં લઈ જા...મંત્રીશ્વર આવી ગયા છે?'

'એમને બોલાવવા રથ કયારનો ગયો છે... તેઓ પણ હમણાં જ પધારશે.'

'મંત્રીશ્વર આવે એટલે તેમને પણ મંત્રણાગૃહમાં જ મોકલજે.' કહી રાજા દુર્દમસિંહ મુખવાસ લઇને ઉભો થયો અને મંત્રણાગૃહ તરફ રવાના થયો.

થોડીવાર પછી મુખ્યમંત્રી આવી ગયા. રાજા દુર્દમસિંહના ભવનમાં વંકચૂલ અત્યારે એક મહત્વનું અંગ બની ગયો હતો.

રાજાદુર્દમસિંહ, મંત્રી, કોટવાળ અને વંકચૂલ મંત્રણાગૃહમાં વાતો કરતા બેઠા હતા. પ્રથમ તો મહારાજાએ વંકચૂલ સાથે વણઝાર અંગેના પ્રશ્નો કર્યા હતા અને વંકચૂલે એના જવાબ આપીને રાજાને સંતોષ્યો હતો.

આમ આડી અવળી વાતો પછી મહામંત્રીએ મૂળ વાત પર આવતાં કહ્યું: 'શેઠજી, આ નગરીમાં થયેલી ચોરીઓ અંગે આપે પણ સાંભળ્યું જ હશે.'

'હા શ્રીમાન...ચોરના ભયને લીધે તો હું પણ કશી સામગ્રી ખરીદી શકયો નથી.'

રાજાએ કહ્યું: 'એવા ભયનું કોઈ કારણ દેખાતું નથી...છેલ્લા ચાર દિવસથી એક પણ ચોરી નથી થઈ.'

'આપની વાત સત્ય છે...પરંતુ લોકોનો ભય હજી એવો ને એવો છે...'

'કારણ?'

'આપના રાજ્યમાં કોઈ દિવસ ચોરી થતી નથી...અને ઉપરાઉપર ચાર ચોરી થઇ છે...વળી ચોર પકડાયો નથી કે ચોરીનો માલ પણ હાથમાં આવ્યો નથી. આ સ્થિતિમાં લોકોના દિલમાં ભય રહે તે સ્વાભાવિક છે.'

રાજાએ સીધી વાત શરૂ કરી: આપનું અનુમાન સાચું છે. ગઇ રાતે મારા કોટવાળ સાથે આ અંગે કંઇ ચર્ચા થઈ હતી?'

'હા કૃપાવતાર...'

'તો આપના એ બંને નિષ્ણાતો થોડા સમય માટે અહીં ન આવી શકે?'

'જરૂર આવી શકે...મને તો વિશ્વાસ છે કે મારા બંને પગીઓ કોઇ પણ ઉપાયે ચોરને અથવા ચોરાયેલા માલને અવશ્ય શોધી કાઢશે.' વંકચૂલે કહ્યું.

રાજાએ કોટવાલ સામે જોઈને કહ્યું: 'કોટવાલજી, તમે સમ્મત છો ને?'

'હા કૃપાવતાર...' કોટવાળે કહ્યું.

મંત્રીએ હરિનંદન (વંકચૂલ) સામે જોઇને પ્રશ્ન કર્યો: 'શેઠજી, આ કોઈ માંત્રિક ચોર છે...'

'હા શ્રીમાન, મેં પણ એમ જ સાંભળ્યું છે...ચોર માંત્રિક હોય કે તાંત્રિક હોય...ચોરી માટે તેને જવું તો પડે જ છે ને?'

રાજાએ હકારાત્મક મસ્તક હલાવ્યું.

વંકચૂલે તરત બીજો મુદ્દો રજુ કર્યો: 'અહીં થયેલી ચોરીઓમાં તાળાંઓ તૂટયાં છે, જમીનમાં કે પછીતમાં બાંકોરાં પણ પડયાં છે અને માલ

ચોરાયો છે...આ ક્રિયા કંઈ મંત્રથી થતી હોય એમ નથી લાગતું...કોઇ પણ માણસે કરી હોય એમ જ લાગે છે.'

'હા...' પ્રસન્નસ્વરે રાજાએ કહ્યું.

'જો કોઈ માણસ આટલું કરી શકે તો તે અવશ્ય કોઇ ને કોઈ નિશાન છોડી જ જાય...અને પકડાય પણ ખરો.' વંકચૂલે કહ્યું.

'શેઠજી, ચારેય ચોરીઓમાં મેં જાતે તપાસ કરી હતી...એક પણ નિશાન મળ્યું નથી.' કોટવાળે કહ્યું.

કોટવાલજી, ક્ષમા કરજો...ચોર ઉડીને કોઇ સ્થળે ગયો નથી. એને તાળાં તોડવાં પડયા છે. પછીતમાંથી માર્ગ કરવો પડયો છે અને એ રીતે પ્રયત્ન કરીને તેણે ચોરી કરી છે. આટલી મહેનત કરનારની નિશાની ન હોય એ કેમ માની શકાય ?'

રાજાએ કહ્યું : 'ચોર માંત્રિક છે એમ...'

વચ્ચે જ વંકચૂલે હસતાં હસતાં કહ્યું : 'ચોર માંત્રિક હોય તો તેને તાળાં તોડવાની કે બાંકોરા પાડવાની શી જરૂર ?'

રાજા પ્રસન્ન નજરે વંકચૂલ સામે જોઇ રહ્યો... મહામંત્રી પણ આનંદભરી નજરે જોઈ રહ્યા અને બોલ્યા : 'શેઠજી, આપનું અનુમાન સાચું છે. આપ આપના બંને નિષ્ણાતોને સત્વર બોલાવો...'

'અવશ્ય...આપની આજ્ઞા હું મસ્તકે ચડાવું છું...અમારા બે નિષ્ણાંતોમાંથી એક તો અવશ્ય આવશે...કારણ કે અમારા પડાવમાં પણ ચોરીનો ભય રહેતો જ હોય છે.'

'ભલે એક આવે...કયારે આવી પહોંચશે ?'

'કૃપાવતાર, વીસ બાવીશ કોશ દૂર મારો પડાવ છે...મારા બે પરિચારકોને હું આવતી કાલે સવારે રવાના કરીશ...ત્રણેક દિવસમાં આવી જશે.' વંકચૂલે કહ્યું.

'ધન્યવાદ ! આ અંગે આપને જે કંઇ સગવડતા જોઇશે તે કોટવાલજી આપશે.' મહામંત્રીએ કહ્યું.

વંકચૂલે ઉભા થઇ રાજા તથા મંત્રીને નમસ્કાર કર્યાં અને કહ્યું : 'કોટવાલજી મારા મિત્ર બન્યા છે...આપની કૃપાથી અન્ય કોઈ સગવડતાની જરૂર નહિ પડે...છતાં કંઇ પણ કામ હશે તો હું કોટવાલજીને કહીશ.'

કોટવાલે કહ્યું : 'શેઠજી, કાલ સવાર કરતાં આજ બપોર પછી આપના માણસોને રવાના કરો તો ?'

'મારો વિચાર થોડો માલ એ લોકો સાથે મોકલવાનો હતો...પણ કંઇ નહિ...આજે જ રવાના કરીશ. આપ એમ કરજો ને...મધ્યાન્હ પછી દેવી રાજેશ્વરીના ભવન પર આપ પધારજો.'

'ભલે...'

અને સહુ છૂટા પડ્યા.

વંકચૂલ સીધો પોતાના ઉતારે આવ્યો અને બે સાથીઓને તૈયાર રહેવાનું જણાવ્યું. અહીં જે ચોરીનો માલ હતો તે ખોગીરમાં ગોઠવી લેવાની અને ચાર પાંચ કોશ દાટેલો માલ પણ લઈને ઘેર પહોંચવાની વાત કરી દીધી.

ત્યાર પછી ચર્ચા કરતાં સાગર સિવાયના સહુએ જવું એમ નક્કી થયું.

મધ્યાન્હ પછી કોટવાલ આવી ગયો. કોટવાલે જોયું...હરિનંદન શેઠના માણસો તૈયાર થઈ ગયા છે.

સાગર સિવાયના બધા સાથીઓ અશ્વારોહી બની ગયા અને તેમને વોળાવવા વંકચૂલ પોતે કોટવાલને લઇને રવાના થયો.

ગામને પાદર પહોંચ્યા પછી યોજના મુજબ વંકચૂલે પોતાના સાથીઓને કહ્યું : 'જુઓ, પડાવમાં પહોંચીને તરત બલરાજને રવાના કરજો... એની સાથે તમારામાંથી ગમે તે બે માણસો પાછા ફરજો.'

'જી...અમે આવતી કાલે સવારે તો પહોંચી જ જઇશું અને કાલને કાલ બલરાજને લઇને અમે પાછા ફરશું.' જયસેને કહ્યું.

પોતાના સાથીઓને બધા માલ સાથે રવાના કરીને વંકચૂલ કોટવાલ સાથે પાછો ફર્યો.

[ ચાલુ ]

# જ્યારે ભારત ચીનનાં આક્રમણથી ઘેરાઈ રહ્યું છે!

પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ-કલકત્તા.

***

ભારતની સરહદ પર ચીનનાં આક્રમણનો ભય વધતો જ જાય છે, ને એ બ્હાને અમેરિકા તથા બ્રીટીશ પ્રજાનું વર્ચસ્વ ભારત પર જામી રહ્યું છે; આ પરિસ્થિતિમાં નાગરિક તરીકે ભારતની પ્રજા પણ ભારતના સંરક્ષણમાં પોતાનો ફાળો આપે એ સંભવિત છે. છતાં આક્રમણના બ્હાને ધર્માદા મિલકતો પર હસ્તક્ષેપ કરવો કે ધાર્મિક દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય તથા સાધારણ દ્રવ્યની મિલકતોને સંરક્ષણ ફાળામાં ઉપયોગ કરવા દેવાની છૂટ આપવી તે કોઇ રીતે ઉચિત તથા નૈતિક નથી, તદુપરાંત આવા દ્રવ્યોને માંગવાનો પણ પ્રજાના પ્રતિનિધિ રૂપ રહેલા સત્તાધીશોને માટે પણ વ્યાજબી નથી, જ્યારે ભારત દેશ પર આવું આક્રમણ આવી રહ્યું છે, ત્યારે સર્વ કોઇએ વર્તમાનકાલમાં આધ્યાત્મિક વાતાવરણને જાગૃત કરવું જરૂરી છે. આ હકિકત અહિં પંડિતજી પોતાની સચોટ વિચારસરણી દ્વારા જણાવી રહ્યા છે.

ભારત સાથેના સરહદી ઝઘડાઓને લીધે ચીનના આક્રમણથી ભારત દેશ અને ભારતની પ્રજા ચોંકી ઉઠી છે. વિચારણાથી પતાવી શકાય તેવા સીમા પ્રશ્નની બાબતમાં દીર્ઘ દૃષ્ટિ રાખ્યા સિવાય કોઈકની બદ શીખવણીથી ચીને યુદ્ધ જેવું પગલું ભરવામાં ભારે બૌદ્ધિક મૂર્ખામી કરી છે. જો કે સંસ્કૃતિ વિરોધી હાલના પ્રાગતિક વાદોમાંના સામ્યવાદની માનવો માટેની અનુચિત વિચારસરણી તેને એમ કરાવ્યા વિના રહે તેમ નહોતી. અવળે પાટે ચડી ગયેલી ચીનની વિચારસરણી ચીની પ્રજાને હવે કયાં લઇ જઇને મૂકી દેશે? એ પણ માનવ-હિતેચ્છુઓની ચિંતાનો વિષય બન્યો છે.

ચીન એટલું વિચારી શકયું નહીં કે, 'આમ અથડામણ ઉભી કરવાથી એશિયા આફ્રિકાની મુળ વતની પ્રજાનું બળ વેરવિખેર બની જઈ, જગતની ખ્રિસ્તી શ્વેત પ્રજા તરફની ગુલામીનો પારો પરોક્ષ રીતે અશ્વેત પ્રજાઓ ઉપર ન સમજાય તે રીતે સવાર થઈ જશે. જેનો પછી કોઇ પણ ઉપાય હાથ આવશે નહીં. ખ્રિસ્તી શ્વેત પ્રજાના ભલા માટે તેમના જ આદર્શો અનુસાર એશિયા અને આફ્રિકાના તમામ દેશોની ઉન્નતિ તો થશે જ. પરંતુ સ્થાનિક પ્રજાઓના શા હાલ હવાલ થશે?' ભાવિભાવ! અવળે રસ્તે ચડી ગયેલા ચીનને કોણ સમજાવે? બીજાની બુદ્ધિ ઉપર ચાલનાર (વ્યુદ્‌-ગ્રાહિત) ને સમજાવવાનો કોઈ ઉપાય પણ હોતો નથી. ભારતની પ્રજા ચેતીને ચાલે તો સારૂ.

ગમે તેમ પણ ચીનના આ આક્રમણથી પ્રજાનું રક્ષણ કરવાની જવાબદારી પ્રત્યેક ભારતવાસી ઉપર આવી પડી છે. તેમાં બે મત નથી. સૌએ તે ફરજ શક્તિ પ્રમાણે અદા કરવી જ જોઇએ.

પરંતુ દેવદ્રવ્ય વગેરે ધાર્મિક દ્રવ્યોમાંથી પણ ફાળો આપવાની સૂચના કોઇક તરફથી થઈ રહેલી છે. તેની પાછળ કદાચ તેઓનો આશયદોષ ન હોય, પરંતુ અજ્ઞાન તો કારણભૂત ખરૂં જ.

અમારી સમજ પ્રમાણે સાધારણ દ્રવ્યના પણ કોઈ પણ ક્ષેત્રમાંથી માંગણ કે ભીખારીને પણ કાંઇપણ આપવાની શાસ્ત્રોમાં ચોકખી મનાઈ છે, તો દેવદ્રવ્યાદિકમાંથી તો આપી જ કેમ શકાય? દહેરાના પૂજારીઓ, ચોકિયાતો વગેરેને પણ જ્યાં સુધી શકય હોય ત્યાં સુધી ગૃહસ્થોએ પોતાની તરફથી ખર્ચ પૂ।। કરવાનો હોય છે. સાધારણમાંથી પણ આપવાની આજ્ઞા નથી.

પરમાત્મા શ્રી તીર્થંકર દેવોએ સ્થાપેલા શ્રી ચતુર્વિધ સંઘ કે જે પરમાત્માએ સ્થાપેલા શાસનની આજ્ઞાઓ, મર્યાદાઓ, શિસ્ત વગેરેનું પાલન કરતો આવતો હોય, (અને તેમ કરવા તે બંધા-યેલો પણ છે જ.) તેને પણ દેવદ્રવ્યાદિકમાંથી

દુન્યવી કાર્યને માટે કંઈ પણ આપવાનો કે શાસ્ત્રોકત મર્યાદાથી બીજી રીતે ખર્ચ કરવાનો અધિકાર જ નથી. કેમકે તે દ્રવ્યો શ્રી સંઘની માલિકીના નથી. તે દ્રવ્યો શ્રી જૈનશાસનની માલિકીના હોય છે. શ્રી સંઘ વહીવટકર્તા છે.

તો સુપાત્રમાં દાન થએલા પદાર્થો કે વસ્તુઓનું પુનઃ દાન ધર્મ સિવાયના ક્ષેત્રોમાં કઈ રીતે આપી શકે ? કોઈનેય રાજાને પણ તેમાંથી લેવાનો અધિકાર નથી. એ તો પરાયું ધન છે. ન્યાયની તો આ વાત છે.

તો શું માંગણને ભૂખે મરવા દેવા એવો જૈન ધર્મનો આદેશ છે ? ના. નહીં જ સુપાત્ર ધાર્મિક ક્ષેત્રોના દ્રવ્યોમાંથી ન અપાય એવો નિષેધ છે. સિવાય શ્રાવકોની–મહાશ્રાવકોની ફરજ છે કે તેઓ પોતાના તરફથી અવશ્ય આપે, અને દીન દુઃખીના દુઃખ દૂર કરે. અનુકંપા ઉચિત દાન વગેરેની ભલામણ છે.

તેમ જ બીજા જે જે ઉચિત કાર્યોમાં આપવાની જરૂર હોય, તો તેમાં અવશ્ય પોતાના તરફથી આપે જ. તેમાં જરા પણ ખામી ન રાખે કેમકે દુન્યવી પણ બીજા ઘણા ગૃહસ્થના કર્તવ્યો હોય છે. તે ગૃહસ્થ, નાગરિક તરીકે કરે. એ રીતે ઉચિત બાબતોમાં સૌ સાથે રહે અને સૌને સાથે રાખે પણ.

જૈનધર્મ પાળનારાઓનો મોટો ભાગ વ્યાપારી ક્ષેત્રોમાં હોય છે. તેઓ તરફથી જુદી જુદી અનેક રીતે ધનના પ્રવાહો આપવામાં ભાગ લેવાતો જ હોય છે, સંરક્ષણમાં પણ મળનારા આર્થિક સહકારમાં જૈનધર્મ પાળનારા વેપારી વર્ગનો મોટો ભાગ હશે. જરૂર પડે, તો તેથી પણ ધારે પોતાના તરફથી આપીને આર્થિક સહકાર આપે.

પરંતુ સુપાત્ર ક્ષેત્રોમાંથી આપવાની બુદ્ધિ ન રાખે. એ તો પરાયું ધન છે. તેમાંથી કેમ આપવાનો વિચાર કરી શકે ? તેમાંથી દેવાની રકમની ઉદ ગૃહસ્થો પોતાની અંગત રકમ વધારે આપીને પૂરી કરે. પણ સુપાત્રમાંથી ન આપે. કેમકે પ્રજાની કે જગતની સ્થિતિ એવી નથી થઈ ગઇ, કે હાલમાં એવી થઇ જવાની કે સુપાત્ર ક્ષેત્રોમાંથી ધન લેવાની અનિવાર્ય તક ઉભી થાય.

પરંતુ કેટલાકને એવી લત હોય છે કે અતિશયોક્તિ અને ભયભરેલાં ચિત્રો ખડાં કરી ધાર્મિક મર્યાદાઓનો ભંગ કરાવવો. જૈનેત્તરો કે કોઇ કોઈ જૈન સંપ્રદાયો પણ શાસ્ત્રાજ્ઞાઓના રહસ્યોથી અજાણ હોવાથી ચાલતી ગાડીમાં બેસી જતાં હોય છે. કાળદોષે એમ પણ બને. પરંતુ તેથી સમતોલપણું ગુમાવ્યા વિના પ્રભુની આજ્ઞામાં નિષ્ઠ પરંપરાગત શ્રી સંઘે પોતાની ફરજ બજાવવામાં સાવધ રહેવું જોઇએ. સાંસારિક કાર્યોમાં ગૃહસ્થ તરીકે–નાગરિક તરીકે પોતાના તરફથી–ઘટતા સમુદાય તરફથી યોગ્ય ભાગ લઈ શકે છે. ગ્રામધર્મ, દેશધર્મ, રાષ્ટ્રધર્મ એ લૌકિક ધર્મો હોય છે, અને સુપાત્ર ક્ષેત્રો લોકોત્તર ધર્મ હોય છે. લૌકિક કાર્યોધર્મો લૌકિક–રીતે બજાવવાનાં હોય છે. જૈન ગૃહસ્થના લોકવ્યવહાર અંશ અને ધર્મવ્યવહાર અંશ એમ બે અંશો હોય છે. લોકવ્યવહાર અંશથી ગૃહસ્થ તે તે માર્ગાનુસારી કાર્યો પણ કરી શકે છે.

ધાર્મિક દ્રવ્યો ધર્મના પોષણ માટે જ હોય છે. ધર્મ હંમેશા વિજય અપાવનાર એક મોટું હથિયાર છે. ભારત તેમાં અગ્રેસર છે. ભારતના વિશ્વવ્યાપક યશનું તે મુખ્ય કારણ છે. તેમાં ભારત ઢીલાશ બતાવે તો પરોક્ષરીતે નુકશાન થયા વિના રહે નહિં. ધર્મમાં મક્કમતા એ તો વિજયની એક ચાવી છે. ધર્મ સમજીને સુભટો યુદ્ધમાં પ્રાણ ન્યોચ્છાવર કરતા હોય છે. સાચા સુભટો પ્રાણાન્તે પણ ધર્મદ્રવ્યનું ભક્ષણ ન કરે. એથી એક જાતનું ધાર્મિક ઉપરાંત નૈતિક પતન પણ છે. તેથી શૌર્ય અને પુણ્યને પણ ધક્કો પહોંચે જ.

ભારતની પ્રજા ઉપર અનેક આફતો આવી ગઈ, પરંતુ ધર્મક્ષેત્ર ઉપર કદી કોઈપણ ન્યાયી તત્ત્વોએ નજર પણ કરી નથી, અન્યાય અને

જુલ્મના દાખલા આપી શકાય નહીં. રાજ્યની પણ ફરજ રક્ષા કરી ધર્મની સેવા કરવાની છે. તે ધર્મક્ષેત્રને જરાપણ હાનિ કેમ થવા દે ? ઉલટું, લોકો તેનો બીજો ઉપયોગ કરે, તો માર્ગાનુસારી ન્યાયી રાજ્ય તેમ કરતાં અટકાવે.

ધર્મ જેટલો પ્રબળ રીતે રક્ષિત રાખવામાં આવશે, તેટલો વિજય પ્રાપ્ત થવામાં જરાપણ શંકા ન રાખવી જોઇએ. ધર્મનું પરોક્ષ બળ કામ કરતું જ હોય છે.

તેથી ધર્મને સુરક્ષિત રાખીને ગૃહસ્થ તરીકે વ્યવહારક બાબતોમાં કોઈપણ ઉચિત પ્રસંગે જેટલો સહકાર અપાય તેટલો આપવા સામે શાસ્ત્રકાર ભગવંતોનો વિરોધ જણાતો નથી એમ અમારી નમ્ર સમજ છે. છતાં આ બાબત ગીતાર્થ પુરૂષોની આજ્ઞાને અનુસરતા પરમ પૂજ્ય આચાર્ય મહારાજાઓના શાસ્ત્ર સમ્મત આદેશ ઉપર સવિશેષ આધાર રાખે છે. જેઓ પરમાત્માના સ્થાપેલા શ્રી સંઘમાં મુખ્ય અધિકાર ઉપર વર્તમાનકાળે પણ બિરાજમાન છે. કોઇએ સ્વચ્છંદ ન સેવવા જોઇએ.

⊙


શ્રી વજ્રપાણિનું નવું પ્રકાશન

# —: શરણાગતિ :—

પ્રસ્તાવનાકાર:—

**પ. પૂ. પં. ભગવંત શ્રીમદ્**
**કનકવિજયજી ગણિવર્ય**

કિંમત ૧ રૂપિયો :: પોસ્ટેજ ૨૦ ન. પૈ.

* જેમાં અસીમોપકારી તારક દેવાધિદેવની શરણાગતિના ભાવનું ઝરણું એકધારી ગતિએ વહ્યું જાય છે.
* જેને વાંચતા-વાંચતા જ જીવનમાં કરેલા દુષ્કૃતોની ગર્હા અને સુકૃતોનું અનુમોદન એવી રીતે થવા લાગે છે કે હૈયું ભરાઈ જાય છે.
* બેય આંખો આંસુ વહાવે છે. એક દુઃખથી અને બીજી આનંદથી.
* જીવનના ઉત્તરકાળમાં પ્રવેશી ચૂકેલા ભવ્યાત્માઓ માટે આ પુસ્તક અતીવ ઉપયોગી બનશે.
* જેનું શ્રવણ મૃત્યુના બિછાને પડેલા માંદા માણસના આત્માનો વિપુલ પાપ-પંક ધોઈ નાખશે.
* જેને વાંચનાર ભવ્યાત્મા આજીવન દેવાધિદેવને શરણાગત બની જવા દૃઢ સંકલ્પો કરશે.

આજે જ ૫-૧૫ નકલો મંગાવી લો અને તમારા મિત્ર-મંડલમાં તેની પ્રભાવના કરો.

—: પુસ્તક મેળવવાનું ઠેકાણું :—

(૧) **સોમચંદ ડી. શાહ**
જીવનનિવાસ સામે-**પાલીતાણા**

(૨) **ભુરાલાલ પંડિત**
સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના
રતનપોળ—**અમદાવાદ**

(૩) **સેવંતીલાલ વી. જૈન**
ભૂલેશ્વર-લાલબાગ, માધવબાગની પાછળ,
મોતીશા જૈન દહેરાસર-**મુંબઇ-૪**

ઇષ્ટપ્રાપ્તિ યંત્ર
શ્રી ઘંટાકર્ણ મહાવીર
ત્રિરંગી ચિત્ર
પોસ્ટેજ સાથે ૨૫ ન. પૈસા
૭½"×૧૦"
કિંમત ૫૦ ન. પૈસા
આધિ-વ્યાધિ-ઉપાધિ
તાત્કાલિક દૂર કરવા જાતેજ
ચમત્કાર અનુભવી લો
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ
ગીકા સ્ટ્રીટ-ગોડીજી ચાલ-મુંબઇ ૨.

# મહાભાગ્યશાલી મૃગાપુત્ર મહાત્મા

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવર.

—×—

સંસારમાં વિવેકી આત્માને ડગલે ને પગલે વૈરાગ્યભાવ પ્રગટે છે, આજનો કાલ કપરો છે, જે કારણે દુઃખમાં પણ સંવેગ-નિર્વેદ કે વૈરાગ્યભાવ પ્રગટતો નથી. જ્યારે પૂર્વકાળમાં સુખની સામગ્રી વચ્ચે પણ પ્રબલ પુણ્યશાલી આત્માઓને પૂર્વકાલીન આરાધનાના યોગે સંસ્કાર જાગ્રત થતાં વૈરાગ્યભાવ પ્રગટતો હતો. તે હકીકત મૃગાપુત્ર મહર્ષિની આ કથા વાંચતાં સ્હેજે સમજી શકાય છે. લેખક પૂ. મહારાજશ્રી કથાગીતોના તથા કથા-પ્રસંગોના સુપ્રસિદ્ધ લેખક છે. તેઓશ્રીની શૈલી તથા ભાષા સરલ, સચોટ અને ભાવવાહી છે. સર્વ કોઇને આ કથા વાંચવા-વિચારવા અમારો નમ્ર અનુરોધ છે.

**

એકદા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પૃથ્વીતલ પાવન કરતા મૃગ નામના ગામમાં સમવસર્યા. પરમાત્માની આજ્ઞા શિરસાવંદ્ય કરી ગૌતમ સ્વામી ભગવાન ગૌચરી માટે નગરમાં પધાર્યા. શુદ્ધ આહાર લઈ જ્યારે તેઓશ્રી પાછા ફરે છે. ત્યારે તેમની નજર એક મહાદુઃખી વૃદ્ધ પુરુષ પર પડે છે. એ વૃદ્ધ પુરૂષની હાલત ભલ ભલાને હૃદયમાં કમકમાટી પેદા કરે તેવી કરુણ અને દુઃખી હતી. મુખ પર માખીઓ બણબણ કરી રહી હતી, ચક્ષુરહિત યાને તે આંધળો હતો. વળી શરીરે તે ઢીલો હતો, ડગલે-પગલે એ સ્ખલિત થતો હતો, અને એ ગાઢ વેદના ભોગવી રહ્યો હતો ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામી આ દુઃખમય કરુણાજનક દૃશ્ય નિહાળી ઘડીભર થંભી ગયા, વિચારમાં તન્મય બની ગયા, અહાહા ! આ બિચારો કેવો ભયંકર દુઃખી છે, આવો દુઃખી માણસ મારા જોવામાં આવ્યો નથી. વસતિમાં પધાર્યા પછી પરમાત્માને પ્રદક્ષિણા આપી વંદના કરી વિનયપૂર્વક બે હાથ જોડી નતમસ્તકે ગૌતમસ્વામી ભગવાને પરમાત્મા મહાવીર દેવને પૂછ્યું ! ભંતે ! આજે મેં એક એવો દુઃખી વૃદ્ધ પુરૂષ નિહાળ્યો કે તેના જેવો દુઃખી બીજો કોઈ ભાગ્યે જ આ વિશ્વમાં હશે !

પરમાત્માએ મધુરવાણીથી જણાવ્યું 'હે ગૌતમ ! તેં જે દુઃખી પુરૂષને આજે નજરે જોયો છે એ કંઈ એવો દુઃખી નથી પણ આજ નગરમાં એથી પણ અધિક મહાદુઃખી અત્રેના મહારાજા વિજય અને મૃગાવતી રાણીની કૂક્ષિએ પ્રથમ જ જન્મેલો-મૃગાલોઢિયા નામનો એમનો પુત્ર છે. એ મૃગાલોઢિયાના દુઃખ આગળ આ વૃદ્ધ પુરૂષનું દુઃખ કંઇ વિશાતમાં નથી. એ મૃગાલોઢિયાને જન્મથી જ નથી આંખ, નથી કાન, નથી નાક, પણ તે તે સ્થળે માત્ર બાકોરા જ છે. તેને નથી હાથ, નથી પગ, ફક્ત માંસનો પિંડ જોઈ લ્યો, આખા શરીરમાંથી દુર્ગંધ દુર્ગંધ પ્રસરે છે, શરીરમાંથી લોહી ને પરૂ સતત વહી રહ્યું છે, તેને મુખ ન હોવાથી તેની માતા રાણી મૃગાવતી રાબ વગેરે કરીને તેના શરીર પર રેડે છે. તે આહાર છિદ્રો દ્વારા અંદર પ્રવેશે છે, અને થોડી જ વારમાં લોહી અને પરૂ થઇ પાછો બહાર નીકળે છે, તેની બિભત્સ-ઘૃણાજનક આકૃતિ ભલ-ભલાને કમકમાટી પેદા કરે તેવી છે. અનેક રોગોથી ઘેરાયલી એ કાયા દ્વારા ભયંકર યાતના, તીવ્રવેદના અને મહાદુઃખ ભોગવી રહ્યો છે. જન્મ્યો ત્યારથી એને ભૂમિગૃહ-ભોંયરામાં રાખવામાં આવ્યો છે.'

પરમાત્મા ભગવાન મહાવીર દેવના મુખ કમળથી મૃગાલોઢિયાની હકીકત શ્રવણ કરી, પરમાત્માની આજ્ઞા લઇ ગૌતમસ્વામી ભગવાન એ મૃગાલોઢિયાને જોવા માટે રાજ મહેલમાં વિજયરાજાને ત્યાં પધારે છે. ગણધર ભગવંત જેવા મહાપુરૂષનાં પનોતા પગલાં થતાં કોને આનંદ ન થાય ? ગૌતમસ્વામી ભગવાનને નિહાળતાં જ સૌના હૈયા હર્ષથી હિલોળે ચઢયા, અને સ્હેજે

બોલી જવાયું કે ધન્ય ભાગ્ય આજ હમારા કે આજે અમારા આંગણે કલ્પવૃક્ષ, કામધેનું અને ચિંતામણી રત્ન કરતા પણ અધિક આપશ્રીનાં પવિત્ર પદકમળથી અમારૂં આંગણું પાવન બન્યું. રાણી મૃગાવતી પણ અંદરનાં ખંડમાંથી સત્વર બહાર આવ્યા. ગુરૂદેવને સૌએ ભાવભર્યાં પ્રણામ કર્યાં, હર્ષથી વિહ્વલ બનેલી રાણી મૃગાવતીએ બે હાથ જોડી–અંજલિપૂર્વક ગણધર ભગવંતને વિનવણી કરી કે ફરમાવો પ્રભુ ! શી આજ્ઞા છે? આજ અચાનક જ કેમ આપશ્રીનું આગમન થયું. ગૌતમસ્વામી ભગવાને પોતાના આગમનનું કારણ જણાવતા કહ્યું: મૃગાવતી ! આજે હું તમારા પુત્રને જોવા માટે અહીં આવ્યો છું. ગણધર ભગવંતની વાણી કર્ણગોચર થતાં મૃગાવતી રાણી સ્હેજે આશ્ચર્યમાં ડૂબી ગયા. તરત જ મૃગાવતી રાણીએ પોતાના પુત્રોને વસ્ત્રાલંકારથી સજ્જ–અલંકૃત કરી પ્રભુની સમક્ષ સૌને હાજર કર્યા. પણ ગૌતમસ્વામી ભગવાને જણાવ્યું; 'રાજ-રાણી ! હું તમારા આ પુત્રોને જોવા અહીં નથી આવ્યો, પણ જેને તમે જન્મથી જ ભૂમિગૃહમાં રાખ્યો છે તેને હું જોવા માટે આવ્યો છું. ભગવંતના આ શબ્દો શ્રવણ કરતાં મૃગાવતી રાણીના આશ્ચર્યનો પાર ન રહ્યો. મારા એ પુત્રની વાત આજ સુધી કોઇ જાણતું નથી, તદ્દન ગુપ્ત રાખવામાં આવ્યો છે, એઓશ્રીએ કેવી રીતે જાણ્યું? મૃગાવતીને ભારે અચંબો થાય છે, પણ ગણધર ભગવંતે ખૂલાસો કર્યો કે મહારાણી ! એમાં આશ્ચર્યનું કંઈજ કારણ નથી દેવાધિદેવ સર્વજ્ઞ ભગવંત સાક્ષાત્ બિરાજતા હોય એમના અલૌકિક જ્ઞાન આગળ શું છૂપુ હોય ? પરમાત્મા તો ત્રિકાળ-વેત્તા અને ત્રણેય લોકના જ્ઞાતા છે.

તરત જ મૃગાવતી રાણીએ ભગવંતને વિનંતી કરી કે ભંતે ! 'મુહુપત્તિ આ એ મુહં બંધ હ' [ આ વિપાક સૂત્રનો મૂળમાં પાઠ છે ] મૃગાવતી રાણીએ ભગવંતને વિનંતી કરી પ્રભો ! આપ મુહપત્તિ વડે આપનું મુખ બાંધી લ્યો કારણ કે ભોંયરામાં રહેલા મારા એ પુત્રના શરીરમાંથી અસહ્ય દુર્ગંધ પસરે છે. ત્યારબાદ રાણી મૃગાવતીએ એક નાની હાથી ગાડીમાં ભોજન સામગ્રી લઈ આગળ ચાલવા માંડયું. ભોંયરાના દ્વારનું ઉદ્‌ઘાટન કરી અંદર પ્રવેશ કર્યો, ભગવંત પણ પાછળ પાછળ જતા હતા. મૃગાલોઢિયાની મહાદુઃખી સ્થિતિ નિહાળતાં ગૌતમસ્વામી ભગવંત કર્મ–વિપાકને વિચારવા લાગ્યા. તેમનાં હૃદયમાં ઉંડી વેદના ઉદ્‌ભવી. અંતરમાં કમકમાટી છૂટી અને હૈયામાં પારાવાર દુઃખ થયું. અહાહા ! આ કેવો ભયંકર દુઃખી છે, મૃગાલોઢિયો જન્મથી નપુંસક હતો, બહેરો અને મુંગો હતો, દુઃસહ વેદના ભોગવી રહ્યો હતો, શરીરની અંદરની આઠ ધમનીઓનાડીઓ, અને બહાર નાડીઓમાંથી સતત્ રૂધિર અને પરૂ વહી રહ્યું હતું. જાણે સાક્ષાત્ પાપમૂર્તિ જોઈ લ્યો. !

રાણી મૃગાવતીએ બે કર જોડી અંજલિપૂર્વક-ગણધર ભગવંતને પૂછ્યું: ભંતે ! કયા એવા કર્મના ઉદયે અહીં આ જીવ નારકીના જેવી ઘોર–તીવ્ર અને ભયંકર યાતના ભોગવી રહ્યો છે ?

ચતુર્જ્ઞાની ગૌતમસ્વામી ભગવાને એના પૂર્વ-ભવનું વર્ણન કરતાં જણાવ્યું; મૃગાવતી ! પૂર્વે આ આત્મા–શતદ્વાર નામના નગરમાં ધનપતિ નામનો રાજા હતો અને એ રાજવીનો અકખાઈ રાઠોડ નામનો એક સેવક હતો. આ અકખાઇ રાઠોડ ૫૦૦ ગામનો અધિપતિ હતો, સાતે વ્યસનમાં એ મશગુલ હતો. તેમજ પ્રજાને રંજાડ-વામાં એણે બાકી નહોતું રાખ્યું. આકરા કરવેરા નાંખી પ્રજાને એ પીડી રહ્યો હતો તેમજ જનતાના કાન–નાક વગેરે અંગો કાપી નાંખી હેરાન–પરેશાન કરતો હતો. આવા ઘોર પાપકર્મનું પરિણામ જાણે આ ભવમાં જ ઉદયમાં આવ્યું ન હોય તેમ તે અકખાઇ રાઠોડના શરીરમાં સોળ–સોળ ભયંકર વ્યાધિ–રોગ ઉત્પન્ન થયાં, જવર, દાહ, ખાંસી, ઉદર-શૂળ, ભગંદર અર્ષ, અજીર્ણ, નેત્રભ્રમ, મુખશોષ, અન્નદ્વેષ, નેત્રપીડા, કર્ણપીડા, ખૂજલી, જલોદર અને કુષ્ટ આવા પ્રાણઘાતક એવાં અનેક રોગોથી એની કાયા ઘેરાઈ ગઇ. માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે –

# ખૂલ્લી વાત

**શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા**, એમ. એ.–વડોદરા

જૈન શાસનમાં પૂ. સાધુ તથા સાધ્વી સંઘ દરેક રીતે ઉપાસ્ય તથા પૂજ્યતમ છે. તેમના પ્રત્યે પૂર્ણ ભક્તિભાવ તથા બહુમાનભાવ આજે પણ રાખવાની–ટકાવવાની તેટલી જ જરૂર છે. સંસારમાત્રના તારક તે સાધુ-સાધ્વી સંઘને અંગે કાંઇપણ બોલતા કે પ્રચારતાં પહેલાં ખૂબ ખૂબ વિચાર કરવો જોઇએ ને પૂજ્ય સંઘમાં 'શિથિલતા આવી છે' તેમ બોલીને તે સંઘને જાહેરમાં હીણો પાડવાનો કોઇપણ પ્રયત્ન જૈન શાસન પ્રત્યેનો જગતમાં મહાન દ્રોહ ગણાશે. તે પૂ. સંઘની પૂજ્યતાને, ભક્તિ, બહુમાનભાવ તથા તેમના પ્રત્યેની નિષ્ઠાની અને શાસનની સ્હેજ પણ લઘુતા ન થાય તે રીતે પૂ. સાધુ સંસ્થા માટે શકય કરવા શ્રાવક સંઘે શાસનના એક માત્ર અનુરાગથી ગંભીરભાવે તૈયાર રહેવું જોઇએ. હકીકત પરમશાસન ભક્ત લેખક પોતાની સૌમ્ય અને સચોટ શૈલીમાં હૃદયંગમ પદ્ધતિએ અહિં જણાવે છે. જે સર્વ કોઇને વાંચવા-વિચારવા અમારો આગ્રહ છે.

**વી**તરાગ પરમાત્માનું શાસન અનોખું છે. અનાદિ અનંત છે. તેની પદ્ધતિઓ સાર્વભૌમ છે. સર્વગ્રાહ્ય છે, વિશ્વશાંતિજનક છે.

તેના ચાર અંગ છે. પૂ. સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા પહેલા બે પૂજ્ય છે, ઉપાસ્ય છે. બાકીના બે પૂજક છે–ઉપાસક છે.

સંભળાય છે, બોલાય છે, જાહેરમાં જાહેરાત થાય છે કે પૂ. સાધુ સંસ્થામાં શીથીલતા આવી છે. જાહેરાત કરનારના હૈયામાં લાગણી હશે. શાસન પ્રત્યે પ્રેમ હશે. ધર્મની ધગશ હશે. પોતાની પુણ્યાઇ હશે.

પણ આ પદ્ધતિથી પરિણામ વધુ સારૂ આવશે? માનીલો કે બાપ માર્ગ ભૂલ્યા છે. મોટાભાઇ ગૃહસ્થાઈથી અવળા ચાલે છે. માતા માતાપણું ચૂકી છે. શું કરીશું? જગતના ચોગાનમાં જાહેરાત કરીશું? જ્યાં ત્યાં અને જેની તેની પાસે રોદણા રડીશું?

ના, કદી નહિ. બાપના પગે પડશું. વિનતિ કરશું. કાલાવાલા કરશું. અન્ય ગંભીર સજ્જન દ્વારા પ્રયત્ન કરશું. કારણ જાણવા અને શકય રીતે દૂર કરવા, સંપૂર્ણ સાવધાન રહીશું. તેજ રીત માતા માટે, મોટાભાઈ માટે અખત્યાર કરશું.

એક ફેરા નહિ, બે ફેરા નહિ, જરૂર પડે બાવીસ વાર અને બસો ફેરા સઘળા પ્રયત્નો કર્યા, હદ અને છેડો આવી ગયો. સુધરવાની શકયતા જ નથી. વાંક–ગુન્હા ભયંકર છે. કુટુંબને, સમાજને, દેશને હાનિકર છે. સંસ્કૃતિને શરમજનક છે. પછી ડાહ્યા માણસો સાથે મસલત કરશું. જરૂર પડે કડકમાં કડક પગલા લેશું.

ઉતાવળ કરશું તો પાછા પડશું. ગંભીરતા ગુમાવશું તો પરિણામ નહિ પામીએ. પરિણામ સુંદર નહિ તો પ્રયત્ન શું કામનો? અવળું જ પરિણામ આવશે તો પસ્તાશું. અનેકગણું નુકશાન વેઠશું.

પૂ. સાધુ સંસ્થા આપણી સર્વોચ્ચ સંસ્કૃતિનું પ્રતિક છે. જરાએ ક્ષતિ જરૂર આપણને શૂલ જેમ ભોંકાય. હૈયું વલોવાઈ જાય. ઊંઘ ન આવે, સ્થાન જેટલું ઉત્તમ તેટલી જ સંભારણા વધારે, કાળજી વધારે, પ્રાણ પાથરવા પડે. પણ રક્ષા કરવી જ જોઈએ. એની ઉન્નતિમાં વિશ્વનો આદર્શ છે. એની પવિત્રતામાં દુનિયાની શાંતિ છે, સુખ છે.

ક્ષતિઓ દૂર કરવી છે? સાચે જ દૂર કરવી છે? હૈયા મિલાવવા પડશે, પરિચય સાધવો પડશે, ઉંચા–પુણ્યશાળી, ગંભીર દિલના ગમનાગમન શરૂ કરવા પડશે. એક બે ફેરા નહિ, અનેક ફેરા. સાચી માત્રા સાંપડશે, હૈયામાં જોમ આવશે, અનેક ઉપાયો જડશે. ક્ષતિઓના ક્ષત ધોવાશે. **મલીનતામાંજ રાચનારા ફંગોલાઇ જશે.**

ઉપાસકોએ–ભક્તજનોએ તૈયાર થવું નથી. ખાલી વાતો, ખાલી મીટીંગો, ખાલી ઉખાળા, ખાલી ભાષણો. સાચા ભક્ત તે જે ઉપકારકના તેજસ્ અને ઓજસને ઇચ્છે. પોતાના સગા દિકરા–દીકરી કરતા પૂ. સાધુ–સાધ્વીના ધર્મ–ધનની વધુ કાળજી રાખે. તેમની શાતા–અશાતાનો રોજ વિચાર કરે.

ઉપકારક પ્રત્યે વધુ પ્રેમ હોય, ગુણાનુરાગ જરૂર

દુષ્ટાનાં દુર્જનાનાં ચ, પાપીનાં ક્રૂર કર્મણાં ।
અનાચાર' પ્રવૃત્તાનાં પાપં ફલતિ તદ્દભવે ।।

દુષ્ટ, દુર્જન, પાપી, ક્રૂર અને અનાચાર જેવી અધમ પ્રવૃત્તિ કરનારા પુરૂષોને તે જ ભવમાં પાપનાં માઠા ફળ ભોગવવા પડે છે.

માટે જ મહાપુરૂષો આપણુને ઢોલ પીટીને કહે છે કે 'હસતા બાંધ્યા કર્મ જે રોતાં પણ નહિ છૂટે રે' હસી હસીને બાંધેલા એ કર્મો-હજારો વર્ષો સુધી રડતા-રડતા પણ નહિ છૂટે પછી માથા કૂટે નહિ વળે માટે પ્રથમથી જ પગલું ભરતાં વિચાર કરવાની જરુર છે.

આ અકખાઇ રાઠોડે-ક્રોધ, લોભ આદિ કષાય અને વિષયમાં વિવશમાં વિવશ બની અનેક અધમ કૃત્યો આચર્યા હતા. અને જીવનભર પાપ-કર્મો કર્યાં હતા. ત્યાં તેનું ૨૫૦ વર્ષનું આયુષ્ય હતું. તે પૂર્ણ કરી ઘોર પાપકર્મના પ્રતાપે એ મૃત્યુ પામી પ્રથમ નરકમાં ઉત્પન્ન થયો: ત્યાં ઘોર વેદના ભોગવી ત્યાંથી નીકળીને એ અકખાઇ રાઠોડનો જીવ અહીં તમારી કૂક્ષિએ ઉત્પન્ન થયો છે. પૂર્વ જન્મમાં કરેલા ચીકણા પાપ કર્મોના પ્રભાવે અહીંઆ આ આત્મા આવી ઘોર વેદના ભોગવી રહ્યો છે. ૩૨ વર્ષ સુધી આવી દુ:સહ્ય વેદના સહી અહીંથી મૃત્યુ પામી આ ભરત ક્ષેત્રમાં વૈતાઢય પર્વત નજીક સિંહપણે ઉત્પન્ન થશે. ત્યાંથી મરી નોળીયો થશે, ત્યાંથી બીજી નરકમાં ઉત્પન્ન થશે. એમ એક એક ભવના-જન્મના અંતરે સાતે નરકમાં એ નારકપણે ઉત્પન્ન થશે. આ પ્રમાણે આ અકખાઇ રાઠોડનો જીવ સાતે નરકે ભમી, જળચર, સ્થળચર અને ખેચર આદિ વિવિધ યોનિ-જાતિ કુળમાં પરિભ્રમણ કરતા ક્રમશ: ચઉરિન્દ્રિય, તેઇન્દ્રિય, બેઇન્દ્રિયમાં જન્મશે ત્યાંથી વળી, એકેન્દ્રિય જાતિમાં પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિકાયમાં યાને પાંચે સ્થાવરમાં પેદા થશે આ રીતે અસંખ્યાત વર્ષો સુધી ચોરાશી લક્ષ યોનિમાં પુન: પુન: પરિભ્રમણ કરી અકામનિર્જરા દ્વારા કર્મના ભારથી કંઇક હળવો થશે, આમ લઘુકર્મી થવાથી પ્રતિષ્ઠાનપુર નામના નગરમાં એક ધનાઢયને ત્યાં પુત્રપણે એ પેદા થશે, ત્યાં તેને સાધુ મહાત્માનો સમાગમ થશે અને ધર્મનો બોધ થશે. ધર્મની આરાધનાના પ્રતાપે ત્યાંથી આ આત્મા દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંના દિવ્ય સુખો ભોગવી ત્યાંથી ચ્યવી માનવ જન્મ પામી ધર્મારાધનમાં તત્પર બની થોડા જ વખતમાં આ આત્મા સિદ્ધિ સૌધમાં શાશ્વત સુખોને પ્રાપ્ત કરશે.

ગૌતમસ્વામી ભગવંતના મુખથી પોતાના પુત્ર મૃગાલોઢિયાની કહાણી સાંભળી. રાણી મૃગાવતી સ્તબ્ધ બની ગયાં.

ભગવંત ત્યાંથી પાછા ફર્યાં.

કોઇને અહીં તર્ક થશે કે પરમાત્મા જ્યાં બિરાજતા હોય ત્યાં રોગાદિ ન સંભવે. તેના જવાબમાં જણાવવાનું કે-'આ મૃગાપુત્રના નિકાચિત કર્મો હતા, અને નિકાચિત કર્મો તો ભોગવવા જ પડે. આ કથાનક કરેલા કુકર્મોના કેવા કડવા ફળ કેટકેટલા કાળ સુધી આત્માને ભોગવવા પડે છે, તે આપણને કહી જાય છે, માટે કર્મ કરતાં પહેલા વિચાર કરો, કરમને શરમ નથી, જે કરશે તેને અવશ્ય ભોગવવા પડશે. માટે જ કહ્યું છે કે,

'કડાણ કમ્માણ નત્થિ મોકખો'
કૃત કર્મ ક્ષયો નાસ્તિ.


**તમારી કિંમતી ફાઉન્ટન પેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

**હ રિ હ ર**

ફ્લ્યુડ : કિંમતી પેન માટે ઉત્તમ છે.
શાહી : લખવા માટે સુંદર છે.
ગુંદર : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.
દરેક વેપારીને ત્યાં મળશે.
એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.
બનાવનાર : **હરિહર રીસર્ચ વર્કસ**
ઠે. માંડવીપોળ. **અમદાવાદ.**

# આયુર્વેદ દષ્ટિયે માંસાહાર મીમાંસા

**વૈદરાજ શ્રી માહેશ્વર નંદલાલ રાવલ**
આયુ. ઉત્તમા : આયુર્વેદાચાર્ય - **વીરમગામ**

માંસાહાર એ દરેક દષ્ટિયે નિંદ્ય ખોરાક ગણાય છે. ધર્મ દષ્ટિયે તો તદ્દન નિદ્ય છે. છતાં તાજેતરમાં 'ગુજરાત સમાચાર' માં માંસાહારને આયુર્વેદ દષ્ટિયે ખાદ્ય તથા શ્રેષ્ઠ તરીકે પૂરવાર કરવા તેના લેખકે પ્રયત્ન કરેલ છે, જેનો આયુર્વેદશાસ્ત્રના વિદ્વાન આયુર્વેદાચાર્ય ખાસ પરિશ્રમપૂર્વક આયુર્વેદના પ્રમાણોથી માંસાહાર કઇ રીતે નિંદ્ય તથા હીનકોટિનો ખોરાક છે, તે અહિં વિસ્તારપૂર્વક સમજાવે છે. 'કલ્યાણ' માટે ખાસ તૈયાર થયેલો આ લેખ સર્વ કોઇ વાંચે, વિચારે તે માટે અમારો આગ્રહ છે. વૈદરાજશ્રીએ પરિશ્રમપૂર્વક લાગણીથી આ લેખ તૈયાર કર્યો છે, તે માટે અમે તેમનો સૌજન્યભાવ દર્શાવવાપૂર્વક લેખનો પ્રથમ હપ્તો અહિં પ્રસિદ્ધ કરીએ છીએ.

⊙

**ભા**ઇશ્રી લાભશંકર ઠાકર તા. ૨૭-૮-૬૨ ના ગુજરાત સમાચારમાં પોતાના લેખદ્વારા ઉત્તમ પોષક પદાર્થ અને આયુર્વેદે સર્વ શ્રેષ્ઠ અને પુષ્ટદાયક ખાદ્ય પદાર્થ તરીકે માંસને ગણાવે છે. આ લેખનો ગર્ભિત હેતુ એવો નીકળે છે કે, આયુર્વેદ માંસ ખાવાનું વિધાન કરે છે.

આ સામે જનતા સમક્ષ અત્રે આયુર્વેદનો સ્પષ્ટ સિદ્ધાંત રજૂ કરીએ છીએ.

૧ આયુર્વેદ કેવળ . અમુક માણસો અગર અમુક દેશ માટે નથી. એક વખત આયુર્વેદ સમગ્ર વિશ્વ ઉપર ચિકિત્સાનું એકજ મોટું શાસ્ત્ર હતું. તે વખતે જે દેશમાં અનાજનું ઉત્પાદન ઘણું જ ઓછું હોય છે અને ઔષધિઓ થતી નથી તેવા દેશના માણસો પણ બિમાર પડે ત્યારે વૈદ્ય પોતે માંસના ગુણદોષ જાણતો ન હોય તો દર્દીની ચિકિત્સા કરી શકે નહિ. કારણ કે ચિ કત્સાનો મૂળ સિદ્ધાંત છે કે '**निदानम् परिवर्जनम्**' (સુશ્રુત ઉત્તર તંત્ર. અ. ૧)

નિદાન એટલે રોગ થવાનું કારણ. એટલે રોગને ઉત્પન્ન કરનાર આહાર, વિહાર પહેલાં છોડવો જોઇએ. હવે વૈદ્ય માંસના ગુણદોષ જાણતો હોય તો જ પથ્ય, અપથ્યનું દર્દીને જ્ઞાન આપી શકે એટલા પૂરતાં જ આયુર્વેદમાં માંસના ગુણદોષ છે. માટે તો કહ્યું છે કે '**निघंटुना विनाऽवैद्यः**' અર્થાત્ ઔષધિના ગુણદોષનો જ્ઞાતા વૈદ્ય હોવો જોઇએ.

છતાં કોઈ કહે કે માંસ બૃંહણ એટલે શરીરને પુષ્ટકર્તા તો છે ને? તેના જવાબમાં જણાવવાનું કે ભગવાન ચરકે **दश इमानि बृंहणीयानि**' આ દશ પદાર્થો શરીરને જાડા કરનાર છે એમ કહ્યું છે. તેમાં દશ ઔષધિઓજ જણાવી છે. પણ માંસને જણાવેલ નથી ત્યારે પણ કલ્પના કરે કે જે તમે કહો છો એવું આયુર્વેદમાં સ્પષ્ટ લખાણ ઉપલબ્ધ થતું નથી અને માંસના ગુણદોષમાં માંસ શરીરને પુષ્ટિકર્તા છે તેનો જવાબ બહુજ સરળ છે તે નીચે મુજબ છે. આયુર્વેદ સમજનાં પહેલાં આયુર્વેદ સંસ્કૃત ભાષામાં લખાયેલો હોવાથી ભાષાનું અને વ્યાકરણનું વિશાળ જ્ઞાન આવશ્યક છે. કારણ કે આવી બાબતો ઉપર શબ્દનો પૂરો અર્થ નીકળતાં તે આપ મેળે સમજી શકાય છે કે લેવા લાયક પદાર્થ છે કે ત્યાજ્ય પદાર્થ છે. હવે માંસ શબ્દની વ્યાખ્યા જુઓ.

એક તો માંસને માંસ જ બોલાવામાં આવે છે અને તેનો બીજો ઉચ્ચાર નીચે મુજબ છે.

**माम् सः । माम्** પદ **अस्मद्** શબ્દનું ષષ્ઠીનું એક વચન છે અને બાજુપરે હલ્ **(व्यंजन) सः** છે ત્યાં વ્યાકરણ નિયમ મુજબ સંધિ થાય છે. '**मोऽनुस्वारः**' મકરાંત પદનો અનુસ્વાર થાય હલ્ (વ્યંજન) બાજુ પર હોય તો, તેથી માંસ એવો ઉચ્ચાર થયો. આવો અર્થ કેટલાક વિદ્વાનો કરે છે. તેના સમર્થનમાં નીચેનો શ્લોક 'મનુસ્મૃતિમાં છે'

**मां स भक्षयितामुत्र यस्य मांसमिहाद्म्यहम् ।**
**एतद् मांसस्य मांसत्वं प्रवदन्ति मनीषिणः॥**
( અ૦ ૫ શ્લો૦ ૫૫ )

હું અહીં જેનું માંસ ખાઉ છું **सः** તે પ્રાણિ પણ **मां** મને પરલોકમાં ખાશે આમ વિદ્વાનો માંસ શબ્દનો અર્થ કરે છે. બીજું નામ છે **क्रव्यम्** **क्लिव भये, क्लव** ધાતુ ભયના અર્થનું સૂચન

કરે છે ને તેના ઉપરથી ક્રવ્યમ્ શબ્દ બન્યો છે જેનો અર્થ થાય છે ભય ઉપજાવનાર.

હવે વિચારો કે અન્નથી પ્રસન્નતા થાય છે જ્યારે માંસથી ભય થાય છે તે હેતુથી પણ માંસ ત્યજવા યોગ્ય છે. હવે નીચેના કારણુ તપાસો તો શાસ્ત્રનું રહસ્ય સમજાશે. માંસ અને અન્ન બંને એક હોય તો માંસને અન્ન વર્ગથી જુદો લખવાની જરૂર નથી અને આયુર્વેદે માંસ વર્ગ જુદો લખ્યો છે. અધ્યાયની પૂર્તિ કરતાં ભગવાન ચરક સ્પષ્ટ પોતાનો અભિપ્રાય જણાવે છે કે '**नरं निः श्रेयसे युक्तं सात्म्यज्ञं पान भोजनैः**' અર્થાત્ માણુસ કલ્યાણકારી અને પોતાને સાત્મ્ય એટલે માફક આહાર વિહારથી રહે. (ચરક. સૂ. अ. ૨૭)

'**प्राणाः प्राणभृतामन्नम्**' અર્થાત્ દેહ ધારીઓને અન્ન પ્રાણરૂપ અને પોષણ કરનાર છે. અન્ન એ જ માણુસને પરમ ઉપયોગી છે. માંસના ગુણ લખ્યા છે એમ માની માંસનો ઉપયોગ કરવો તે નિર્મૂળ કલ્પના છે, હોય તો પણ જ્યાં અન્ન ઔષધિ નથી તે દેશ માટેજ આયુર્વેદમાં તો વિષના પણ ગુણદોષ છે છતાં વિષ શબ્દ જ એવો છે કે તેનાથી ચેતતા રહેવું. તેમ આયુર્વેદ સૂચવે છે કે તેના ખાવાથી ખેદ ઉત્પન્ન થાય. (**विष इति खेदे**)

તે ઉપરાંત સ્ત્રીઓના પણ ગુણદોષ છે, તેથી વ્યભિચાર આયુર્વેદ સૂચવતો નથી. આ સિવાય નહિ ઉપયોગી પદાર્થોના પણ ગુણદોષ છે જેમ કે ગાયનું માંસ કોઇ પણ રોગને ઉપયોગી નથી. તેમજ ત્રિદોષ કરનારૂં અને ઝાડાને કરનારૂં છે. આમ રોગને કરનારૂં હોવા છતાં તેના પણ ગુણદોષ લખ્યા છે. તેથી સાબિત થાય છે કે ગુણદોષ માટેજ વિશેષ લખાણુ છે.

તે ઉપરાંત આયુર્વેદનો મુખ્ય સિદ્ધાંત છે કે '**यस्य देशस्य यो जंतुः**' જે દેશનો અને જે પ્રકૃતિનો જે માણુસ હોય છે, તેને પોતાના કુળ પ્રમાણે અભ્યાસથી સાત્મ્ય એટલે માફક કરેલો ખોરાક જ પુષ્ટિ આપે છે. જેમ કે કેટલાક મજૂર વર્ગને ઘઉં ખાવાથી ચૂંકાય છે તે ઉપરાંત હસ્તનો બંધાકેશ થાય છે માટે શાકાહારીએ **કદી માંસાહાર કરવો નહિ**. કારણ તેની પ્રકૃતિને સાત્મ્ય નથી. સાત્મ્ય ઉપર મહાત્મા ચરકે પોતાનો સિદ્ધાંત બાંધ્યો છે. જેમ કે દેશ સાત્મ્ય, પ્રકૃતિ સાત્મ્ય વગેરે ખાસ જોવું જોઇએ. '**स्वभावतो गुरुणि त्यजेन्**।' ગમે તેવા ગુણ હોય છતાં જે પદાર્થ સ્વભાવથી ભારે હોય તેનો આયુર્વેદમાં સર્વદા ત્યાગ કરવા જણાવ્યું છે, અને તે આયુર્વેદનો અબાધિત સિદ્ધાંત છે. અડદ ઘણાં જ સારા હોવા છતાં તેનો ઘણાં રોગોમાં નિષેધ છે, તેવી જ રીતે માંસ ગરિષ્ઠ એટલે ભારે છે. તેથી પણ તે ત્યજવા યોગ્ય છે. લેખક શ્રી ઠાકર માંસને સુપાચ્ય અને હલકું ગણે છે તે આયુર્વેદના સિદ્ધાંતથી કેટલું વિરૂદ્ધ છે તે જુઓ.

૩ **अन्नादष्टगुणं पिष्टं पिष्टादष्टगुणं पयः। पयसोऽष्टगुणं मांसम्** (મદનપાળ નિઘંટુ અધ્યાય ૧૭ શ્લોક ૫૭)

તેનો અર્થ: અન્ન એટલે કણ અન્નથી લોટ પચવામાં આઠ ગણો ભારે છે. લોટથી આઠગણું દૂધ ભારે છે. દૂધથી આઠગણું માંસ ભારે છે તેથી પણ માંસ છોડવા લાયક છે, પણ દરેક બાબત આયુર્વેદના ક્રમ પ્રમાણે અને તેની લખવાની રીત જુદી હોય છે, એક પ્રકરણમાં દરેક વસ્તુનું પૂરૂં જ્ઞાન આવે નહિ. પૂર્વાપરનો પૂરો સંબંધ હોય તો જ તેનું રહસ્ય મળે. કેટલુંક સૂત્ર સ્થાનમાં કોઇ નિદાનમાં કોઈ વિષય ચિકિત્સામાં હોય, તે સમગ્ર વાંચવાથી પુરૂં રહસ્ય સમજાય.

હવે તે માટે આયુર્વેદની આજ્ઞા તપાસીએ **सत्यसंधः। परपुरुषवचन सहिष्णुः। अमर्षघ्नः। रागद्वेषहेतूनां हन्ता।**

સત્યમાં પ્રીતિવાળો, પારકા માણુસનાં વચન સહન કરે તેવો, પાપથી રહિત, રાગદ્વેષના હેતુથી રહિત. (ચરક. સૂ. સ્થા. અ. ૮)

**न कुर्यात् पापं न पापेऽपि पापी स्यात्।**

પાપ કરે નહિ અને પાપીઓનું પણ ખરાબ કરે નહિ. **सुखार्थाः सर्व भूतानाम् मताः सर्वाः प्रवृत्तय** (અષ્ટાંગ સૂ. અ. ૨) તમામ પ્રાણીઓને સુખ થાય તેવી પ્રવૃતિ કરવી.

**हिंसास्तेयान्यथाकामं पैशुन्यं परुषानृते** (અષ્ટાંગ સૂ. અ. ૨) હિંસા ન કરવી, ચોરી ન કરવી, નિષિદ્ધ કામ ન કરવું, ચાડી ન ખાવી, કઠોર ન બોલવું અને અસત્ય ન બોલવું. '**आत्मवत् सततम्**

पश्येदपिकीटपिपीलिकम्' (અષ્ટાં. સૂ. અ. ૨) કીડાઓ તેમજ કીડી જેવા પ્રાણીઓને પણ પોતાના આત્મા બરાબર સમજવા.

એક વાત એ પણ ખ્યાલમાં રાખવી જોઈએ કે આયુર્વેદની રચના ભિન્ન ભિન્ન દેશ, કાળ અને સમાજોને લક્ષમાં રાખી કરવામાં આવેલી છે. તેથી એમાં જણાવેલી વાતો બધાએ ગ્રહણ કરવા જેવી જ છે એવું નથી વસ્તુના ગુણદોષ બતાવવા એ આયુર્વેદનું કાર્ય છે. જ્યારે એમાં દર્શાવેલા ઉપાય સ્વીકારવા જેવા છે કે નહિ એ નક્કી કરવાનું કાર્ય ધર્મશાસ્ત્રોનું છે. જેમકે ચરકસંહિતાના સૂત્ર સ્થાનના ૨૭ મા અધ્યાયના ૭૩ મા શ્લોકમાં તેમજ બીજાં અનેક સ્થળોમાં તથા અષ્ટાંગ હૃદયસંહિતામાં અધ્યાય ૬ શ્લોક ૬૪ વગેરે અનેક સ્થળોમાં ગોમાંસ ખાવાના લાભો વર્ણવેલા છે તો શું એનો અર્થ એ થાય ખરો કે હિંદુ ધર્મશાસ્ત્રો ગોમાંસ ખાવાનો ઉપદેશ આપે છે? અને હિંદુ- ઓએ ગોમાંસનું ભક્ષણ કરવું જોઈએ? હરગીજ આવો અર્થ ન થઈ શકે. જે ગ્રંથકાર (અષ્ટાંગ હૃદયસંહિતા અધ્યાય ૫૦ શ્લોક ૨૨) શ્રમાદિ કારણ પ્રસંગે ગાયના દૂધને ઉત્તમોત્તમ રસાયણ તરીકે વર્ણવે તે જ ગ્રંથકાર (અધ્યાય ૬ શ્લોક ૬૩) ગાયનું માંસ ખાવાની સલાહ આપે એ તદ્દન અસંગત છે એ નાનું બાળક પણ સમજી શકે તેવી વાત છે. કારણ કે ગાયને જીવતી રાખે તો જ માણસ દૂધ હંમેશાં મેળવી શકે એટલે આવા લખાણનું તાત્પર્ય દેશ, કાળ, અને સમાજને લક્ષમાં રાખીને સમજવું જોઇએ. ભગવાન ચરકે ચિકિત્સા સ્થાનના ૧ લા અધ્યાયના ૬૦-૬૧ શ્લોકોમાં સ્પષ્ટ કહ્યું છે **नहि जीवितदानाद्धि दानदानमन्यद्विशिष्यते ॥६०॥ परो भूतद वा धर्म इति मत्वा चिकित्सया । वर्तते यः स सिद्धार्थः सुखमत्यन्तमश्नुते ॥६१॥** જીવિત દાનથી ચડિયાતું કોઈ દાન નથી માટે જીવદયા શ્રેષ્ઠ ધર્મ છે, એમ સમજીને જે વૈદ્ય ચિકિત્સામાં પ્રવૃત્તિ કરે છે તે અત્યન્ત સુખી થાય છે માટે જે દેશમાં માંસા- હાર થતોજ નથી તે તરફ રુચિ પેદા કરાવવી એ આયુર્વેદનું ઘોર અજ્ઞાન અને અપમાન છે. માટેજ અષ્ટાંગ હૃદય જેવા આયુર્વેદના મહા ગ્રંથમાં (અધ્યાય ૪૦ શ્લોક ૭૫-૭ કહેવું પડયું છે કે 'અમૃત જેવું પણ આયુર્વેદનું જ્ઞાન જ્યારે અયોગ્ય કુપાત્ર વૈદ્યના હાથમાં જાય છે ત્યારે એ ઝેર બની જાય છે માટે શાસ્ત્રનું રહસ્ય નહિ સમજતા અને કેવળ શાસ્ત્રોના શબ્દોને જ વળગી રહેતા એવા જે વૈદ્યો છે તે દુષ્ટ વૈદ્યો છે, અને યમરાજના પાશ જેવા છે. માટે એવા વૈદ્યોને ત્યજી દેવા.'

મહર્ષિ ચરકે (સૂત્રસ્થાનના ૨૭ મા અધ્યાયના ૧૭૫ મા શ્લોકમાં દારૂના પણ અનેક ગુણો વર્ણ- વીને દારૂને અમૃતની ઉપમા આપી છે અને (સૂત્ર સ્થાનના ૨૫ મા અધ્યાયમાં) થાક ઉતારવા માટે દારૂને સર્વશ્રેષ્ઠ પદાર્થ તરીકે વર્ણવ્યો છે. એટલે શું એનો અર્થ એ થાય છે કે માણસે દારૂ પણ પીવો જોઈએ? એવો અર્થ કદાપિ ન નીકળી શકે. વસ્તુના સ્વભાવો વર્ણવવા એટલું જ માત્ર ચરકનું કામ છે, એનો ભક્ષ્ય તરીકે સ્વીકાર કરવો કે કેમ એ નક્કી કરવાનું કાર્ય ધર્મશાસ્ત્રોનું છે.

અષ્ટાંગ હૃદયમાં વાજીકરણનું નિરૂપણ કરતાં પહેલાં સ્પષ્ટ જણાવ્યું છે કે સાચો માર્ગ-ધર્મ માર્ગ તો બ્રહ્મચર્ય જ છે. એટલે આયુર્વેદમાં જીવદયા ઉપર ઘણો જ ભાર મૂકેલો છે એ જોતાં જીવદયા એ જ સાચો માર્ગ છે, એ જૈન કે બૌદ્ધ ધર્મની અનિષ્ટ અસર નથી પણ એ જ શ્રેયસ્કર માર્ગ છે.

શાસ્ત્રોનાં વાક્યોને દેશ, કાળ અને સાત્મ્યનો ખ્યાલ રાખીને જ ઉપયોગમાં લેવા જોઇએ. શાસ્ત્રમાં જે જે ટૂંકાણમાં લખ્યું હોય તે બધાનું તાત્પર્ય સમજવાની પ્રથમ જરૂર છે. માણસને જે પદાર્થનું સાત્મ્ય હોય તે પદાર્થ જ તેને ખાસ માફક આવે છે, જેમ કે જેને વંશપરંપરાગત અનાજ માફક છે, તે માંસાહાર કરે તો નુકશાન જ થાય કારણ કે તે માણસ માંસાહારથી ટેવાયેલો નથી. અફીણીયા માણસો અભ્યાસ પડી ગયો હોવાથી રોજનું એક તોલો અફીણ પણ લઇ શકે છે. પણ જો બીજો માણસ તોલો અફીણ ખાય તો તરત મરી જાય માટે ભારતવર્ષની હિંદુસમાજની શાકાહારી પ્રજા જો તમારા લેખથી માંસાહાર તરફ વળે તો ધાર્મિક દૃષ્ટિએ અને શારીરિક દૃષ્ટિએ પણ એના

અનુસંધાન પાન ૮૬૨ ઉપર)

હોય પણ શાસનદૃષ્ટિ ન જ ભૂલાય. નમો લોએ સવ્વસાહૂણમ્. ન જ ભૂલાય. સાધુતા દેખે કે શીર ઝુકે, હૈયું નમે, અંતઃકરણમાં આનંદ રેલાય.

ક્ષતિ દેખે, ચોંકી ઉઠે. ગંભીરતા ધારણ કરે. ધૈર્યથી કારણ જાણી સુધારવા યોગ્ય તે પ્રયાસ કરે. ઉપેક્ષા ન જ થાય. ઉપેક્ષા કરે, આપણે શું? કરશે તે ભરશે. આવા માયકાંગલા વિચારો શ્રાવકના ન હોય. તેવી જ રીતે ઢંઢેરો પીટવા પણ ન નીકળે.

કાળ કાંઇ બગડયો નથી. આપણા મન પ્રાયઃ શાસનથી આઘા થયા છે. વેપારમાં, પ્રાપ્તિમાં, યશમાં આપણા મન શાબ્દા છે. નથી સાબ્દા માત્ર ધર્મની વાતમાં, કારણ કે ધર્મ પરાયો. સંસાર આપણો. એટલે પ્રાયઃ પૂજ્યો પણ પરાયા. અને પરાયાની વાતો પરાયી પદ્ધતિએ જ થાય ને?

થાય પચીશ ત્રીશ સુભક્તજનો તૈયાર. વધુ નહિ છ માસ માટે. સુખી પુણ્યશાળીઓનું કામ છે. હૈયે શાસન જેને વસ્યું હોય તેવા શાંત-ગંભીર અને ઉદ્દાત્ત ભાવનાથી ભરેલા.

દરેક સ્થળે વડેરાઓને મળે. પરિસ્થિતિનો ખ્યાલ આપે, ક્યાસ કાઢે, સુખ-દુઃખ, સગવડ-અગવડ સાંભળે. સાધ્ય ક્ષતિઓ દૂર કરે. આગળનું આગળ વિચારે.

વિચિત્ર ઉત્તરો પણ મળે. અકળામણ પણ નિકળે. શબ્દના સામા ઘા પણ થાય. પરસ્પરના આક્ષેપ પણ સંભવે. કારણ કે આપણે ઘણા સમયથી ફરજ ચૂકયા છીએ, પદ્ધતિઓ ભૂલ્યા છીએ. અને એકદમ, શાસન પદ્ધતિની તૈયારી વિના, હોબાળો કરવા ઉતાવળા બન્યા છીએ.

માટે જ ગંભીર, સહિષ્ણુ, શાસનરત ડાહ્યાઓની જરૂર છે. અતિ જરૂર છે. પક્ષપાત વિનાના, સર્વજ્ઞ પરમાત્માના મહાશાસનને ઓળખી હૈયે ધરનારા પુણ્યાત્માઓની આજે જરૂર છે. એમના હૈયે દાઝ છે, દર્દ છે, શકય કરી છૂટવાની તમન્ના છે. વિશિષ્ટતા માગે છે માત્ર તેવા આત્માઓને સાંકળનાર કોક મહાભાગને.

---

(અનુસંધાન પાન ૮૬૦ થી શરૂ)

આરોગ્યને પારાવાર નુકશાન જ થવાનું. મનુષ્યને કુદરતે અન્નભક્ષી તરીકે સર્જ્યો છે, માંસભક્ષી તરીકે નહિ, એટલે પરિણામે અન્નનો આહાર જ મનુષ્યને માફક આવવાનો છે.

માટે આયુર્વેદ માંસનો ઉપદેશ આપતો હશે કે નિષેધ? છતાં પણ આયુર્વેદ ચિકિત્સામાં નિવૃત્તિનો માર્ગ છે. પ્રવૃત્તિનો નહિ. તેથી પણ માંસનો ઉપયોગ વૈદ્યની સમજણ માટે છે, નહિ કે માણસને ભોજન માટે. જેવા માંસના ગુણ છે તેથી પણ સારા ગુણ બીજામાં રહેલ છે. જેમકે તલનું તેલ જાડાને પાતળો બનાવે અને પાતળાને જાડો બનાવે એટલે તલનું તેલ ઉભય ચિકિત્સા માટે લાયક છે. આવા ઘણા દાખલા છે. દા. ત. શિલાજીત-તેના ગુણદોષમાં લખેલું છે કે પૃથ્વી પર એવો સાધ્ય રોગ નથી કે જેને શિલાજીત બળાત્કારે પણ ન મટાડતો હોય. છતાં આયુર્વેદનો સિદ્ધાંત સ્થૂલ એટલે જાડા થવામાં નથી. ભગવાન ધન્વંતરીએ કહેલ છે કે-'**स्थूलात् कृशो वरः**' સ્થૂળથી દુબળો શ્રેષ્ઠ છે કારણ કે દુબળાને રોગ જલ્દી મટે છે સ્થૂલને રોગ પણ સ્થૂલ અર્થાત્ ગંભીર થાય છે, માટે જો જાડા થવું તે આયુર્વેદ સિદ્ધાંતનું અજ્ઞાન છે.

હવે નીચેના શ્લોક પરથી માંસનો નિષેધ સમજાશે.

**जलानूपभवाः सर्वे जलानूपचराश्चये ।**
**गुरुभक्ष्या गुरुतरं तेषां मांसमुदाहृतम् ॥**
(મદનપાળ નિઘંટુ અ. ૧૩ શ્લો. ૧૯)

પાણી અને આનૂપદેશ એટલે ગુજરાત જેવા દેશમાં ઉપજેલાં તેમજ પાણી એટલે કૂવા, તળાવ વગેરેમાં તેમજ આનૂપદેશ એટલે ગુજરાત જેવા દેશોમાં રહેનારાં પ્રાણીઓના માંસ **गुरुतरम्** એટલે ઘણાંજ ભારે છે માટે છોડવા યોગ્ય છે. વળી ચરકના ખાનપાનના નિયમોમાં '**ग्राम्य मांसम् निषिद्धम्**' ગામમાં રહેનારા પ્રાણીઓના માંસ નિષિદ્ધ છે. **વળી માંસથી થતો અર્બુદ અર્થાત્ કેન્સરનો ભયંકર રોગ.**

**प्रदुष्टमांसस्य नरस्य गाढमेतद् भवेद् मांसपरायण स्य ।** (માધવનિદાન, અધ્યાય ૩૮ શ્લોક ૨૩)

અર્બુદ અર્થાત્ કેન્સર ખરાબ માંસ થયેલાને થાય છે પણ તે કેન્સર માંસ ખાનારને જો થાય તો **गाठम् भवेत्** અર્થાત્ માંસાહારીને કેન્સર અસાધ્ય થાય છે. મધુકોશ ટીકાકાર આ પ્રમાણે જ અર્થ કરે છે. (ક્રમશઃ)

# દેશ અને દુનિયા

શ્રી સંજય

'કલ્યાણ'ના અનેક લોકપ્રિય વિભાગોની જેમ આ વિભાગ સર્વ કોઇ 'કલ્યાણ' પ્રેમી વાચકોને ગમી ગયો છે. આ વિભાગને નિયમિત રીતે ચાલુ રાખવા માટે અમારાપર અનેક વાચકોના પત્રો આવતા રહે છે. હવેથી 'કલ્યાણ'માં આ વિભાગ નિયમિત રહે તે માટે અમે દરેક રીતે શક્ય અવશ્ય કરીશું. સર્વ કોઇ શુભેચ્છકો અમને માર્ગદર્શન જરૂર આપે!

⊙

**ભારતની** ઉત્તર સરહદ પર ચીનનું આક્રમણ થયા પછી દેશ સમસ્તમાં યુદ્ધનું વાતાવરણ સવાર થઈને બેઠું છે. દેશની ચોમેર આજે યુદ્ધનો નાદ ગાજી રહ્યો છે. પ્રધાનોથી માંડી પટાવાળા સુધી સર્વ કોઇ ભારત પર ચીનનાં આક્રમણને ખાળવા કટિબદ્ધ બન્યા છે. પ્રારંભમાં ચીને આક્રમણ કર્યું, ત્યારે ભારતની સરહદ પર શું બની રહ્યું છે, તેની સાચી માહિતિ પ્રજાને મળતી નહતી. આજે તો બધું ચિત્ર સ્પષ્ટ બની ગયું છે કે, ભારતીય સૈન્યોએ ચીની આક્રમણની સામે ક્રમબદ્ધ પીછેહઠ કરી હતી, ને હજારો માઇલોનો વિસ્તાર છોડીને પાછા હઠવાની તેને ફરજ પડી હતી. ચીની આક્રમણ પછી યૂરોપના દેશોને સળવળાટ થયો, ને તેઓ સજાગ બન્યા, એ નક્કર હકીકત છે. આ બધું છતાં આ પ્રસંગે ભારતની આંખો સ્પષ્ટપણે ઉઘાડી નાંખી છે. આદર્શો તથા કલ્પનાઓની સૃષ્ટિમાં વિહરતા ભારતના માંધાતાઓ નક્કર હકીકતના વાતાવરણમાં આવીને ઉભા રહ્યા એ આ પ્રસંગનો બોધપાઠ છે.

યૂરોપના દેશો ભારત પ્રત્યે કેવો ભાવ દર્શાવે છે? તે જાણવા–સમજવા ભારતને આ અવસરે મલ્યું તે કરતાં ભારત દરેક દેશોની બાબતમાં જે તટસ્થ બનીને લવાદનું કાર્ય કરતું હતુ, તે ભારત દેશની બાબતમાં બીજા દેશોને માથું મારવાનો આ અવસરે શોખ પૂરો થયો. કોલંબો પરિષદ એ 'સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો' આ કહેવતનું પુનરાવર્તન છે. ભારતે કોરીયામાં, કોંગોમાં કે બીજા દેશોની બાબતમાં જે થોડું ઘણું ડહાપણ દાખવેલું તેનો વળતો ફટકો આ દેશોએ સમય જોઇને માર્યો, એટલે એશીયાના દેશોએ ભારતની બાબતમાં માથું મારીને પંચાત કરવાનો પોતાનો અધિકાર બતાવ્યો ને ચીન તથા ભારત બન્નેને યુદ્ધના સમાન ભાગીદાર બનાવ્યા. જે ખરેખર પરિસ્થિતિનું ખોટુ મૂલ્યાંકન છે. છતાં આજે ભારતને એ કડવો ઘૂંટડો મૌન રહીને નમ્ર વિરોધ દર્શાવીને ગળી જવો પડ્યો છે.

× × ×

**ને** યૂરોપના દેશો આજે ભારતને સહાય કરવા આવ્યા છે, તે બધા દેશો જાણે ભારતને સહાય કરીને મોટો પાડ કરતા હોય તેવો દેખાવ કરે છે; ખરી રીતે તો ચીનનું આક્રમણ એ પણ યૂરોપ-દેશના માંધાતાઓની એક રમત જેવું છે. ભારતદેશ દિનપ્રતિદિન સમૃદ્ધ, સ્વાશ્રયી તથા સ્વતંત્ર બનતો જાય, ને તે પણ તટસ્થ રહીને, કોઈપણ જૂથમાં ભળ્યા વિના પ્રગતિ કરતો જાય, ક્રોડોની એશીયાની પ્રજા આ રીતે પશ્ચિમના માંધાતા દેશોની સામે દરેક રીતે પ્રબળ બને તે તેમને કઇ રીતે પાલવે? યૂરોપની મુત્સદ્દી પ્રજાને મન કોઈ પણ રીતે એશીયાની પ્રજા કે એશીયાના દેશો આગળ વધે, પ્રગતિ કરે, પ્રતિષ્ઠાપાત્ર બને તે કોઇ રીતે ગમતું નથી. સેંકડો વર્ષથી યુરોપની પ્રજાએ એશીયન દેશો પર જે આધિપત્ય ભોગવ્યું છે, તે સત્તાહુંકાર તેમને કોઇ રીતે ઝંપીને બેસવા દે તેમ નથી. ચીનનું આક્રમણ દેખાવમાં ભારત પર ચીનનો હુમલો ભલે કહેવાય, પણ તેની પાછળ યૂરોપના સત્તાલોલુપ માંધાતાઓની એશીયન દેશોને પરસ્પર લડાવી મારીને બન્નેને નિર્મળ હતાશ તથા પરવશ બનાવી બન્ને પર પોતાનું વર્ચસ્વ કાયમી કરવાની રમત ન હોય?

બ્રિટન તથા અમેરિકાએ આજે ભારતને દરેક સહાય આપવાની જે તૈયારી દર્શાવી છે, તેમાં પણ તે દેશોને એક સ્વાર્થ છે, કોઈ પણ રીતે ચીનદેશ કે લાલ દેશો એશીયા ઉપર પ્રભુત્વ જમાવનારા ન બને; નહિતર યૂરોપના દેશોની દુનિયાના મોટા ભાગ પર જે પકડ છે, તે પકડને ઢીલી પડતાં વાર નહિ લાગે, ને એક વખત દુનિયા પર સામ્યાવાદની નાગચૂડ ફરી વળી પછી યુરોપના આ બધા દેશોને દુનિયામાં હેમ-ખેમપૂર્વક જીવવું પણ ભારે પડી જાય તે દૃષ્ટિએ યૂરોપના આ પશ્ચિમી દેશો ભારતને વગર શરતે દરેક રીતે શાસ્ત્રાસ્ત્રોની ભેટ ધરવા આતુર છે. તે જ રીતે આજે રશીયા પણ ભારતને મીગ વિમાનો કે અમુક પ્રકારની લડાયક શસ્ત્ર-સામગ્રી આપવા તૈયાર છે. પણ વિચારવાનું એ છે કે, આ યુદ્ધ ખેલાશે કયાં? યૂરોપ કે રશિયાને આમાં શું નુકશાન થવાનું? એશીયાની ભૂમિ પર આ યુદ્ધ ખેલાશે તો સંહાર તો એશીયાની પ્રજાનો, એ ભારત હોય કે ચીન હોય; પણ વિનાશ તો એશીયાની પ્રજાનો જ છે. યૂરોપની દુનિયામાં જ્યારે જ્યારે યુધ્ધો થયા છે. ત્યારે ત્યારે છેવટે ભયંકર વિનાશ તો એશીયાની પ્રજાનો જ થયો છે. અને યુદ્ધનું ભયંકર પરિણામ તો એશીયાના દેશોને જ ભોગવવું પડયું છે.

છેલ્લા વિશ્વવિગ્રહમાં યૂરોપના દેશો લડ્યા ઝઘડયા, પણ છેવટે અમેરિકા તથા મિત્ર રાષ્ટ્રોએ અણુબોંબ ફેંકયો જાપાનની ધરતી પર; હીરોશીમાં કે નાગાશિકા એ શહેરો એશીયાના જ હતા ને? આજે અણુ અખતરાઓ થઇ રહ્યા છે પણ તે બધું થાય છે કયાં? પેસિફીક મહાસાગર કે સહરાના રણમાં પણ એ પ્રદેશો તો એશીયાના જ ને? આ દૃષ્ટિયે આજના યુધ્ધના વાતાવરણ પરથી ઉપજતી પરિસ્થિતિનો પણ વિચાર કરવો ઘટે છે.

ચીન દેશનું ભારત પરતું આક્રમણ તદ્દન અયોગ્ય, અનધિકારનું તેમજ કેવળ સામ્રાજ્ય લાલસાનું જ દુષ્ટ પરિણામ છે. તે વિષે બે મત નથી જ! પણ આજે દેશની ચોમેર જે યુદ્ધ, યુદ્ધ તથા યુદ્ધનો નાદ ગૂંજી રહ્યો છે; યુદ્ધની ઘોષણા ગજી રહી છે, તેમાં કેટલીક વાસ્તવિક પરિસ્થિતિનો પણ અભ્યાસ કરવો આવશ્યક બને છે. કોઇના પણ પ્રદેશ પર અનધિકારપણે આક્રમણ કરવું તે કેવળ મદોદ્ધત ને ઘમંડી કાર્ય કહી શકાય. ચીન આજે વર્ષોથી ભારત સાથે મૈત્રીનો દાવો કરી, પંચશીલ સિદ્ધાંતમાં સહભાગી બનીને જે આજે ભારત પર પોતાના પાડોશી મિત્ર દેશ પર વગર વિચાર્યું આક્રમણ કરવાનું દુષ્ટ કાર્ય કરી રહ્યું છે, તે કોઇ રીતે ક્ષમ્ય ન લેખી શકાય. અલબત ભારતે આ પરિસ્થિતિમાં સ્વમાનશીલ દેશ તરીકે પોતાના પ્રદેશોની રક્ષા કરવા દરેક રીતે સજાગ રહેવું જોઇએ એ નિર્વિવાદ છે! પણ આજે દેશમાં જે રીતે વતાવરણ યુદ્ધનું ચોમેરથી ગાજી રહ્યું છે, તેમાં વિવેક તથા ઔચિત્યની જરૂર છે. ફક્ત ભાષણો, પ્રોપેગેન્ડા તથા જોરશોરના પ્રચાર કરતાં પ્રજાની નૈતિક તાકાત, હિમ્મત તેમજ ધૈર્ય અને શહનશીલતા વધે તેવાં વાતાવરણને કેળવવા માટે સજાગ રહેવું જરૂરી છે.

ભારતે આજે આ બધી વૈરવૃત્તિ તથા લડાયક માનસને ઉત્તેજીત કરવાને બદલે આધ્યાત્મિક વાતાવરણને જીવંત કરવાની પ્રથમ આવશ્યક્તા છે. આધિભૌતિક સાધનોની જરૂર આપણને રહેવાની તેમાં બે મત નથી. ચીન, પાકિસ્તાન કે કોઇ પણ દેશ સામે દેશના રક્ષણ માટે દેશની શાન ગૌરવ કે પ્રતિષ્ઠાને સાચવવા માટે કદિ યુદ્ધ અનિવાર્ય બને, ને યુદ્ધ કરવું પડે; છતાં પ્રજાનાં હૈયામાં-ભારતીય પ્રજાનાં હૈયામાં સાત્વિક્તા સભર રહેવી જોઇએ. નૈતિક શકિતનું બળ અખૂટ રહેવું જોઇએ. તેમજ દેશમાં ચોમેર પ્રામાણિકતા, સ્વાર્થત્યાગ, સંયમ, તપ, ત્યાગ, સાદાઇ અને સૌજન્યભાવનાં મંગલતત્ત્વોને પુનર્જીવન આપવું પડશે. પ્રત્યેક ભારતવાસીએ આધ્યાત્મિકતાને જીવંત રાખવા ને તે દ્વારા વિશ્વ મંગલની ઉદાત્તભાવનાને વિકસાવવી આજના વાતાવરણમાં જરૂરી છે.

× × ×

એશીયાના દેશો આજે આ રીતે પરસ્પર ઘૂરકીયા કરી રહ્યા છે. શું ચીન કે પાકીસ્તાન; કોંગો કે કાટંગા; ઇરાક કે સીરીયા; ઇજીપ્ત કે યમન; એશીયામાં ચોમેર અશાંતિની આગ ભડકે બળી રહી છે. તેમાં સર્વ કોઇ માટે શાંતિ, સમભાવ તથા

સહનશીલતાનો આદર્શ પૂરો પાડનાર ભારતદેશ આજે પોતાના જ આંગણે ચીનના આક્રમણને ખાળવા માટે યુદ્ધનો નાદ ગાઢ બનાવી રહેલ છે. એ કેવી કરમનશીબી! કોંગોનું પ્રકરણ હજુ અણઉકલ્યું આજે વર્ષો થયા રહ્યું છે. ભારતના પોતાના સૈનિકો હજારોની સંખ્યામાં આજે કોંગો અને કાટંગાની સાઠમારીમાં યુનોમાં પોતાની કામગિરી બજાવી રહેલ છે. કાટંગાના શોંબેએ હજુ નમતું આપ્યું નથી. હજારોની હિંસા થઇ રહી છે. આ રીતે એશીયામાં રક્તપાત અવિરતપણે આવાને આવા પ્રસંગોમાં ચાલતો રહ્યો છે. જ્યારે રશીયાએ ક્યુબાના પ્રસંગે અમેરિકાની સામે નમતું તોળીને યૂરોપની ધરતીપર ભાવિમાં થનારો રક્તપાત અટકાવી દીધો છે. એ પણ રશીયાની દૂર દેશીજ કહી શકાય! નહિતર ક્યુબા પ્રકરણનો ફણગો બીજા વિશ્વયુદ્ધના નગારા વગાડવાની પરિસ્થિતિમાં આવ્યો હતો. જેના પરિણામો ઘણા ગંભીર આવત! જે રીતે ક્યુબાનો પ્રશ્ન પત્યો તે રીતે ભારત તથા ચીનનો પ્રશ્ન ભારતના ગૌરવને તેની પ્રતિષ્ઠા કે તેની શાનને સ્હેજ પણ ઝાંખપ ન લાગે તે રીતે પતાવવા જો રશિયા તથા યૂરોપના માંધાતા દેશો તૈયાર થાય તો જરૂર એશીયાની ધરતી પર થનારો રક્તપાત અટકી પડે! જે સર્વ કોઇના હિત માટે ને સર્વ કોઇના સુખ માટે છે.

ભારત-ચીનનો પ્રશ્ન હવે કેવલ બે દેશો પર નથી રહ્યો. આજે કોઇ દેશ, પ્રદેશ કે જમીનનો એક તસુ ભાગ પણ એવો નથી રહ્યો કે જેની અથડામણના, જેનાં સંઘર્ષણના છાંટા દુનિયાના દેશો પર ન પડે. આજે વિશ્વનું વાતાવરણ એટલું બધું સ્ફોટક બની રહ્યું છે કે, ન્હાનામાં ન્હાની અથડામણનો પડઘો ચોમેર ગંભીર પરિણામ લાવનારો બને છે. માટે જ સર્વ કોઇ દુનિયાના ડાહ્યા દેશોએ પોતાની સલામતી ખાતર પણ વિશ્વમાં ક્યાંયે પણ ન્હાનું છમકલું થતું હોય તો તેને દરેક શક્તિયે રોકવા શક્ય કરવું જરૂરી છે, પણ તેને વધારવા માટે ને તેને ઉત્તેજિત કરવા માટે કાંઇપણ કરવું તે ખરેખર ખતરનાક છે. સર્વ કોઇ દુનિયાના ડાહ્યા દેશોને શાસનદેવ સદ્બુદ્ધિ આપે! ને સર્વ કોઇ યુદ્ધની વૃત્તિથી ને યુદ્ધનાં વાતાવરણથી દૂર રહો!

બહાર પડે છે.... બહાર પડે છે....
ઉપધાનાદિમાં પ્રભાવના માટે ખાસ ઉપયોગી

# 'આત્મઝંકાર'

[ લે. મુનિશ્રી સદ્‌ગુણવિજયજી ]

આ પુસ્તકની વિશેષતા...મુનીશ્રીની શિષ્ટ કલમથી–

(૧) આગમની કથાઓને આગમદૃષ્ટિ રાખી આધુનિક શૈલીએ ઘડતર કરેલ છે.
(૨) 'સંસ્કાર ઝરણાં' સુવાક્યો પદે પદે છે. ત્રિરંગી જેકેટ, ૧૫૦ પાના ઉપરાંત.
(૩) તત્વજ્ઞાનને લોકભોગ્ય શૈલીએ સંકલન કરેલ છે.
(૪) કાવ્યોમાં જીવનનો ઝંકાર જાગે છે, વ્યાખ્યાનોપયોગી છે.

સાતસો નકલ નોંધાઇ છે. તમારી નકલ શિઘ્ર નોંધાવો.

**નકલની કિંમત**

| નકલના | રૂ. |
|---|---|
| ૧૦૦ | ૧૦૧–૦૦ |
| ૫૦ | ૫૫–૦૦ |
| ૨૫ | ૩૦–૦૦ |
| ૧ | ૧–૫૦ |

પ્રાપ્તિસ્થાન:

*** શ્રી ધૈર્યકુમાર સી. શાહ ***

૧૦૮, કેશવજી નાઇક રોડ;
નીલાભુવન : ભાતબજાર, મુંબઇ–૯

[illegible]

અણમોલ મંત્રપ્રયોગ સંગ્રહ

શ્રી
મંત્ર સાર

કિ. રૂા. ૧/૫૦ ન. પૈ. પોસ્ટેજ ૭૫ ન. પૈ.

જેમાં

ઘંટાકર્ણ મહાવીર મંત્ર, વિધિ, સ્તુતિ સ્તોત્ર, માણિભદ્ર મંત્ર, વિધિ, છંદ લક્ષ્મિ પ્રાપ્તિ મંત્રો, ગ્રહશાંતિ મંત્ર, જાપ વિધિ, ગ્રહશાંતિ યંત્ર, મંત્રોનું મહત્વ, વગેરે

પ્રાપ્તિ માટે

શ્રી [illegible] જૈન પુસ્તક ભંડાર
[illegible]

# શંકા અને સમાધાન

પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી ચરણવિજયજી ગણિવર : મુંબઈ

**પ્રશ્નકાર રોલીયા પનાલાલ કકલચંદ**

**શં૦ :** છ આરાનું પરિવર્તન ભરતક્ષેત્રમાં જ થાય કે મહાવિદેહાદિ ક્ષેત્રોમાં પણ થાય?

**સ૦ :** અવસર્પિણી અને ઉત્સર્પિણી (પડતો-ચઢતો કાળ અને છ આરા) આ વ્યવસ્થા પાંચ ભરતક્ષેત્રોમાં અને પાંચ ઐરવત ક્ષેત્રોમાં હોય છે, મહાવિદેહ પાંચેમાં અવસર્પિણી કે ઉત્સર્પિણી કાળવ્યવસ્થા ન હોય.

**શં૦ :** શ્રી સ્થૂલભદ્રસ્વામીના દીક્ષાગુરુ આર્યસંભૂતિવિજય સ્વામી છે અને તેમના વિદ્યાગુરુ ભદ્રબાહુસ્વામી વાંચવા મલે છે. તો શું તેમના ગુરુ તે વખતે હાજર ન હતાં કે તેઓ ચૌદપૂર્વના જ્ઞાતા ન હતા?

**સ૦ :** શ્રી સંભૂતિવિજય સ્વામી સંપૂર્ણ ચૌદ પૂર્વધર ચોથા ચૌદ પૂર્વી હતા અને શ્રી સ્થૂલભદ્રસ્વામીની દીક્ષા શ્રી સંભૂતિવિજય સ્વામી પાસે થવા છતાં તેઓશ્રી વીરનિર્વાણ સં. ૧૫૬ માં દેવલોક ગયા અને ૧૬૦ થી ૧૭૦ સુધીમાં શ્રી સ્થૂલભદ્રસ્વામીજી પૂર્વનું જ્ઞાન શ્રી ભદ્રબાહુસ્વામી પાસે પામ્યા. તેમાં દશપૂર્વમાં બે વસ્તુ ઓછી અર્થ સહિત અને બાકીનાં ચાર પૂર્વો મૂલમાત્ર શ્રી ભદ્રબાહુસ્વામી પાસે ભણ્યા. વીર નિર્વાણ સં. ૧૭૦ માં શ્રી ભદ્રબાહુસ્વામીજી સ્વર્ગે પધાર્યા.

**પ્રશ્નકાર સીતાબેન મફતલાલ**

**શં૦ :** નપુંસક મોક્ષે જવાનો કોઇ દાખલો છે?

**સ૦ :** કૃત્રિમ-નપુંસક, નપુંસક મોક્ષમાં જાય છે. "गांगेय पमुहा नपुंसया सिद्धा" પાંડવોના પિતામહ દાદા ભીષ્મપિતા મોક્ષે ગયા છે. તેઓ જન્મથી નપુંસક ન હતા પરંતુ કૃત્રિમ નપુંસક હતા.

**શં૦ :** શ્રેણિક રાજા અવિરતિ હતા છતાં તેમણે જિનનામકર્મ શી રીતે બાંધ્યું?

**સ૦ :** તેમણે અરિહંત પદનું આરાધન કર્યું છે "પ્રથમપદ પૂજતો રાય શ્રેણિક પ્રથમ ભાવિચોવિસી-જિનરાજ થાશે." શ્રેણિક રાજાને પ્રભુ મહાવીરદેવનાં વચનો સાંભળવા મલ્યા પછી ઉત્તરોત્તર જિનેશ્વરદેવનાં શાસન માટે અવિહડ રાગ પ્રગટ થયો હતો અને પ્રભુ મહાવીરસ્વામી પ્રત્યે એટલી બધી ભક્તિ પ્રગટ થઇ હતી કે જો તેમને નરકાયુનો બંધ ન થયો હોત તો વખતે બધા કર્મ પણ ક્ષય થઇ જાત.

**શં૦ :** કયા કર્મના ઉદયથી જીવનને સંમૂર્ચ્છિમ જીવોમાં ઉત્પન્ન થવાનું બને છે?

**સ૦ :** પ્રબલ મિથ્યાત્વના ઉદયવાળા જીવો સ્થાવર ચતુષ્ક અને જાતિ ચતુષ્ક વગેરે કર્મો બાંધે છે, તેવા જીવો મરીને એકેન્દ્રિયાદિકમાં ઉત્પન્ન થાય છે જેઓ સંમૂર્ચ્છિમ હોય છે.

**શં૦ :** ધર્મસ્થાનોમાં પશુ-પક્ષી મરણ પામે તો શું કરવું?

**સ૦ :** તેના કલેવરને વેલામાં વેલી તકે ઉપાડી કે ઉપડાવી લેવાં જોઇએ. ઉપાશ્રયમાં મૃતક પડેલું હોય તો સ્વાધ્યાય ન કરી શકાય અને જિનાલયમાં કલેવર પડયું હોય તો પૂજા કરવી ન સુઝે.

# સમાચાર સાર

જૈન સંઘમાં તથા જૈન શાસનમાં જે કાંઇ ઉપયોગી અને અનુમોદનીય સમાચાર હોય તે આ મથાળા હેઠળ 'કલ્યાણ'માં નિયમિત રીતે પ્રસિદ્ધ થાય છે. જૈન સમાજમાં માસિક પત્ર તરીકે સમાચારો પ્રસિદ્ધ કરનાર સૌ પ્રથમ 'કલ્યાણ' માસિક છે. તમારી આસપાસ જે કાંઇ ઉપયોગી પ્રસંગો બન્યા હોય તે અમને મોકલતા રહો! તા. ૭ મી સુધી કાર્યાલયમાં આવતા સમાચારોને અમે પ્રસિદ્ધ કરી શકીશું. ટૂંકમાં પણ મુદ્દાસર સમાચારો મોકલવા સર્વ કોઇ શુભેચ્છકોને નમ્ર વિનંતિ છે.

**નવા પ્રકાશનો :** નીચેનાં પ્રકાશનો અમને અવલોકનાર્થે મળ્યા છે; જેનો અમે સાભાર સ્વીકાર કરીએ છીએ. (૧) રાજેન્દ્ર વ્યાખ્યાનાદિ–વિવિધ સંગ્રહ : સંગ્રા. સંપા. પૂ. પંન્યાસજી મ. શ્રી રાજેન્દ્રવિજયજી ગણિવર (૨) દાનાદિવિવાદ નિર્ણય (સંસ્કૃત પ્રત) : લે. ઉપર મુજબ. (૩) મહામંત્રની સાધના: લે. પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજ (૪) દિવ્ય વિભૂતિઃ લે. પૂ. મુનિરાજ શ્રી ભદ્રાનંદવિજયજી મ. (૫) શ્રવણ માધુરીઃ વ્યાખ્યાનકાર પૂ. પંન્યાસજી મ. શ્રી મહિમાપ્રભવિજયજી ગણિવર (૬) વિચાર સૌરભઃ પૂ. પંન્યાસજી મ. શ્રી પ્રવીણવિજયજી ગણિવર (૭) દર્શન શુદ્ધિ : લે. પૂ. પંન્યાસજી મ. શ્રી રંજનવિજયજી ગણિવર (૮) શ્રી દાન પ્રેમવંશ વાટિકા (અકારાદિક્રમ) : સં. પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદ વિ૦ (૯) સાધના સાહિત્ય સોસાયટી પરિચય પત્રિકા (૧૦) મુંબઇની જીવદયા મંડળી હિંસાબ અને સરવૈયા ૧૯૫૯–'૬૦ ઉપરોક્ત પ્રકાશનોનું ઉપયોગી અવલોકન હવે પછી પ્રસિદ્ધ થશે.

**અગત્યનો સુધારો :** 'કલ્યાણ' વર્ષ ૧૯-અંક ૯ ના પેજ ૬૮૧ પર પંક્તિ ૧૦ માં 'બહુ ભયંકર નહિ છતાં ટાળવી જરૂરી ત્રુટીઓ' એ રીતે બ્લેક ટાઈપોમાં હેડીંગ છપાયું છે. તે સુધારીને આ મુજબ વાંચવું. 'ટાળવી જરૂરી ત્રુટિઓ' તે અંકના ૬૮૭ પેજ પર બીજા કોલમની પંક્તિ ૪ માં જે એમ છપાયું છે કે, 'અને એકાંતવાદનો મંત્ર આપીને ઉગર્યાં.' તે સુધારીને આ મુજબ વાંચવું 'અને અનેકાંતવાદનો મંત્ર આપીને ઉગાર્યાં.' તે અંકના પેજ ૭૦૭ પર બીજા કોલમની ૧૩ મી પંક્તિમાં 'એ સંસ્કૃતિ અત્મ વિચારમાંથી' એ રીતે છપાયું છે, તે આ મુજબ વાંચવુ 'એ સંસ્કૃતિ આત્મ વિચારમાંથી' તેમજ તે અંકના ૭૦૮ પેજના પહેલા કોલમની બીજી પંક્તિમાં 'કઇ નથી ?' છપાયું છે તેમાં આ મુજબ વાંચવું 'શું ત્યાગ કરતા નથી ?' તેમજ વર્ષ ૧૯–અંક ૧૦ ના પેજ ૭૫૫ પર બીજા પેરેગ્રાફની ૬ઠી પંક્તિમાં 'એટલે ત્યારપછી અપ્રમત્ત અવસ્થા પ્રાપ્ત થાય છે! અને આ અપ્રમત્ત યોગ એટલે જ આત્માની થોડે ઘણે અંશે હિંસા' આ રીતે જે છપાયું છે, તે સુધારીને આ મુજબ વાંચવું; 'એટલે ત્યારપછી પ્રમત્ત અવસ્થા પ્રાપ્ત થાય છે, અને આ પ્રમત્ત યોગ એટલે જ આત્માની થોડે ઘણે અંશે હિંસા.' આ બધી ક્ષતિઓ દૃષ્ટિદોષ તથા પ્રેસદોષથી થઈ છે, તેને અંગે જે પૂ. મુનિવરોએ તથા શુભેચ્છક બંધુઓએ અમારૂં લક્ષ ખીંચ્યું છે, તે માટે તે સર્વનું કૃતજ્ઞભાવે અમે સૌજન્ય સ્વીકારીએ છીએ !

**અઠ્ઠમો કરાવ્યા :** જામનગર નિવાસી શેઠ ત્રિકમદાસ દામજી તરફથી જામનગરના ૬૦૦ ભાઇ બ્હેનોનો સંઘ આવેલ. તેમના તરફથી અઠ્ઠમો વદિ ૧૩–૧૪–૦)) ના ૩૦૦ ઉપરાંત કરાવાયેલ. વદિ–૧૨ ના અંતરવાયણું તથા સુદિ ૧ નું પારણું તેમજ પ્રભાવના તેમના તરફથી થયેલ. માગશર વદિ–૭થી પોષ સુદિ ૫ સુધીમાં શ્રી શંખેશ્વર તીર્થમાં દાદાની છત્રછાયામાં શ્રી ચતુર્વિધ સંઘમાં લગભગ ૭૦૦ અઠ્ઠમો ઉત્સાહપૂર્વક થયેલ.

પીંડવાડા : પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં વીસનગરવાળા શ્રી શાંતાબેન તથા તેમના સુપુત્ર ભાઇ શ્રી કીર્તિકુમારની ભાગવતી દીક્ષાનો મહોત્સવ ઉજવાયેલ માગસર વદિ ૨ ના શુભ દિવસે બન્નેયે દીક્ષા અંગીકાર કરી છે.

**ધાર્મિક પાઠશાળાની પરીક્ષા :** ભાવનગર કરચલીયાપરા જૈન પાઠશાળા, કન્યાશાળા, વડવા જૈન કન્યાશાળા–પાઠશાળા, કૃષ્ણનગર જૈન પાઠશાળા–કન્યાશાળા, શ્રી વીરવિજયજી જૈન પાઠશાળા, દશાશ્રીમાલી સુખડીયા જૈન બોર્ડીંગ તથા દાદાસાહેબ જૈન કન્યાશાળાની પરીક્ષા મૌખિક રીતે જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણાના પરીક્ષકો શ્રી વાડીલાલભાઈ શેઠ તથા પ્રભુલાલ સોમચંદ મહેતાએ તા. ૧૫ થી ૨૧–૧૨–૬૨ સુધી લીધેલ. દરેક સંસ્થાના કાર્યવાહકોની હાજરી સારી રહેતી, તે રીતે તા. ૨૨ થી ૨૫–૧૨–૬૨ સુધી ઘોઘા, રાજપરા, જશપરા, બદરપર, ત્રાપજ, તલાજા વગેરેની જૈન પાઠશાળા તથા કન્યાશાળાની ધાર્મિક પરીક્ષા મૌખિક લીધેલ. એકંદરે પરિણામ સંતોષકારક આવેલ.

**તણસા :** અત્રે ચાલતી પાર્શ્વનાથ જૈન પાઠશાળા છેલ્લા ૧૪ મહિનાથી બંધ પડેલ, તે શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી પ્રભુલાલ મહેતાની પ્રેરણાથી માગશર વદિ ૧૨ રવિવારના ફરી શરૂ કરવામાં આવી છે. પાઠશાળાના વિદ્યાર્થીઓને પ્રભાવના કરવામાં આવેલ.

**તેરવાડા :** (જી. બનાસકાંઠા) અત્રેની પાઠશાળાની પરીક્ષા શ્રી વર્ધમાન જૈનતત્ત્વ પ્રચારક વિદ્યાલયના અધ્યાપક શ્રી અમૃતલાલ શીવલાલભાઇએ લીધેલ, પરિણામ ૯૦ ટકા આવેલ. દરેક વિદ્યાર્થીઓને પ્રભાવના કરવામાં આવેલ. નાના ગામમાં ભણનારની સંખ્યા, તેમજ સંસ્કૃત અને કર્મગ્રંથનો અભ્યાસ જોઇ શિક્ષકે આનંદ વ્યક્ત કરેલ. પાઠશાળાના અભ્યાસકોમાંથી છ બ્હેનોએ દીક્ષા લીધેલ છે, અને હજુ કેટલીક બ્હેનો દીક્ષાની ભાવનાવાળા છે. અધ્યાપક શ્રી સુમતિભાઇ અમૃતલાલ પણ ઉત્સાહી છે. સંઘ તરફથી તેમને રૂા. ૨૫) નું ઇનામ આપવામાં આવેલ.

**માલારોપણ નિમિત્તે મહોત્સવ :** બિજાપુર (કર્ણાટક) ખાતે બિરાજમાન પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી શુભંકરવિજયજી ગણિવરની શુભ નિશ્રામાં ઉપધાન તપની આરાધના શરૂ થયેલ તેનો માલારોપણ મહોત્સવ કા. વદિ ૧૩ થી શરૂ થયેલ. અષ્ટાન્હિકા શાંતિસ્નાત્ર મહોત્સવ ભવ્યરીતે ઉજવાયેલ. માગશર સુદિ ૨ ના નંદીશ્વરદ્વીપની રચના સહિત પૂજા ભણાવાયેલ. માગશર સુદિ ૪ ના માલારોપણનો વરઘોડો સુંદર નીકળ્યો હતો. સુદિ ૫ ના માલારોપણની વિધિ થયેલ. બપોરના શાંતિસ્નાત્ર ભણાવાયેલ. મહોત્સવ દરમ્યાન બહારથી પધારેલ મહેમાનોની સાધર્મિક ભક્તિ સંઘ તરફથી થઇ હતી. વિધિ–વિધાનો માટે બહારગામથી ક્રિયાકારકો તથા પૂજા-ભાવના માટે સંગીતકારો આવેલ. કર્ણાટક રાજ્યના નાણામંત્રી શ્રી બી. ડી. જત્તી પૂ. મહારાજશ્રીનાં દર્શનાર્થે પધારતાં અત્રેના સંઘે તેમનું સન્માન કરીને રાષ્ટ્રીય સંરક્ષણ નિધિમાં રૂા. ૧૦ હજાર જેટલી રકમ તેમને અર્પણ કરેલ.

**દુઃખદ સ્વર્ગવાસ :** ખંભાત–ચોખાવાડામાં રહેતા ધર્માનુરાગી ક્રિયાનિષ્ઠ જૈનશાળાના આગેવાન શ્રી મનસુખલાલ બાપુભાઇ વૃદ્ધ વયે માગશર વદિ ૧ ના અવસાન પામ્યા છે. સ્વર્ગસ્થ ખૂબ ઉચ્ચ ધાર્મિક મનોવૃત્તિના તથા દૃઢ શ્રદ્ધાળુ અને ક્રિયાનિષ્ઠ ધર્માત્મા હતા. શરૂઆતમાં મુંબઇ ખાતે વ્યાપારાર્થે રહેતા હતા. બાદ લગભગ છેલ્લા ૨૬–૨૭ વર્ષથી તેઓ વ્યાપારાદિથી નિવૃત્ત થઇને ખંભાત ખાતે રહેતા હતા. તેમની ધર્મભાવના તથા શ્રદ્ધા અનુપમ હતી. શાંતિસ્નાત્રાદિ ક્રિયાઓમાં સ્વર્ગસ્થ કુશલ તથા વિધિવિધાનોમાં નિષ્ણાત હતા. સ્વર્ગસ્થનાં દુઃખદ સ્વર્ગવાસથી ખંભાત શહેરને તથા જૈનશાળાને એક ક્રિયાનિષ્ઠ ધર્મરૂચિ દૃઢશ્રદ્ધાવાન ચારિત્રશીલ આત્માની ખોટ પડી છે. સ્વર્ગસ્થના આત્માની અમે શાંતિ ઇચ્છીએ છીએ ! ને સ્વ. ના કુટુંબીજનો પર આવી પડેલી આપત્તિમાં અમે સમવેદના વ્યક્ત કરીએ છીએ ! સ્વ. ના શ્રેયાર્થે ટુંક સમયમાં જૈનશાળા ખાતે મહોત્સવ થનાર છે.

**નિર્વિઘ્ન પૂર્ણાહુતિ :** પૂ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી દર્શનશ્રીજીના શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી કિરણરેખાશ્રીજીને બે વર્ષીતપ ઉપર સતત ૨૦૦ આયંબિલની તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ થઈ છે, ને માગસર સુદિ ૭ ના સુથરી મુકામે તેમનું પારણું થયું છે।

**શંખેશ્વરજી પધાર્યા :** પૂ. પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી પલાસવા ખાતે મૌન એકાદશીની આરાધના કરી સુદિ ૧૨ ના સાંજે સપરિવાર માળેલ પધાર્યા હતા. ત્યાંથી તેઓશ્રી સુદિ ૧૩ ના આડીસર પધાર્યા હતા. વ્યાખ્યાન થયેલ. અહીં શ્રાવકોના ૨૦ ઘર જે ભક્તિભાવવાળા છે. ભગવાનશ્રી આદિશ્વરજીનું દેરાસર છે. પ્રતિમાજી ભવ્ય તથા આકર્ષક છે. અહિંથી વિહાર કરી લખપત સ્ટેશને રાત રહી કચ્છનું રણ જે લગભગ ૨ાા માઇલનું છે, તે લઇને સુદિ-૧૪ ના પીપરાળા પધાર્યા. અહિં ૮ ઘરો શ્રાવકોના છે. ન્હાનું દેરાસર છે સુદિ ૧૫ ના તેઓશ્રી સાતલપુર પધાર્યા હતા. શ્રી સંઘે સામૈયું કરેલ. વ્યાખ્યાન થયેલ. વદિ ૧ના વિહાર કરી પૂ. મહારાજશ્રી સપરિવાર વદિ-૨ ના વારાહી પધાર્યા હતા. ત્યાંથી ગોતરકા થઇને વેડ પધાર્યા હતા. સાતલપુરમાં જૈનોની વસતિ સારી છે. ભવ્ય અને ગગનચુંબી ત્રણ જિનાલયો છે. વારાહીમાં તથા વેડમાં પણ સુંદર જિનાલય છે. વેડથી વદી-૫ ના વિહાર કરી શકુ, ચંદુર થઈ વદિ-૬ ના લોલાડા પધારેલ. અહિ ભ. શ્રી શાંતિનાથજીના પ્રતિમાજી ભવ્ય અને આકર્ષક છે. લોલાડાથી વિહાર કરી વદિ-૭ ના પૂ. મહારાજશ્રી સપરિવાર શંખેશ્વરજી પધાર્યા હતા, આડીસર, પીપરાલા, સાતલપુર, વારાહી, વેડ તથા લોલાડા શ્રાવકોની ભક્તિ ભાવના સારી છે.

**ભેટ પુસ્તક માટે જાહેરાત :** 'કલ્યાણ'ના સભ્યોને ૨૦૦ પેજનું દળદાર ભેટ પુસ્તક 'નૂતન કથાગીતો' વિવેચન યુક્ત પૂ. શતાવધાની કવિકુલતિલક પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવરશ્રીની શુભપ્રેરણાથી આપવાનું નક્કિ થયેલ છે. સુંદર ગેટઅપ તથા સ્વચ્છ છાપકામ યુક્ત દ્વિરંગી જેકેટ સહિતનું આ પુસ્તક મહા સુદિ ૧૫ લગભગ તૈયાર થઇને પ્રસિદ્ધ થશે. 'કલ્યાણ'ના સભ્યોને તે પહોંચાડવાની વ્યવસ્થા અમે કરી છે. કચ્છ, સૌરાષ્ટ્ર, તથા ગૂજરાતના સભ્યોને 'કલ્યાણ'ના માનદ્ પ્રચારકો દ્વારા આ પુસ્તક પહોંચાડાશે. મુંબઈ, પુના, મહારાષ્ટ્ર, રાજસ્થાનના સભ્યોને પણ તે રીતે પહોંચાડાશે. તદુપરાંત; તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજીની યાત્રાર્થે આવતા સભ્યોને પુસ્તક હાથો હાથ મલે તે રીતે 'કલ્યાણ' ના માનદ્ પ્રચારકના હસ્તક મળશે.

**પાલીતાણા ખાતે માનદ્ પ્રચારક :** પાલીતાણા જૈન સંઘનું યાત્રાધામ છે; યાત્રાર્થે આવનાર સર્વ કોઇને 'કલ્યાણ' ને અંગે લવાજમ કે અન્ય કાંઇ ઉપયોગી વ્યવસ્થામાં અનુકૂળતા રહે, તે દૃષ્ટિએ પાલીતાણા ખાતે 'કલ્યાણ'નું લવાજમ તથા કલ્યાણ અંગેનો સઘળો વ્યવહાર આ સીરનામે રૂબરૂમાં કરવા સર્વ કોઇ 'કલ્યાણ' પ્રેમી શુભેચ્છકોને નમ્ર વિનંતિ છે. 'કલ્યાણ' ને અંગે પૂછપરછ તથા માહિતિ માટે અમારા માનદ્ પ્રચારકનો સંપર્ક સાધવો. સેવાભાવી તથા માનદ્ પ્રચારક **શ્રી દલીચંદભાઈ મગનલાલ શાહ** ઠે. આયંબિલ ભુવન મુ. **પાલીતાણા.** ભેટ પુસ્તક માટે પણ માહ સુદિ-૧૫ બાદ યાત્રાર્થે આવનાર સભ્યોએ તેમનો સંપર્ક સાધવા વિનંતિ છે.

**પોષ દસમીની યાત્રા :** ગૂજરાતના અતિપ્રાચીન અને પ્રભાવશાલી તીર્થ શ્રી શંખેશ્વરજીનો મહિમા જૈન સંઘમાં દિન-પ્રતિદિન વધતો જ જાય છે. દર વર્ષે લાખો યાત્રિકો આ તીર્થની યાત્રાયે આવે છે. દર મહિનાની પૂર્ણિમાયે યાત્રાર્થે આવનાર સેંકડો ભાવિકો છે. આ તીર્થમાં આવીને અઠ્ઠમનો તપ કરનારા સેંકડો પુણ્યવાનો છે. આ વર્ષની માગશર વદિ ૧૦ના મેળા પર લગભગ ૩ હજાર યાત્રિકો શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથની યાત્રાયે આવેલ. પૂ. સાધુ-સાધ્વીજી મ.ના ઠાણા પણ સારી સંખ્યામાં હતા. પૂ. આ. મ. શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી કનકવિજયજી

ગણિવર, પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર (બાપજી મ. ના) પૂ. પં. શ્રી રાજેન્દ્રવિજયજી ગણિવર આદિ સાધુ મુનિરાજોના લગભગ ૪૫ ઠાણા હતા. અને પૂ. સાધ્વીજી મ.ના ૧૨૫ લગભગ ઠાણા હતા. ચતુર્વિધ સંઘમાં ૩૦૦ ઉપરાંત અઠ્ઠમો થયા હતા. તપસ્વીઓના પારણા થયેલ. વદિ ૧૦ના જામનગર નિવાસી શેઠ ત્રિકમદાસ દામજી તરફથી સવારથી સાંજ સુધી નવકારશીનું જમણ થયેલ.

**આગામી અંકથી શરૂ થશે :** ગુજરાતના સુપ્રસિદ્ધ ચિંતક અને લેખક ભાઈશ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા એમ. એ. ની ચાલુ વાર્તા, તેમજ દેશ-પરદેશમાં પોતાની મનનીય ચિંતનાત્મક વિચારધારાથી સુપ્રસિદ્ધ જૈન-જૈનેતર સમાજમાં આધ્યાત્મિક તત્ત્વધારાના પ્રચારક સિદ્ધહસ્ત લેખક ભાઈ શ્રી વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલની લેખમાળા, 'કલ્યાણ'ના સુપ્રસિદ્ધ લેખક અને સચોટ શૈલીયે સુંદર આલેખનકાર ભાઇશ્રી પન્નાલાલ જ. મસાલીયાની લેખમાળા ઈત્યાદિ લેખો 'કલ્યાણ'ના આગામી અંકથી શરૂ થશે. 'કલ્યાણ' એ જૈન સંઘ તથા શાસનની માલિકીનું ધાર્મિક ટ્રસ્ટ દ્વારા સંચાલિત એક માત્ર માસિક છે; એક પાઈની પણ કમાણીના ઉદ્દેશ વિના કેવલ સેવાભાવી ધર્માનુરાગી સદ્‌ગૃહસ્થો તેનું સંચાલન કરી રહ્યા છે, આ માસિકના વિકાસ પ્રચાર માટે અને તેમાં આવતા વિવિધ વિષયસ્પર્શી સાહિત્યના વાંચન માટે સર્વ શુભેચ્છકોને અમારો વિનમ્ર આગ્રહ છે.

**જુન્નર** (મહારાષ્ટ્ર) **:** પૂ. મુનિરાજ શ્રી કૈલાસવિજયજી મહારાજ અત્રે પધારતાં મૌન એકાદશીની આરાધના સુંદર થઇ હતી. ૪૦ પૌષધો થયેલ. જૈન વિદ્યા ભુવનના વિદ્યાર્થીઓમાં પણ પૌષધો સારી સંખ્યામાં થયેલ. ઇંદોર નિવાસી શ્રી કમલાબેન તરફથી નારીયેળની અને શ્રી સંઘ તરફથી એક-એક રૂ.ની પ્રભાવના થયેલ. શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મકલ્યાણકની આરાધના પૂજ્ય મહારાજશ્રીના ઉપદેશથી એકાસણાથી થયેલ. તપસ્વીઓની સંખ્યા ૧૨૫ જેટલી હતી. ત્રણે દિવસ આંગી-પૂજા થયેલ. જુદા-જાદા ગૃહસ્થો તરફથી પૂજા ભણાવાયેલ. વિદ્યાભુવનના વિદ્યાર્થીઓની પરીક્ષા પૂ. મહારાજશ્રીએ લેતાં પરિણામ સો ટકા આવેલ. પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી સંઘમાં તપશ્ચર્યા સારી થાય છે! મહારાજશ્રીની હાલ સ્થિરતા છે.

**અહમદનગર** (મહારાષ્ટ્ર) **:** પૂ. મુનિરાજ શ્રી નેમવિજયજી મ. આદિ ઠા. ૨ નાસિક સીટીથી વિહાર કરી સિન્નર, સમશેરપુર આદિ થઇ સંગમનેર પધાર્યા હતા. સંઘની વિનંતિથી મૌન એકાદશી સુધી સ્થિરતાં થતાં તેઓશ્રીની નિશ્રામાં વાર્ષિક અષ્ટપ્રકારી પૂજાના ચઢાવા થતાં ૮૫૦ રૂ. ની ઉપજ થઈ હતી. ત્યાંથી વિહાર કરી તેઓશ્રી અહમદનગર પધારતાં શ્રી સંઘ તરફથી બેન્ડવાજા સાથે સામૈયું થયું હતું. દરરોજ વ્યાખ્યાન ચાલે છે. થોડા દિવસ તેઓશ્રીની અત્રે સ્થિરતા થશે.

**માયસોર સ્ટેટમાં આંદોલન કરો :** મહાવીર જૈન સભા-માંડવલાના પ્રધાનમંત્રી શ્રી હીરાચંદ જૈન એક નિવેદન કરતા જણાવે છે કે, 'ઘણાં વર્ષોથી પ્રયત્ન કરવા છતાં માયસોર સ્ટેટમાં મહાવીર જન્મ કલ્યાણકની રજા હજુ સુધી જાહેર થતી નથી. લગભગ ૨૦૦ તારો અને વિનંતિ પત્રો મોકલેલ છે. છતાં હજુ સુધી રજા સ્વીકારાઈ નથી, તો ખાસ કરીને માયસોર તથા બેંગલોરના જૈનોનું કર્તવ્ય છે કે ડેપ્યુટેશન રૂપમાં જઇને સ્ટેટના પ્રધાનમંડળ તથા વડા પ્રધાનને મલીને મહાવીર જન્મ કલ્યાણકની રજા જાહેર કરાવે!

**આંગણવાડા** (જી. બનાસકાંઠા) **:** અત્રે જ્ઞાનપંચમીના દિવસે શ્રુતજ્ઞાનની ભક્તિ માટે સાત વર્ષથી ગામના યુવકો સારો લાભ લે છે. આ વર્ષે ચાણસ્મા પાઠશાળાના અધ્યાપક શ્રી કનૈયાલાલ વલાણીની પ્રેરણાથી અશોક બાલમંડળના ૧૦ વિદ્યાર્થીઓને શ્રી સંઘ તરફથી બોલાવવામાં આવેલ. ભાવના તથા સંવાદોનો કાર્યક્રમ થયેલ. સંરક્ષણ ફાળા માટે પ્રેરણા થતાં ૧૦૦૧ રૂ. થયેલ. ગામમાં ઉપાશ્રય માટે વિચારણા ચાલે છે. ટુંક સમયમાં થઈ જશે. પૂ. મુનિવરો આ બાજુ વિચરે તો અનેકરીતે લાભ થવાનો સંભવ છે.

**પંચતીર્થની યાત્રાર્થે :** પૂ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી પોતાના પરિવાર સાથે ભુજથી કા. વદિ. ૬ ના વિહાર કરી કચ્છ-અબડાસાની પંચતીર્થીની યાત્રા કરી માંડવી પધાર્યા હતા. માગશર સુદિ ૧૪-૧૫ ત્યાં કરી તેઓશ્રી ભદ્રેશ્વર તીર્થની યાત્રાયે પધાર્યા હતા. પોષદશમી અંજાર કરી, ગાંધીધામ, ભચાઉ, મનફરા, આધોઈ, પલાસવા થઇ તેઓશ્રી પોષ વદિમાં શંખેશ્વરજી તીર્થની યાત્રાર્થે પધારશે.

**ખંભાતથી વિહાર :** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ પોતાના શિષ્યરત્ન પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રી ચારિત્રવિજયજી ગણિવરશ્રી આદિ પરિવારની સાથે ખંભાતથી માગશર વદિ ૪ના વિહાર કર્યો હતો. જૈન-જૈનેતર વર્ગ ઘણી મોટી સંખ્યામાં તેઓશ્રીને વળાવવા આવેલ. પૂ. મહારાજશ્રીએ ચાતુર્માસ દરમ્યાન જે જાહેર પ્રવચનોમાં જ્ઞાનગંગા વહેવડાવેલી તેનાથી જૈનેતરો ખૂબ પ્રભાવાન્વિત થયેલા. પૂ. મહારાજશ્રીએ મંગલાચરણ સંભળાવેલ. માગશર વદિ. ૧૦ ના પૂ. પાદ આચાર્યદેવશ્રી માતર પધાર્યા હતા. તેઓશ્રીનાં વંદનાર્થે માતર ખાતે ખંભાત, નડીયાદ, ખેડા, અમદાવાદ વગેરેથી સેંકડો ભાઈ-બ્હેનો આવેલ. ખેડા, બારેજા થઇ તેઓશ્રી દશાપોરવાડ સોસાયટીમાં પધાર્યા હતા. પોષ શુદિ ૧ના તેઓશ્રી અમદાવાદ ખાતે પધાર્યા હતા. તેઓશ્રીનાં પ્રવચનોમાં લોકોની મેદની અસાધારણ રહેતી હતી. તેઓશ્રી પીંડવાડા તરફ પધારનાર છે.

**તબીયત સુધારા પર છે.:** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજશ્રી સપરિવાર ખંભાત ખાતે બિરાજમાન છે. તેઓશ્રીની તબીયત વચ્ચે અસ્વસ્થ થયેલી હાલ સુધારા પર છે. આપણે ઇચ્છીએ છીએ કે, તેઓશ્રી પોતાનું શરીરસ્વાસ્થ્ય પુનઃ પૂર્વવત્ પ્રાપ્ત કરે !

**રત્નાગિરિમાં ધર્મારાધના :** મહારાષ્ટ્ર પ્રદેશમાં રત્નાગિરિ શહેર ધર્મની બાબતમાં સ્વાભાવિક રીતે પછાત રહે, છતાં મૂલ મારવાડ તખતગઢના રહેવાસી શ્રી હીરાચંદ નવાજી રત્નાગિરિમાં ધર્મ પ્રવૃત્તિઓમાં જાગૃતિ આણી રહ્યા છે, પોતે બાલબ્રહ્મચારી છે. અનેક પ્રકારની તપશ્ચર્યા તથા ધર્મારાધના તેઓ રત્નાગિરિ જેવા પ્રદેશમાં કરી રહ્યા છે. ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીના પ્રતિમાજી મંદિરમાં ધામધૂમથી પોતે બિરાજમાન કરાવેલ છે. પોતાની સ્થિતિ સાધારણ હોવા છતાંયે મંદિરનો ખર્ચ પોતે ઉઠાવી રહ્યા છે. પ્રભુના દર્શનનો લાભ જૈન-જૈનેતર વર્ગ સારી રીતે લઈ રહેલ છે. મહારાષ્ટ્રના આ પ્રદેશમાં માછલાઓની હિંસા ખૂબ થઈ રહી છે, છતાં શ્રી હીરાચંદજીની પ્રેરણાથી વરવડાગામ જ્યાં ૩૦૦ માછીમારોની વસ્તી છે, તે લોકોએ ૧૨ મહિનામાં જૈન સંવત્સરી તેમજ બીજા દિવસોમાં મલી કુલ છ દિવસોમાં માછલાઓને નહિ મારવાના અને નહિ પકડવાના નિયમો લીધા છે. આ માટે તેમણે અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી હિંસક લોકોને પ્રભાવાન્વિત બનાવ્યા. તેઓ સમગ્ર દિવસ ધર્મ પ્રવૃત્તિઓમાં વ્યતીત કરે છે. ઉદાર તથા જીવ દયાપ્રેમી તેઓ કોઈનાં પણ દુઃખને જોઇને દ્રવિત થઇ જાય છે. પરોપકારી તથા ધર્મનિષ્ઠ તેમના પરિચયથી રત્નાગિરિમાં અનેક લોકો ધર્મભાવિત બન્યા છે, તેમના નાના ભાઈશ્રી રૂપચંદજી પણ તેમને ધર્મ પ્રવૃત્તિઓમાં સહાયક બને છે.

**જાહેર થયેલું પરિણામ :** જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ પુના તરફથી છેલ્લી ૧૫ મી પરીક્ષા ૮૩ કેન્દ્રોમાં ૩૦૨૧ પરીક્ષાર્થીઓએ આપી હતી. તેનું સત્તાવાર પરિણામ પ્રસિદ્ધ થયેલ છે. પ્રદીપથી પ્રબોધિની સુધીની છ પરીક્ષાઓમાં સર્વ પ્રથમ ઉત્તીર્ણ થતા ભાગ્યશાળીઓને સંસ્થા તરફથી ચંદ્રક આપવામાં આવશે. તદુપરાંત શિષ્યવૃત્તિ અને બોનસ યોજનામાં લગભગ ૪ હજાર વહેંચવામાં આવશે. ઉત્તીર્ણ સર્વે પરીક્ષાર્થીઓને સંસ્થા અભિનંદન પાઠવે છે. સંસ્થા તરફથી સ્વતંત્ર પરિણામપૂર્તિ નામ ગુણાંક સહિત પ્રગટ કરવામાં આવી છે. જિજ્ઞાસુઓને પોષ્ટેજ સ્ટેમ્પ મોકલવાથી ભેટ મોકલવામાં આવશે.

**તબીયત સુધારા પર છે :** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની શારીરિક પ્રકૃતિ જે મહિના પહેલા અસ્વસ્થ થયેલ તે હવે સુધારા પર છે. પૂ. પાદ સૂરિદેવશ્રી હરી-ફરી

શકે છે. દેવદર્શનાદિ નિમિત્તે જઈ શકે છે. શાસનના પુણ્યપ્રભાવે તેઓશ્રીનું સ્વાસ્થ્ય સુધારા પર છે. શાસનદેવ તેઓશ્રીને દીર્ઘાયુષ્ય અને આરોગ્ય અર્પે એ પ્રાર્થના.

**'કલ્યાણ'ના માનદ્ પ્રચારકો :** 'કલ્યાણ'ની સાહિત્ય, શાસન તથા સંઘની નિઃસ્વાર્થ સેવાથી તેમજ એક પાઈની પણ કમાણીના ઉદ્દેશ વિના કેવળ શાસન પ્રત્યેના રાગથી, સુસાહિત્યનો પ્રચાર કરવાની, તેના વ્યવસ્થાપકો અને વહિવટદારોની ધગશથી દિનપ્રતિદિન 'કલ્યાણ' પ્રત્યે સર્વકોઈ વર્ગનો ચાહ અને લાગણી વધતા જ જાય છે. 'કલ્યાણ'ના પ્રચારને વેગ મળે તેમજ જેવા તેવા પ્રચારની સામે 'કલ્યાણ'ના વિકાસને વધુ વેગ મળે તે માટે 'કલ્યાણ'ના મુંબઈ ખાતે માનદ્-સેવાભાવી નવા પ્રચારકો 'કલ્યાણ'ને પ્રાપ્ત થયા છે. 'કલ્યાણ'ને અંગે તેમનો સંપર્ક સાધવા વિનંતિ છે. શ્રી મનસુખલાલ દીપચંદ શાહ ઠે. ચંપકલાલ બ્રધર્સ, ગોવીંદ ગલી, મુલજી જેઠા મારકીટ મુંબઈ-૨ (૨) શ્રી પ્રાણલાલ દેવસીભાઈ ઠે. યુનાઈટેડ મોડર્ન ફરનીચર, મહાવીર બીલ્ડીગ, માટુંગા-મુંબઈ તેમજ ખંભાત ખાતે લવાજમ ભરવા તથા 'કલ્યાણ'ને અંગે સંપર્ક સાધવા શ્રી કાંતિલાલ પાનાચંદ ઠે. ટેકરી, ખંભાત આ સિરનામે રૂબરૂ મળવા વિનંતી છે. જુના માનદ્ પ્રચારકો પણ પૂર્વવત્ 'કલ્યાણ' પ્રત્યે લાગણી ધરાવી રહ્યા છે. તેઓ તથા નવા પ્રચારકો 'કલ્યાણ'ને અંગે જે મમતા ધરાવે છે તે માટે અમે ગૌરવ અનુભવીએ છીએ.

**ભેટપુસ્તક તૈયાર થઈ રહ્યું છે:** 'કલ્યાણ'ના તારીખ ૩૧-૧-૬૩ સુધી સભ્ય તરીકે નામ નોંધાવનારને કલ્યાણ તરફથી પૂ. વિદ્વદ્વર્ય પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવર રચિત 'નૂતન કથાગીતો' નામનું દળદાર અને મનનીય આકર્ષક પુસ્તક ભેટ મળશે. એક પંથ ને દો કાજની જેમ દર મહિને 'કલ્યાણ' નિયમિત મળતું રહેવા ઉપરાંત પુસ્તક ભેટ મળશે. માટે આજે જ 'કલ્યાણ'ના સભ્ય બનીને જૈન સમાજની એક માત્ર ધાર્મિક સંસ્થા 'કલ્યાણ'ને તમે તમારો સહકાર જરૂર આપો.

**શિક્ષિકાબેનની જરૂર છે!** મૂલી (સૌરાષ્ટ્ર) ખાતે જૈન શ્વે. મૂ. પૂ. જૈન સંઘના ૪૦ ઘરો છે. ધાર્મિક અભ્યાસ કરી શકે તેવા બાળક-બાળાઓની સંખ્યા ૩૫ લગભગની છે. તેમને ધાર્મિક અભ્યાસ ને ધાર્મિક સંસ્કાર આપી શકે તેવા ઉત્સાહી શિક્ષિકાબેનની જરૂર છે. પોતાનો અનુભવ તથા પગાર લખવો. પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો કોઠારી વાડીલાલ જસરાજ ઠે. કાપડના વ્યાપારી મુ. મૂલી (વા. સુરેન્દ્રનગર) (સૌરાષ્ટ્ર)

**મારવાડમાં ધર્મ જાગૃતિ :** પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી સુદર્શનવિજયજી ગણિવરશ્રી વાલીના ચાતુર્માસમાં અનેકરીતે શાસનપ્રભાવનાના કાર્યો કરી સપરિવાર પોષ વદિ-(ગુજરાતી માગ. વદિ) ૫ ના વિહાર કરી વરકાણા તરફ પધાર્યા હતા. વાલી સંઘની ફરી પધારવા માટેની આગ્રહભરી વિનંતિ થઈ હતી. પૂ. મહારાજશ્રી બીજેવા બે દિવસની સ્થિરતા કરી, બીજેવા થઈને વરકાણા પધાર્યા. અહિં આ દિવસે પૂજા, સાધાર્મિક ભક્તિ આદિ થયેલ. પોષદશમીના મેલા પર અનેક ગામોના ભાઈ-બ્હેનો યાત્રાર્થે આવેલ હતા. દાદાઈ, ધાણેરાવ, રાણીગામ, વાલી વગેરે ગામોના સંઘોની વિનંતિ હતી. પૂ. મહારાજશ્રી વાલી સંઘની વિનંતિથી વાલી તરફ પધાર્યાં. રાણીગામ, રાણી સ્ટેશન વગેરે ગામોમાં વ્યાખ્યાન વાણીનો લાભ આપતા વાલી પધાર્યાં હતા. વાલીથી પોષ સુદિ બીજનો વિહાર કરીને સેવાડી પધાર્યાં હતા. દરરોજ અહિં વ્યાખ્યાન થાય છે. સંઘના આગ્રહથી થોડા દિવસની સ્થિરતા કરી તેઓશ્રી પીંડવાડા પધારશે.

**પાટણ તરફ પધારશે :** પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવર શ્રી પોતાના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી આદિ પરિવાર સાથે શંખેશ્વરજી તીર્થની યાત્રાર્થે પધાર્યા છે. અહિં તેઓશ્રીએ તથા તેઓશ્રીના શિષ્યપરિવારે અઠ્ઠમોની તપશ્ચર્યા કરેલ. તે નિમિત્તે જુદા-જુદા ભાવિકો તરફથી પૂજા, તથા ભારે આંગીઓ શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથદાદાને રચાઈ હતી. તેઓશ્રી પોષ સુદિ ૧૫ બાદ સરીયદ થઈ પાટણ તરફ પધારશે. ને ત્યાં કેટલાક દિવસની સ્થિરતા કરશે.

**મુંબઈ બાજુ પધારશે :** પૂ. પાદ આચાર્ય મ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજા પોતાના પટ્ટપ્રભાવક પૂ. પાદ આચાર્ય મ. શ્રી દેવેંદ્રસાગરજી મહારાજ આદિ ઠા. ૯ સાથે ઇંદોરથી વિહાર કરી ભોપાવર તીર્થે પધાર્યા હતા. અહિં શ્રી મગનલાલજી રતનલાલજી તરફથી શાંતિસ્નાત્ર મહોત્સવ ઉજવાયેલ. ત્યાંથી પૂ. પાદ આચાર્યદેવશ્રી સપરિવાર રાજગઢ પધાર્યા છે. શ્રી સંઘ તરફથી ભવ્ય સામૈયું થયેલ. પૂ. પાદ આચાર્યદેવ શ્રી પરિવાર સહ અહિંથી વિહાર કરી દાહોદ, ગોધરા, ડભોઈ, ઝધડીયાજી થઈને સુરત પધારશે. ત્યાંથી તેઓશ્રીની તબીયતના કારણે મુંબઈ જવાની ભાવના છે, એટલે મુંબઈ બાજુ તેઓશ્રી પધારશે. તેઓશ્રી વિહારમાં હોવાથી પત્રવ્યવહારનું સરનામું C/o. શા. પાનાચંદ સાકરચંદ મદ્રાસી ઠે. ગોપીપુરા, કાયસ્થ મહોલ્લો, સુરત.

**મૂલી :** પૂ. મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજ બગડીયાથી વિહાર કરી અત્રે પધારતાં તેઓશ્રીની નિશ્રામાં પોષ દશમીની સુંદર આરાધના થઇ હતી. પૂજા, પ્રભાવના તથા સુંદર અંગરચના થયેલ. પૂ. સાધ્વીજી શ્રી લાવણ્યશ્રીજી ઠા. ૫ પધારતાં ચતુર્વિધ સંઘનું સુંદર મિલન થયેલ.

**સુરતથી વિહાર :** પૂ. પં. મ. શ્રી જયંતવિજયજી ગણિવર તથા પૂ. મુનિરાજ શ્રી યતીંદ્રવિજયજી મ. (વ્યા. સા. તીર્થ) આદિનું ચાતુર્માસ પરિવર્તન સુરત નવાપુરા ખાતે લાકડાવાલા સૌભાગ્યચંદ વાડીલાલને ત્યાં ધામધૂમથી થયેલ. દેશના બાદ પ્રભાવના થયેલ. પટ્ટના દર્શને સંઘ સાથે ગયેલ. પૂ. મહારાજશ્રી ડુમસ દર્શનાર્થે પધારતાં ૮૦૦ થી ૯૦૦ ભાઇ-બહેનો આવેલ. ત્યાં પૂજા, સંઘ જમણ થયેલ. પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ માગશર વદિ ૪-શનિવારે વિહાર કરેલ ત્યારે મોટો માનવસમૂહ તેમને વળાવવા આવેલ. પૂ. મુનિરાજ શ્રી યતીંદ્રવિજયજી મહારાજે મંગલદેશના આપેલ. ત્યારબાદ ચોકસી હીરાલાલ છગનલાલની વિનંતિથી તેમના બંગલે પધાર્યા હતા. ત્યાં શહેરમાંથી મોટો સમુદાય વંદનાર્થે આવેલ. ઝધડીયા તીર્થે માગશર વદિ ૧૦ના પધારતાં ને અઠવાડીયાની સ્થિરતા દરમ્યાન સુરતથી આગેવાન ગૃહસ્થો વંદનાર્થે આવેલ. પો. સુદિ ૧ના વિહાર કરી પો. સુદિ ૫ લગભગ મહારાજશ્રી ડભોઇ પધારવા વકી છે.

**ભદ્રેશ્વરજી તીર્થની મુલાકાતે :** ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી જીવરાજભાઇ મહેતા કચ્છદેશના મહાન પ્રભાવિક શ્રી ભદ્રેશ્વર તીર્થે પધારતાં શ્રીમતી મણીબ્હેન હીરાલાલ ભુલાણીએ તેમનું ફુલહારથી સ્વાગત કરેલ. ત્યારબાદ હાજર રહેલ ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટીઓ શ્રી મોતીલાલ ગોપાલજી, હીરાલાલ ભુલાણી વગેરેએ તેમનું સ્વાગત કરેલ. ત્યારબાદ વડાપ્રધાને જિનાલયનું નિરક્ષણ કરેલ. ત્યાંની વ્યવસ્થા પ્રત્યે તથા યાત્રાધામ પ્રત્યે પોતાનો ખૂબ સંતોષ વ્યક્ત કરેલ. અને આવા મહાન તીર્થની મુલાકાતની તક મલી તે બદલ તેમણે પોતાનો હર્ષ વ્યક્ત કરેલ, ત્યારબાદ અલ્પાહાર બાદ ભોજનશાલાની મુલાકાત લઈ તેઓ વિદાય થયા હતા.

**૫૦૦ આયંબિલની તપશ્ચર્યા :** પૂ. પંન્યાસજી મ. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર (બાપજી મ. ના) શ્રીની શુભ નિશ્રામાં વાવ (જી. બનાસકાંઠા) ખાતે પૂ. આ. મ. શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ. ના સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી ન્યાયશ્રીજીના શિષ્યા પૂ. તપસ્વી સાધ્વીજી શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી તથા પૂ. તપસ્વી સાધ્વીજી શ્રી ઇંદ્રયશાશ્રીજીના ૫૦૦ આયંબિલોની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નિમિત્તે ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ માગશર સુદિ ૩ થી શરૂ થયેલ. સિદ્ધચક્ર બૃહત્પૂજન વાસરડા નિવાસી સંઘવી ગગલદાસ સરૂપચંદ તરફથી તથા શાંતિસ્નાત્ર વાવ નિવાસી દોશી ચીમનલાલ ભાઇચંદ તથા શા. પરશોતમ નથુભાઇ તરફથી થયેલ. મહોત્સવમાં પૂજા, આંગીઓ વિવિધ પ્રકારે થતી હતી. વિધિવિધાન માટે અમદાવાદ નિવાસી શેઠ જશભાઈ લાલભાઈ, રમણભાઇ, બાબુભાઇ

વગેરે આવેલ. સાધર્મિક વાત્સલ્ય નીચે મુજબ ૧૦ જણ તરફથી ૧૦ થયેલ. વાસરડા નિવાસી સંઘવી ગગલદાસ સરૂપચંદ, ૨ સંઘવી સરૂપચંદ મગનલાલ, ૩ સંઘવી વલમચંદ તલકસી, ૪ વાવ નિવાસી શેઠ નરશીંગભાઈ વસ્તાચંદ, ૫ દોશી કેવલચંદ રામાણી, ૬ શેઠ હકમચંદ દેવરાજ, ૭ કાણોઠી નિવાસી મહેતા અમુલખ જગશી, ૮ આછુઆ નિવાસી મહેતા ત્રિભોવન ચતુર, ૯ આલસણ નિવાસી દોશી માણેકચંદ પીતાંબર, ૧૦ શ્રી વાવ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ. માગશર સુદિ ૧૦ ના જળયાત્રાનો ભવ્ય વરઘોડો ચાંદીના રથમાં નીકળેલ. સુદિ ૧૧ ના દિવસે શાંતિસ્નાત્રની પૂર્ણાહુતિ પછી સાંજે ૪ા વાગ્યે અધિષ્ઠાયક દેવોના ચમત્કારથી શ્રી અજિતનાથ પ્રભુને તથા દરેક પ્રભુજીને ગભારામાં તેમજ પ્રદક્ષિણામાં બે કલાક સુધી અમી ઝરેલ. અત્રેના શ્રી અજિત જિન બેંડ મંડળે પૂજા, ભાવનામાં રસપૂર્વક લાભ લીધેલ. બેંડ મંડળ તરફથી અમરકુમારનો સંવાદ ભજવાયેલ. દેવદ્રવ્યની ઉપજ સારી થઈ છે. બહારગામના મહેમાનો માટે સંઘ તરફથી આઠે દિવસે રસોડું રાખવામાં આવેલ.

**ચંડીસર :** પૂ. પાદ આચાર્યદેવ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. આદિ પાલણપુરથી વિહાર કરી મલાણા, ભૂતેડી થઇને અત્રે પધારતાં તેમજ પૂ. સાધ્વીજી શ્રી ભાનુશ્રીજી આદિ ગઢથી અત્રે પધારતાં સંઘમાં અનેરો ઉત્સાહ આવેલ. પૂ. આચાર્યદેવશ્રીના શુભ ઉપદેશથી અત્રે ધાર્મિક પાઠશાળા માટે પંચવર્ષિય યોજના કરી ફંડ કરવામાં આવેલ છે. યોગ્ય શિક્ષિકા મલવાથી પાઠશાળા તરત જ ચાલુ કરવામાં આવશે. પૂ. સાધ્વીજીશ્રી અત્રેથી ભીલડીયાજી તરફ પધાર્યા છે. પૂ. પાદ આચાર્ય મહારાજશ્રી અત્રેથી ગઢ તરફ પધાર્યા છે.

**શિક્ષિકાની જરૂર છે :** ધાર્મિક પાઠશાળા માટે શિક્ષિકાની જરૂર છે. લખો સોમાણી પોપટલાલ નવલચંદ મુ. સ્ટે. ચંડીસર (જી. બનાસકાંઠા) તે જ રીતે બીજી જગ્યાયે પણ ધાર્મિક પાઠશાળા માટે શિક્ષિકાની જરૂર છે લખો : પેથાણી ઉત્તમલાલ ચેલજીભાઈ મુ. ગઢ (જી. બનાસકાંઠા)

**પુના સીટી :** પૂ. આ. મ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તી પૂ. સાધ્વીજી શ્રી સુમંગલાશ્રીજી આદિનું ચાતુર્માસ અત્રે થયેલ. તે દરમ્યાન અનેકવિધ તપશ્ચર્યા થયેલ. ચાતુર્માસ બાદ નૂતન પ્રતિમાજીઓને ચક્ષુ-ટીકાદિ કરાવ્યા. તેમજ દેરાસરજીમાં ચંદરવા-પુંઠીયાની આવશ્યકતા જણાતાં તેમના ઉપદેશથી ૨૭ છોડો તૈયાર થયા. તે છોડો દેરાસરમાં પંચાન્હિકા મહોત્સવપૂર્વક પધરાવવામાં આવ્યા હતા. પૂ. સાધ્વીજી મ.શ્રીના ચાતુર્માસથી શ્રી સંઘમાં સારી જાગૃતિ આવી છે. તેઓશ્રી શ્રી સિદ્ધિક્ષેત્રની યાત્રાર્થે મુંબઇ તરફ વિહાર કરી પધાર્યા છે.

**મોરબી :** પૂ. પંન્યાસજી મ. શ્રી મહિમાપ્રભવિજયજી મ. આદિ ઠા. ૩ના ચાતુર્માસથી શ્રી સંઘમાં જાગૃતિ સારી આવેલ. શ્રી સંઘની વિનંતિથી મૌન-એકાદશી સુધી રોકાઇ તેઓશ્રીએ કચ્છ-ભદ્રેશ્વરજી તરફ વિહાર કરી પધારવાના હોવાથી મોરબીથી વિહાર કરી પીપલી પધાર્યા હતા. પૂ. મહારાજશ્રીની સાથે ૨૫૦ માણસો પગપાળા ગયેલ. ત્યાં ૫૦૦ લગભગ માણસો આવેલ. શ્રી સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. ત્યાંથી બેલા પધારતાં ત્યાં પણ મોરબીથી લોકો દર્શનાર્થે ગયેલ. તેઓશ્રી ત્યાંથી રંગપુર, જેતપુર, ખાખરેચી, વેણાસર થઇને રણ ઉતરીને કચ્છમાં પધાર્યા છે.

**જામનગર :** (શાન્તિભુવન) ખાતે ચાતુર્માસાર્થે બીરાજેલા પં. શ્રી ભુવનવિજયજી ગણિવર તથા તેમના શિષ્ય મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ. પોષ શુદ ૪ ને રવિવારે પ્રયાણ કરીને ધુંવાવ ગામે પધારતા શાન્તિભુવન જૈન સંઘ તરફથી સાધર્મીક વાત્સલ્ય (વરાપણું) કરવામાં આવેલ. આશરે ૫૦૦ થી ૭૦૦ ભાઈ-બ્હેનોની સંખ્યા દર્શનાર્થે આવેલ. મહારાજશ્રી અલીયાબાડાથી ધ્રોલ, લતીપુર, ટંકારા થઇને મોરબી તરફ પધારવા વકી છે.

**કોન્ફરન્સનું અધિવેશન** : જૈન શ્વે. કોન્ફરન્સનું ૨૨ મું અધિવેશન તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિવરની છાયામાં તા. ૨૬-૨૭ જાન્યુ. શનિ-રવિવારના ભરાશે તેમ કો.નાં માનદ્‌મંત્રીઓ એક નિવેદનમાં જણાવે છે.

**ઇનામોની વહેંચણી** : શ્રી વર્ધમાન જૈન પાઠશાળા-મુંબઈના ઉપક્રમે પાઠશાળામાં સેવાભાવથી શિક્ષણ આપતા વર્ગશિક્ષક ભાઇબ્હેનોને ઇનામો આપવાનો એક સમારંભ તા. ૧-૧-૬૩ના યોજાયો હતો. તે પ્રસંગે શેઠ બાલચંદ છગનલાલ વખારીયાના શુભ હસ્તે ૩૦૦ રૂ. ના ઇનામો અપાયા હતા.

**માંડવી** : (કચ્છ) મા. વદ ૧૦ના મણીલાલ હંસરાજ તરફથી બસો આશરે આયંબિલ થયેલ તથા પૂજા ભણાવાયેલ. અંગરચના થયેલ પોસી દસમના પૂજ મહાદેવ દેવરાજ તરફથી પૂજા ભણાવાયેલ પાંચ પૈસાની પ્રભાવના થયેલ. તા. ૩૦-૧૨-૬૨ ના શ્રી હીરાલાલ સાકરચંદ ભુલાણીની વાડીએ મહાવીર બાળ વ્યાયામ શાળાના વિદ્યાર્થીઓએ પર્યટન યોજેલ. સવારના વિશ્વશાંતી નીમિત્તે જાપ જપાયેલ. બપોરના મહારાજ શ્રી પુનમચંદજીનું પ્રવચન થયેલ. અને સાંજના વ્યાયામ વીરોએ વ્યાયામના આકર્ષક પ્રયોગ રજુ કરેલ સાંજના સાધર્મિક ભક્તિ નીમીત્તે શેઠ શ્રી ભુલાણી તરફથી જમવાની વ્યવસ્થા કરાયેલ.

**મુંદરા** : અહીંની શેઠ આર. ડી. હાઈસ્કુલની કાર્યવાહક સમિતીની તારીખ ૨૩-૧૨-'૬૨ ની સભાએ સંસ્થાના માનદ્‌ ખજાનચી શ્રી નવિનચંદ્ર મગનલાલ શાહ તરફથી પોતે હવે ધંધાર્થે ભુજ રહેતા હોવાના કારણે આવેલ રાજીનામું સર્વાનુમતે મંજુર કરતાં આજ દિવસ સુધી કરેલ કામગીરી બદલ આભાર માનવામાં આવ્યો હતો; તેમની ખાલી પડેલ જગ્યા ઉપર મુંદરાના રહીશ શ્રી હરિલાલ વેલજી મહેતાને સર્વાનુમતે ચુંટવામાં આવેલ.

## ધન્યવાદ
## ભાઇશ્રી ભરતકુમાર વર્ધમાન ઝવેરી



જેઓએ વીરમગામમાં ૧૧ વર્ષની બાલ્ય વયમાં મહામંગલકારી શ્રી ઉપધાન તપની ભવ્ય આરાધના નિર્વિઘ્ને પૂર્ણ કરી છે. શ્રી સંઘમાં તથા તપસ્વીઓમાં ખૂબ જ ઉત્સાહ પ્રગટ થયેલ.

**ભાયખલાના વર્તમાન** : પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં ઉપધાન તપની સુંદર આરાધના થઇ રહી છે. ૨૩૫ ભાઈ-બ્હેનો ઉપધાન તપમાં જોડાયા હતા જેમાં-૧૧૫ ભાઈ બ્હેનોને માળ-પરિધાન હોઈ પોષ વદ ૧૦ થી અઠાઇ મહોત્સવ શરૂ થશે અને મહા સુદ ૨ ના માળારોપણ થશે. તા. ૫-૧-૬૩ ના ખારવાળા શેઠ વાડીભાઈ તરફથી ચીમનલાલના સ્વર્ગવાસ નિમિત્તે ભારે પૂજા ભણાવાઇ હતી. શ્રી શાંતિલાલ શાહે ઠીક રસ જમાવ્યો હતો. તા. ૬-૧-૬૩ ની સવારે પૂ. આચાર્યદેવની પુણ્યનિશ્રામાં અતીત ભવોના પુદ્ગલ વોસરાવવાની ક્રિયા થતાં સેંકડો સ્ત્રી પુરૂષોએ ખૂબજ ઉલ્લાસપૂર્વક ક્રિયા કરી હતી. બપોરે વ્યાખ્યાન થતાં માનવમહેરામણ ખૂબજ ઉમટયો હતો. આનંદ મંગળ વર્તાઇ રહ્યો છે.

# આ જરૂર વાંચો ! ને વિચારો !

'કલ્યાણ' માસિક કેવલ જૈન શાસનની સેવા કાજે, તથા ધર્મશ્રદ્ધા, સંસ્કાર, શિક્ષણ, સંસ્કૃતિ તેમજ સાહિત્યના પ્રચારના ઉદ્દેશથી આજે લગભગ ૧૯-૧૯ વર્ષથી પ્રસિદ્ધ થઇ રહ્યું છે. તેની વ્યવસ્થા, તથા વહિવટ ધાર્મિક ટ્રસ્ટના ધોરણે ચાલે છે. એક પાઇની પણ કમાણી કરવાનો તેનો ઉદ્દેશ નથી. જૈન સંઘની માલિકીનું આ માસિક કેવલ સેવાભાવી તથા ધર્માનુરાગી સદ્‌ગૃહસ્થોની દેખરેખ નીચે આજે એકસરખી રીતે ચાલી રહ્યું છે

* *

**ગમે તેવા વાતાવરણની વચ્ચે કે જોશભેર પ્રચારની વચ્ચે પણ કેવલ મૂકપણે શાસન સેવા બજાવતા આ માસિકને સહકાર આપવાની સહુ કોઇની ફરજ છે. 'કલ્યાણ' ના સભ્ય બનીને-છેવટે વાર્ષિક ગ્રાહક બનીને તમે 'કલ્યાણ' દ્વારા થતી નિઃસ્વાર્થ શાસન સેવાને સહાયક બની શકો છો.**

* *

રૂા. ૧૧ ભરી છેવટે દ્વિવર્ષિય સભ્ય થનારને પણ બે વર્ષ સુધી નિયમિત દર મહિને લગભગ ૧૦ ફોર્માનું મનનીય વાંચન આપતો દળદાર અંક ઘેર બેઠા મલે છે, અને તા. ૩૧-૧-૬૩ સુધી સભ્ય થનારને શતાવધાની કવિકુલતિલક પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવરશ્રીની શુભ પ્રેરણાથી તેઓશ્રીની નવી કૃતિ 'નૂતન કથાગીતો'નું લગભગ ૨૦૦ પેજનું દળદાર પુસ્તક ભેટ મલશે.

માટે ભેટ પુસ્તક મેળવવા આજે જ 'કલ્યાણ' ના સભ્ય તરીકે તમારૂં નામ નોંધાવો. ભેટ પુસ્તક પ્રેસમાં તૈયાર થઇ રહ્યું છે. ટુંક સમયમાં સુંદર ગેટઅપ તથા આકર્ષક છાપ કામ સાથે તૈયાર થઇને બહાર પડશે.

**એટલું યાદ રાખો 'કલ્યાણ' કોઇ વ્યકિતનું નથી. જૈન શાસન, જૈન સંઘ તથા જૈન માત્રનું છે. એટલે જ 'કલ્યાણ'ના વિકાસમાં તમે તમારો સહકાર જરૂર આપશો!**

નિવેદકઃ **શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ**

**વઢવાણ શહેર : (સૌરાષ્ટ્ર)**

KALYAN REGD. NO. G. 128

શ્રદ્ધા, સંસ્કાર, શિક્ષણ તથા સાહિત્યનું સંદેશવાહક

# કલ્યાણ

જૈન સમાજનું સર્વશ્રેષ્ઠ માસિક છે.

'કલ્યાણ'નો પ્રચાર જેમ વધુ થાય તેમ તે સુંદર તથા સમૃદ્ધ વાંચન દિન-પ્રતિદિન વિશેષરીતે આપી શકે તે માટે તેના આપ્ત મંડળની યોજના તથા માનદ સંરક્ષકની યોજના કરેલી છે: જે નીચે પ્રમાણે છે;

રૂા. ૧૦૦૧ આપનાર માનદ આજીવન (પ્રથમ વર્ગ) સંરક્ષક સભ્ય
રૂા. ૫૦૧ આપનાર માનદ આજીવન (દ્વિતીય વર્ગ) સંરક્ષક સભ્ય
રૂા. ૨૦૧ આપનાર આજીવન (પ્રથમ વર્ગ) સહાયક સભ્ય
રૂા. ૧૦૧ આપનાર આજીવન (દ્વિતીય વર્ગ) સહાયક સભ્ય
રૂા. ૫૧ આપનાર દશવર્ષીય સહાયક સભ્ય
રૂા. ૨૫ આપનાર પંચવર્ષીય સહાયક સભ્ય
રૂા. ૧૧ આપનાર દ્વિવર્ષીય સહાયક સભ્ય

આપ આમાંથી કોઇપણ વર્ગમાં સભ્ય થઈને 'કલ્યાણ'ને આપનો અમૂલ્ય સહકાર આપશો! તેવી વિનંતિ છે.

શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર : વઢવાણ શહેર.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : કીરચંદ જગજીવન શેઠ : મુદ્રણસ્થાન : શ્રી જશવતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ માટે વઢવાણ શહેરથી પ્રકાશિત કર્યું.